કુમાર

સંસ્થાપક : સ્વ. રવિશંકર મ. રાવળ

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

વર્ષ ૬૫મું · ઑક્ટોબર · ૧૯૯૨ · સળંગ અંક ૭૭૭




તંત્રી

ધીરુ પરીખ

સંપાદક

બિહારીલાલ ટાંક

વૃષભ • શિલ્પ : સ્વ. બી. વિઠ્ઠલ



કમલાસના લક્ષ્મી • કોચીનમાં મટ્ટનચેરીના રાજપ્રાસાદમાંનું ૧૮મી સદીની આખરનું એક ભીંતચિત્ર

સુખદુઃખ

'મુબારક હજો નવું વરસ !' 'સાલ આ બેસતી
દિયો અધિક સૌખ્ય રિદ્ધિ સકુટુંબને કીરતી !'

ગળ્યાં વચન રૂઢ પોપટ જીભે સહુ ઊચરે,
હું યે સ્મિત સહે સહુ, વિનયી વાળું છું ઉત્તરે.
ઘડીક વળી ગોઠડી કરી રહું કૃતક ઉમળકે.

પછી સઉ સિધાવતાં વિરમું એકલો હીંચકે,
ચિરૂટ સૂત ધૂમ્રગોટ સહ ધૂણતું મસ્તકે.
વધે કદમ હીંચકો, કદમ તે જ પાછો ગણે,
વિચાર પણ ગૂંછળે વધી હઠી રહે ઝૂલણે.

સદા હલત તો ય ઈંચ નવ હીંચકો ચાલતો,
ચિરૂટ જળતી થકી ફક્ત ધૂમ્ર જરી સેલતો.
દીસે જ મગજે ચિરૂટ સમ હીંચકા શું થતું,
રહે ચલ રહે જળંત, પણ માંય હાંફ્યે જતું,
યથા શુનક માર્ગમાં, ન નીરખંત ના ઊંઘતું.

બળવંતરાય ઠાકોર

આજનું અર્થશાસ્ત્ર

આજનું અર્થશાસ્ત્ર સંપત્તિનો વિચાર કરે ત્યારે ઉપયુક્તતા અને વિક્રેયતા (value and price)નો વિચાર કરે છે. પણ તેમાં વિક્રેયતા (એટલે કે જેને ક્રયમૂલ્ય છે તે) સંપત્તિ છે પણ ઉપયુક્તતા (ઉપયોગિતા) એ સંપત્તિનો વિષય નથી.

ઔદાર્ય ઉપયુક્ત છે પણ તે સંપત્તિ નથી એનું કારણ ઔદાર્યને ક્રયમૂલ્ય નથી. વિનય માણસની શોભા વધારે છે પણ વિનયે ક્રયમૂલ્ય નથી તેથી તે સંપત્તિ નથી. માણસ પાસે શ્રદ્ધા હોવી જોઈએ. જીવનમાં હું મક્કમતાથી ઊભો રહીશ, હું જોઈશ, હું કરી દેખાડીશ, હું કરીશ જ - આ જીવંતપણું છે. (This is life.) શ્રદ્ધા જીવનની શોભા છે. "કોને ખબર - મારાથી ફલાણું થાય કે નહિ ? થશે તો જોઈશું" - આમાં પૌરુષ (Human Spirit) નથી. થાય કે ન થાય એ જુદી વાત છે, પણ હું કરીશ જ, આવી ખોપરીની ખુમારી હોવી જોઈએ. કૃષ્ણ ભગવાન કહે છે કે, 'તું નિષ્કામ કર્મયોગ કર - ટકટક કરે છે શા માટે ? થવું કેટલું કે ફળ મળ્યું કેટલું તે વિચાર ન કર. આપણને તો આજે જ ડર લાગે છે કે મહેનત કરશું અને ફળ ન મળે તો ?'

'જેને ક્રયમૂલ્ય છે તે જ સંપત્તિ' આ વિચારધારા આવી કે ઘણા કોયડાઓ ઊભા થાય છે. ગીતાની ચોપડીના ચણામમરા પણ ન મળે. અર્થાત્ ક્રયમૂલ્યની કલ્પનાએ માનવી જીવનમાં બહુ મોટો ઉત્પાત મચાવ્યો છે. આજનું અર્થશાસ્ત્ર ઉપયુક્તતા ઉપર ભાર આપતું નથી તેથી માનવી જીવનનાં ઘણાં ચિરંતર મૂલ્યોના પાયા ડગમગી ઊઠ્યા છે. આમ, આજનું અર્થશાસ્ત્ર એ વાણિયાગીરીનું શાસ્ત્ર છે. ખરેખર તો અર્થશાસ્ત્ર એ માનવી સુખનું શાસ્ત્ર છે એવી વૈદિક ધારણા છે. વૈદિક લક્ષ્મી એટલે મનુષ્યસમૃદ્ધિ છે.

(પ.પૂ. પાંડુરંગ શાસ્ત્રી આઠવલેના 'શ્રી સુક્ત'માંથી સાભાર)

વિજ્ઞપ્તિ

- ગ્રાહકોએ પોતાનું લવાજમ 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના નામે મનીઑર્ડર અથવા ડ્રાફ્ટથી મોકલવું. બહારગામની બૅંક પરના ચેકથી મોકલાતા લવાજમમાં બૅંક કમિશનના રૂ. ૧૩-૦૦ ઉમેરવા, અન્યથા બૅંક કમિશનની રકમ કાપીને એટલા અંકો ઓછા મોકલાશે.
- ગ્રાહકે પોતાનું નામ-સરનામું પૂરું તથા સ્પષ્ટ છૂટા અક્ષરે લખવું. રબર સ્ટેમ્પ સ્પષ્ટ વાંચી શકાય તો જ વાપરવો.
- 'કુમાર'નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫-૦૦, પરદેશમાં હવાઈ માર્ગે રૂ. ૩૫૦ તથા આજીવન રૂ. ૭૫૦-૦૦ છે.
- 'કુમાર' દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. ત્યાર પછી ૧૫ દિવસ સુધીમાં તે ન મળે તો પ્રથમ પોતાના વિભાગની પોસ્ટ-ઑફિસમાં તપાસ કર્યા બાદ જ કાર્યાલયને જાણ કરવી. અંક સિલકમાં હોય ત્યાં સુધી તો બીજી નકલ મોકલાય છે, પણ ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું અમારે માટે બંધનકર્તા નથી.
- લેખકોએ પોતાની કૃતિ કાગળની એક જ બાજુએ હાંસિયો રાખીને છૂટા અને સ્પષ્ટ સુવાચ્ય અક્ષરે લખી મોકલવી. અન્ય ભાષાના શબ્દોનો ઉપયોગ કર્યો હોય તો તે મૂળ ભાષામાં હાંસિયામાં કે કૌંસમાં દર્શાવવા.
- કૃતિની સાથે જવાબી ટપાલખર્ચ બીડવું નહિ. સ્વીકૃત રચનાનો નિર્ણય એકાદ માસમાં જણાવવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી.
- ગ્રાહકે પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર જણાવવાનો આગ્રહ રાખવો. 'કુમાર'ની કોથળી પર તે દર્શાવવામાં આવ્યો હોય છે.
- સરનામામાં ફેરફાર કે એવી અન્ય કંઈ સૂચના જે માસની આખર સુધીમાં મળશે તેનો અમલ તે પછીના માસના અંકથી શક્ય બનશે. આવી સૂચના મળ્યા પહેલાં રવાના થઈ ચૂકેલો અંક ફરી મોકલવો શક્ય નથી.
- ગુમ થયેલા અંકો વધારે પોસ્ટેજ ભોગવીને પણ અમે શક્ય હોય તો મોકલીએ છીએ, પણ એવા અંક મોકલવાની અમારી જવાબદારી રહેતી નથી.

તમામ પત્રવ્યવહારનું સરનામું
'કુમાર કાર્યાલય લિમિ.', ૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૧

'કુમાર' **અનુક્રમણિકા** વર્ષ પાંસઠમું

ઑક્ટોબર ૧૯૯૨ · સળંગ અંક ૭૭૭

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત. પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન. નં. ૩૪૩૭૪૫) મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ અમદાવાદ વતી હરેશ પટેલ, કમ્પ્યૂટર ટાઈપ સેટિંગ : પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કૉમ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧.

વાર્ષિક લવાજમ રૂ. ૭૫; પરદેશમાં રૂ. ૩૫૦; આજીવન રૂ. ૭૫૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૮-૦૦ + ટ. ખ. રૂ. ૨.૦૦

વાચકો લખે છે...

જૂન માસના 'કુમાર'ના પૂઠા પર આપેલા નામાક્ષરો જોઈ આનંદ થયો...ઈસ્લામી સ્થાપત્યને અનુલક્ષીને કરેલા આ નામાક્ષરોનું આયોજન ઘણું સુંદર છે. ઈસ્લામી કળા એની હસ્તપ્રતોના લેખન - ચિત્રાંકનમાં વિકસી છે, જેનો મુકાબલો કોઈ કરી શકે નહિ એવી એમની અક્ષરલેખનની કળા છે. આ કળાની બે મુખ્ય ધારા : એક અક્ષરલેખન અને બીજી ફૂલપત્તી તથા ભૌમિતિક આકારની ભાતો. બંનેમાં ખૂબ સુંદર વિકાસ થયો છે. અને તેની અજોડ સમૃદ્ધિ આજે ય વિદ્યમાન છે.

કલાને કેન્દ્રમાં રાખીને જુદા જુદા વિષયોને અનુલક્ષીને કેટલાક નાના નાના લેખો લખ્યા છે. બીજાં બધાં ગુજરાતી સામયિકોની સરખામણીમાં 'કુમાર' જ શ્રેષ્ઠ છે. નવું આપવાની સંશોધનવૃત્તિ અને તેની રજૂઆતની આગવી દૃષ્ટિ 'કુમાર'માં જ છે. ભલે એની કાયા ક્ષીણ હોય, પણ અંદર પ્રબળ આત્મા પણ વસે છે. એટલે 'કુમાર'માં જ આ લેખોની એક માળા આપવા માંગું છું. સાથે રેખાંકનો પણ હશે જ. - વાસુદેવ સ્માર્ત (સૂરત)

(નામાક્ષરોના અમારા પ્રયાસને પ્રમાણવા બદલ આભાર. આપની કળા અને કલમથી 'કુમાર'ના વાચકો પરિચિત છે. 'કુમાર'ની લાક્ષણિકતાઓથી આપ પણ પરિચિત છો. એટલે એ પ્રકારની આપની લેખમાળા આવકારતાં અમને આનંદ થશે, ને આપની કલાક્ષમતાનો ઓપ પણ તેમાં જોઈશે જ. - સં.)

¤

'કુમાર'માં સૂરતનું નામ 'સૂરત' અને 'સુરત' એમ બંને રીતે જોવા મળે છે. અહીં સૂરતના લોકો 'સૂરત' લખે છે.

સૂર્યપુર અથવા સૂરજપુર ઉપરથી સૂરત શબ્દ બન્યો હશે. જેમ ગુર્જર+લાટ ઉપરથી ગુજરાત શબ્દ ઊતરી આવ્યાનું મનાય છે એવું ઘણા બતાવે છે. મહી અને તાપી નદીની વચ્ચેનો પ્રદેશ અગાઉ 'લાટ' નામે ઓળખાતો. પ્રાચીન જૈન ધાતુપ્રતિમાના લેખમાં સૂર્યપુરનો ઉલ્લેખ જોવા મળે છે. આ જ રીતે રન્નાદેના નામ ઉપરથી 'રાંદેર' નામ વ્યુત્પન્ન થયું છે. - રમેશ બી. શાહ (સૂરત)

(સાર્થ જોડણીકોશ પ્રમાણે 'સુરત' જોડણી પણ સ્વીકાર્ય છે.)

¤

કુમાર જૂન ૧૯૯૨ છેલ્લું પાનું ગણિતગમ્મત

(૫ + ૬ + ૭) ÷ (૧ + ૨ + ૩ + ૪) = ૩ ?

= ૧૮ ÷ ૧૦ = ૧.૮

કુમારમાં પ્રૂફ જોવાની ભૂલ કે બીજી સરતચૂકથી રહી જતી ભૂલ કુમારના વાચકોને કઠે છે. - હરિભાઈ

(સાચી વાત છે. ગણિતના આ કોયડામાં બીજા કૌંસમાં + ૪ કમ્પ્યૂટરની ક્ષતિનું પરિણામ છે. ખૂબ ચોકસાઈ જાળવવા છતાંય આખરી તબકકે યાંત્રિક ખામીને કારણે જે ક્ષતિઓ ઉમેરાઈ જાય છે તેનું અમને પણ ભારોભાર દુઃખ છે. એ નિવારવા અમે વધુ કાળજીની ખાતરી આપીએ છીએ. - તંત્રી)

¤

થોડા વખત પહેલાં સૂરતના એક વાચક રમેશભાઈ શાહે સૂચન કરેલું કે 'કુમાર'ના પાછળના અંકોમાં કલા, સંગીત વગેરે વિષયો ઉપર સરસ લેખો-આલેખનો છે અને સુંદર ચિત્રો પણ છે. આ બધા વિષયોને ગ્રંથસ્થ કરીને બહાર પાડો તો સારું. સૂચન આવકાર્ય છે. આ રીતે મહામૂલો ખજાનો મળી રહેશે, તેમજ જે તે વિષયોની પાયાની સમજ મળી રહેશે. તો આ વિષે વિચારવા વિનતિ. વાસ્તવિક, ભાવનાશીલ અને ઉચ્ચ આદર્શોની વાર્તાઓ અને લઘુકથાઓ પણ આપવા સૂચન છે. - દીપક બી. દવે (મુંબઈ - ૩૬)

¤

'કુમાર'નો ૭૭૫મો અંક જોતાં ઘણો જ આનંદ થયો... 'કુમારે' તેનો અસલ આગવો મિજાજ બતાવવા માંડ્યો છે. છપાઈ વધુ સુઘારુ અને સ્પષ્ટ બની છે. વિભાગો સુંદર રીતે સંકળાયા છે. દરેકને યોગ્ય ન્યાય મળ્યો છે. વાચકોનો વિભાગ હતો તે ફરી શરૂ કરવા વિનંતી. નવોદિત ચિત્રકરોનાં ચિત્રો છાપશો ? નવી પેઢી પ્રોત્સાહિત થશે. - બાબુભાઈ પટેલ (કડી)

¤

'કુમાર'નો ૭૭૫મો અંક જોયો. એક બાબતમાં કદાચ સરતચૂક હોય તેવી છાપ ઊઠી. કદાચ મારી ભૂલ પણ હોઈ શકે.. શાંતા હુબલીકર વિષેની હકીકતોમાં કંઈક સેળભેળ જેવું લાગ્યું. 'ભૂમિકા' ફિલ્મ હંસા વાડકર પરથી ઊતરેલી તેવો મારો ખ્યાલ છે. આ જ રીતે બીજી વિગતો પણ મોટે ભાગે હંસા વાડકરના જીવનની છે. શાંતા હુબલીકરે તો ફિલ્મક્ષેત્ર છોડ્યા પછી શિક્ષિકા તરીકે કોલ્હાપુરની આજુબાજુના ગ્રામપ્રદેશમાં જીવનભર સેવાપ્રવૃત્તિ કરેલી. વિગતો ચકાસી જવા વિનંતી. - મુકુન્દરાય મુનિ (સણોસરા)

¤

ઑગષ્ટ '૯૨ના અંકમાં સ્વ. વિજયગુપ્ત મૌર્ય ઉપરના લેખથી તેમના જીવનની સુંદર ઝાંખી થઈ.. 'ફ્લેશ' નામનું અઠવાડિક મૅગેઝીન તેમણે કાઢેલું તેનો ઉલ્લેખ લેખમાં કરવાનો રહી ગયો છે. મૅગેઝીન ઉત્તમ કોટિનું હોવાં છતાં બે-ત્રણ વર્ષ ચાલીને બંધ પડી ગયું. 'જિંદગી જિંદગી'ની રોમાંચક સત્ય ઘટના હપ્તે હપ્તે 'ફ્લેશ'માં પ્રસિદ્ધ થયેલી, જે પછીથી પુસ્તકાકારે બહાર પડી.

શ્રી મૌર્યનાં લખાણોથી હું હમેશાં પ્રભાવિત રહ્યો છું. નવું 'અખંડાનંદ' આવે એટલે સૌથી પ્રથમ તેમનું 'જ્ઞાનગોષ્ઠિ' વાંચીને પછી જ મૅગેઝિનનાં બીજાં પાનાં ઉથલાવવાનાં. 'જ્ઞાનગોષ્ઠિ'માં અસંખ્ય વિષયો ઉપરના પ્રશ્નોનું સચોટ સમાધાન આપતાં આપતાં તેમણે વહેમ, અજ્ઞાન, અંધશ્રદ્ધા, ચમત્કાર વગેરે બાબતો ઉપર ચાબખા મારી ગુજરાતી આલમમાંથી અંધશ્રદ્ધા દૂર કરવાના હિંમતભર્યા પ્રયાસો કરેલા તેનો લેખમાં ઉલ્લેખ થયો નથી તેથી તે અંગે ધ્યાન દોરું છું.

તેમના નામ અને અટક બાબતે મને હમેશાં આશ્ચર્ય રહ્યા કરતું. તે અંગે સ્પષ્ટતા કરવા મેં 'જ્ઞાનગોષ્ટિ'માં પ્રશ્ન પૂછેલો પણ તેનો જવાબ તેમણે આપેલો નહિ. હવે આ લેખથી જાણવાં મળ્યું કે તેઓ પરદેશી કે બિન-ગુજરાતી નહિ પણ ગુજરાતી (બલ્કે સૌરાષ્ટ્રવાસી) હતા અને બ્રાહ્મણ હતા. તેમને રૂબરૂ મળી શકાયું નહિ તેનો હમેશાં વસવસો રહી ગયો.

- નૌતમભાઈ વખારિયા (અમદાવાદ)

પાનખર અને હું/દિવેન્દ્ર દવે

(ગાન)

પીળાં પીળાં માત્ર પાંદડાં ખરે !
આછેરો નિઃશ્વાસ નાખતી ડાળ ઝૂરતી
કેટકેટલું ઝાડ કને કરગરે...
પીળાં પીળાં માત્ર પાંદડાં ખરે !

પિયુ ગયો પરદેશ પછી આ ખાલીખમ આંખોના
માળા સમી સાંજ રે રહી રહી ટળવળે,
દુબળા ઘરની ડોસી જેવી વસ્ત્ર ફાટલાં પહેરી
એકલ હવા બાપડી સ્હેજ અહીં સ..ળે;
ધૂસર ધૂસર આભ મહીં વીંઝાય પાંખ...ને
ટહુકો એનો કાનમહીં કરકરે...
પીળાં પીળાં માત્ર પાંદડાં ખરે...

ઇચ્છાઓના ખરી પડેલા ઝૂંડ વચાળે ગભરુ
સસલા જેવો સાવ દબાતા પગલે હળવે ચાલું,
ખાલીપાની ખખરી બાઝે કંઠ મહીં ને આશાનું
છેલ્લેરું કિરણ જાય અહીં ફસડાઈ - હવે શેં ઝાલું ?
ઠંડી ઠંડી હાડ ગાળતી આગ ઝરે.. હું કરું દેતવા
કરગઠિયાને જઉં શેકવા, અરે.. પણ અરે !
પીળાં પીળાં માત્ર પાંદડાં ખરે !

તો યે/કરસનદાસ લુહાર

(ગઝલ)

કેવો સરસ સમય છે !
કે, અસ્ત પણ ઉદય છે !

વિસ્મયનો એ વિષય છે;
કાયમની બાલ્યવય છે !

અન્ધારની પળેપળ -
લાગે પ્રકાશમય છે !

ના શબ્દ, સૂર કંઈ પણ
કેવળ અલખનો લય છે !

વાળી પલાંઠી તો યે
આ પગ પ્રવાસમય છે !

પ્રિયતમ સખે !/શશિશિવમ્

(શિખરિણી-સૉનેટ)

તને શું શું અર્પું વિકળ મન, એ બાળસ્મરણો
હજી કૂદે ખેલે નિરમલ થયાં સ્નાત ધૂળમાં ?!
'થવા અર્પું મોતી નયનસરનું પકવ પ્રીતના
સમુદ્રે હૈયાના નવ ?! લઘુક વિસ્તીર્ણ જગ જે
રહ્યું જંજાળોમાં ગડમથલમાં આ જીવનની
સદાયે આ ચિત્તે તરવરતું જે આજ લગી તે
શમી જાતાં પૂર્વે રહ્યું અરપવું; દોલત તને
નથી પાસે મારી અવર અતિ મોંઘી અરપવા.

પ્રમાણી હૈયાની મધુરપભરી પ્રીત તુજ ના
ક્ષમા દેજે, કિંતુ અનુભવ હવાં થાય સભરા;
ગયો તું છોડીને સકળ-મુજને એકલ, સૂનાં
પડ્યાં આળોટે એ સ્મરણ વલવલતાં ધૂળ મહીં,
હવે હૈયે સ્હેવા રહી ન મુજની હામ જરીયે;
બધાં સાજાંતાજાં અરપું બળી જાતાંની પૂરવે.

આપો/સુરેન્દ્ર જી. કડિયા

(ગઝલ)

મને એક ટહુકો અને ડાળ આપો
પછી કો સરોવર તણી પાળ આપો.

કલમની લગોલગ વહે એક ઝરણું
કદી એને રોકો, કદી ઢાળ આપો.

નયને નથી જડવું નવજાત શમણું
રગેરગ તપાસી તરત ભાળ આપો.

પ્રકટતા નથી કોઈ શબ્દો મિલનમાં
બને તો પ્રતીક્ષા સદાકાળ આપો.

મુક્તક/પીયૂષ પંડ્યા 'જ્યોતિ'

તું તો આષાઢી અંકાશી બદરી મેં તો દરસી
તો યે ઉરભોમે આવીને જાય કેવી તું વરસી !

આ ઑક્ટોબરથી જેમની જન્મશતાબ્દીનું વર્ષ આરંભાય છે તે

ક્રાન્તિવીર સૂર્ય સેન

ચન્દ્રકાન્ત મહેતા



બાંગ્લાદેશમાં આવેલો ચટગાંવ જિલ્લો ઉત્તરથી દક્ષિણ સુધી લુસાઈ પર્વતમાળાથી ઘેરાયેલો છે. એ જિલ્લાના રાઉજાન થાણામાં આવેલા નોઆપાડા ગામમાં રાજમણિ સેનને ત્યાં ૧૮ ઑક્ટોબર ૧૮૯૩માં સૂર્ય સેનનો જન્મ થયો. એ પાંચ વર્ષના હતા ત્યારે એમના પિતાનું મૃત્યુ થયું, એટલે એમનું કુટુંબ એમના મોટાકાકાને ત્યાં રહેવા ગયું. ત્યાં શરૂઆતમાં એ દયામયી ઉચ્ચ પ્રાથમિક વિદ્યાલયમાં દાખલ થયા. પછીથી એ વિદ્યાલય નોઆપાડા અંગ્રેજી શાળાની સાથે જોડાઈ ગયું. એ ત્યાં આઠમા ધોરણ સુધી ભણ્યા. તે પછી શહેરની નેશનલ હાઈ સ્કૂલમાં જોડાયા અને ત્યાંથી જ મેટ્રિકની પરીક્ષા સારા ગુણ સાથે પસાર કરી ચટગાંવ કૉલેજમાં ઉચ્ચ શિક્ષણ માટે જોડાયા.

એ કૉલેજમાં સતીશચન્દ્ર ચક્રવર્તી નામના એક પ્રાધ્યાપક હતા. સતીશબાબુ બંગાળના પ્રસિદ્ધ ક્રાન્તિકારી દલ 'યુગાન્તર'ના સક્રિય સભ્ય હતા. એમના પ્રભાવથી કેટલાયે વિદ્યાર્થીઓએ ક્રાન્તિનો માર્ગ અપનાવ્યો હતો. એ ક્રાન્તિકારીઓના દલમાં ઝળકી ઊઠે એવા વિદ્યાર્થીઓની શોધમાં જ રહેતા. એટલે અનાયાસે એમનું ધ્યાન યુવાન સૂર્ય સેન તરફ ગયું. ૧૯૦૫માં તે વખતના અંગ્રેજ ગવર્નર જનરલ લૉર્ડ કર્ઝને બંગાળના ભાગલા પાડ્યા. જેને પરિણામે સમગ્ર બંગાળમાં વિસ્ફોટ થયો. એની ચિનગારીઓ બંગાળના પ્રત્યેક વિદ્યાર્થીના ચિત્તમાં સળગી ઊઠી હતી.

સૂર્ય સેનની કૉલેજમાં જ ક્રાન્તિકારી દલ 'યુગાન્તર'ની એક શાખા હતી. એમાં સતીશબાબુ યુવાનોને ક્રાન્તિની તાલીમ આપતા હતા. સૂર્ય સેન એમાં જોડાયા, અને કૉલેજના અધ્યયનની સાથે સાથે સતીશબાબુ પાસે ક્રાન્તિનું સંચાલન કરતાં પણ એ શીખતા રહ્યા. એ સમયમાં જ એમણે પોતાનો જીવનપંથ નક્કી કરી લીધો. એ હતો વિપ્લવનો. એ માટે કૉલેજશિક્ષણ પૂરું કરીને શિક્ષકનો વ્યવસાય પસંદ કર્યો, કારણ કે તો જ નવયુવકોના સતત સંપર્કમાં રહી શકાય અને ક્રાન્તિસૈન્યમાં નવા નવા સૈનિકોની જોગવાઈ થઈ શકે.

૧૯૧૭માં એમણે બી.એ. થઈને તરત જ ચટગાંવની ઉમાતારા શાળામાં ગણિતના શિક્ષક તરીકેની નોકરી સ્વીકારી. એમના ઘરના માણસોને એ ગમ્યું નહિ, કારણ કે સૂર્યબાબુ સરકારી નોકરીમાં જોડાય એમ એ ઇચ્છતા હતા. પણ સૂર્યબાબુ તો પોતાના નિર્ણયમાં અડગ રહ્યા. ત્યારે કુટુંબીઓએ, રડીકકળીને એમની અનિચ્છા છતાં ગોપાડા ગામની નરેન્દ્રનાથ દત્તની સુપુત્રી, પુષ્પકુંતલા સાથે એમને પરણાવ્યા, જો કે સૂર્યબાબુ તો કૉલેજમાં ભણતા હતા ત્યારથી જ ક્રાન્તિને વરી ચૂક્યા હતા.

૧૯૧૮માં ચટગાંવમાં જ એમણે એક ક્રાન્તિકારી દલની સ્થાપના કરી, ને યુવાનોને સશસ્ત્ર ક્રાન્તિ માટે તાલીમ આપવાનું શરૂ કર્યું.

૧૯૧૯માં સરકારના દમનકારી રાઉલેટ બિલનો વિરોધ કરવાને અમૃતસરના જલિયાંવાલા બાગમાં એક પ્રચંડ સભા મળેલી. સરકારે ત્યાં સૈન્ય અને પોલીસ મોકલી, ને તેણે નિઃશસ્ત્ર લોકો પર ગોળીઓ વર્ષાવી સેંકડોને માર્યા. તેમાં અનેક સ્ત્રીઓ તથા બાળકો પણ હતાં. સરકારના આ અત્યાચારના વિરોધમાં દેશભરમાં પ્રચંડ વંટોળ ઊઠ્યો. સૂર્યબાબુએ આ મોકો મળતાં, ક્રાન્તિકારી દલને એનો બદલો લેવા ઉશ્કેર્યું.

સૂર્યબાબુને એમની ક્રાન્તિની યોજના સફળ બનાવે એવા ધગશવાળા યુવાનોની જરૂર હતી. એથી એમણે કૉંગ્રેસમાં જોડાવાનો નિર્ણય કર્યો અને ૧૯૨૧માં કૉંગ્રેસના સભ્ય બન્યા. ત્યાં એમને ગણેશ ઘોષ અને અનન્તસિંહ નામના શિષ્યો મળ્યા, જેમણે એમને છેવટ સુધી એમની યોજનામાં સાથ આપ્યો. એમણે એ બંને સમક્ષ પોતાની યોજના રજૂ કરી, ને 'સામ્યાશ્રમ' નામની એક ગુપ્ત સમિતિનું ગઠન કર્યું. એ 'યુગાન્તર' દલમાં તો હતા જ, પણ બીજા ક્રાંતિકારી દલ 'અનુશીલન'નો પણ એમણે સાથ મેળવ્યો, જેમાં સુરેન્દ્રનાથ ઠાકુર, પ્રેમનાથ મિત્ર, સતીશચન્દ્ર બસુ, યતીન્દ્ર બંદોપાધ્યાય, સ્વામી વિવેકાનંદના નાના ભાઈ ભૂપેન્દ્રનાથ દત્ત વગેરેનો સારો એવો સહકાર સાંપડ્યો. સૂર્યબાબુ શિક્ષક હોવાથી એમના દલમાં એ માસ્તરદા નામે ઓળખાતા.

૧૯૨૩માં એમણે એમના સાથીઓ જોડે પાકી વ્યવસ્થા કરી પહાડતલી રેલવે ઑફિસ પર હલ્લો કર્યો. ઑફિસની તિજોરી લૂંટી, અને પોતાની ભવિષ્યની યોજના માટે પૈસો મેળવ્યો. આ હુમલામાં એમને એવી તો સફળતા મળી કે એક પણ વ્યક્તિની હત્યા કર્યા વિના, અને પોલીસ આવી પહોંચે તે પૂર્વે તિજોરી ખાલી કરીને એ અને એમના સાથીઓ સલામત સ્થળે પહોંચી ગયા. એટલું જ નહિ પણ એમણે અને એમના સાથીઓએ એ હુમલો કરેલો તેની પોલીસને ભાળ પણ લાગેલી નહિ.

પૈસા મળતાં એમણે કલકત્તાના શોભા બજારમાં એક ઘરમાં બૉંબનું કારખાનું ખોલ્યું. ચટગાંવમાં પણ એમના દલના માણસો એમની રાહબરી નીચે કામ કરી રહ્યા હતા. ૧૯૨૪ની ૨૫મી ઑક્ટોબરે સરકારે ચટગાંવના ક્રાન્તિદલના કાર્યકર્તાઓ અંબિકા ચક્રવર્તી, ગણેશ ઘોષ, અનંન્તસિંહ, નિર્મળ સેનને ગિરફતાર કર્યા. માસ્તરદાનું બૉંબનું કારખાનું જ્યાં ચાલતું હતું તે ઘરને પણ ઘેરો ઘાલ્યો. એ મકાનમાં ક્રાન્તિકારીઓ સિવાય બીજા ભાડૂતો પણ રહેતા હતા. સાંજે ચાર વાગે માસ્તરદાએ જોયું કે પોલીસે મકાન ઘેરી લીધું છે. એમણે તરત જ પોતાનાં કપડાં ઉતાર્યાં, અને એક ભાડૂતની લુંગી તથા મેલી કફની પહેરી લીધાં. હાથમાં એક કીટલી લીધી, અને નીચે ઊતરી

ગયા. ફાટક આગળ પલીસે રોક્યા અને કહ્યું કે, બહાર જવાનો હુકમ નથી. અંદર જા. માસ્તરદાએ કહ્યું, 'ચાય લાવવા જાઉં છું.'

સિપાહીએ એમને ધમકાવીને પાછા અંદર જવા કહ્યું, ત્યારે માસ્તરદા જરા મૂંઝાયા. પણ એક બંગાળી ચોકીદારે કહ્યું, 'નોકર છે, જવા દો.' માસ્તરદા ઝૂકીને બંનેને સલામ કરીને ભાગ્યા.

તે પછી ૧૯૨૬માં એમને રસ્તેથી પોલીસે પકડ્યા. એમની વિરુદ્ધ કશો પુરાવો તો હતો નહિ તેથી એમને નજરકેદમાં બે વર્ષ રાખ્યા.

૧૯૨૮માં એમને છોડવામાં આવ્યા. ત્યારે એમણે જાહેર નિવેદન કર્યું કે, પોતાને હવે ક્રાન્તિકારી આંદોલનમાં વિશ્વાસ રહ્યો નથી, અને કોંગ્રેસના સવિનય કાનૂનભંગમાં શ્રદ્ધા રાખતા થયા છે. એ સમયે કલકત્તામાં પંડિત મોતીલાલ નેહરુના અધ્યક્ષપદે કોંગ્રેસનું અધિવેશન ભરાવાનું હતું. કોંગ્રેસના યુવાન નેતા અને અધિવેશનના સ્વયંસેવકદળના વડા સુભાષ બોઝ એમના મિત્ર હતા. માસ્તરદા કોંગ્રેસના અધિવેશનમાં ચટગાંવના પ્રતિનિધિ તરીકે ચૂંટાયા. બહારથી તો સૂર્યબાબુ કોંગ્રેસના પ્રતિનિધિ હતા. પણ અંદરથી તો એમની સશસ્ત્રક્રાન્તિમાં દૃઢ શ્રદ્ધા હતી. એટલે કોંગ્રેસનો અંચળો ઓઢીને એ એમના ક્રાન્તિવાદી દલના મિત્રોને મળતા રહ્યા.

સૂર્યબાબુએ પોતાની યોજનાના ભેદ ઘણા સાથીઓને શરૂઆતમાં તો આપ્યા નહિ. એમણે ૧૯૨૯ના મધ્યમાં ચટગાંવમાં એક યુવક સંમેલન ભર્યું. સંમેલનના અધ્યક્ષ અધ્યાપક જ્યોતિષચંદ્ર બોઝ હતા. છાત્ર-સંમેલનના અધ્યક્ષ નૃપેન્દ્ર બેનરજી અને મહિલા સંમેલનની અધ્યક્ષા શ્રી લતિકા બસુ ચૂંટાયાં. એ સંમેલનોનું ઉદ્ઘાટન સુભાષબાબુએ કર્યું. વિશેષ વ્યક્તિઓની બેઠક બંધબારણે મળી.

એ પછી બે મહિને જ્યારે બધી તૈયારીઓ પાકે પાયે થઈ ત્યારે, સૂર્યબાબુએ ભલે ચાર દિવસ માટે હોય, પણ ચટગાંવ જિલ્લો સ્વતંત્ર કરવાની એમની યોજના સાથીઓને સમજાવી ને કાર્યક્રમનો મુસદ્દો તૈયાર કર્યો.

ચટગાંવમાં પોલીસ બહુ સજાગ હતી. એમને ખબર હતી કે કશુંક રંધાય છે, પણ શું થવાનું છે તે સમજાતું નહોતું. ક્રાન્તિકારીએ નેતા પકડાય નહિ એથી પોલીસની ગતિવિધિ પર ધ્યાન રાખવા નરેશ રાયના નેતૃત્વ નીચે એક જાસૂસી વિભાગ ખોલ્યો, જેનું કામ હતું પોલીસની ગુપ્ત વાતો લઈ આવવી અને ક્યાં ક્યારે છાપો મારવાનો છે તે જાણી, સવેળા પોલીસની ચુંગાલમાંથી બચવાનું. નરેશ રાયના આ જાસૂસી વિભાગના સ્વયંસેવકોએ એટલું સરસ કામ કર્યું કે છેવટ સુધી પોલીસ અંધારામાં જ રહી.

એમની યોજનાને કાર્યાન્વિત કરવા સૂર્યબાબુએ એમના દલની સિલ્ચર (આસામ), કરીમગંજ, ગૌહતી, શિબસાગર વગેરે શાખાઓમાંથી ૬૨ સ્વયંસેવકોને પસંદ કર્યા. એમાંના મોટાભાગના કોલેજના વિદ્યાર્થી હતા. એમને સેનાનાયક રૂપે દલના સૈનિકોને જોશીલી વાણીમાં દેશની મુક્તિ માટે પ્રાણ સમર્પિત કરવાને પ્રેર્યા.

સ્વયંસેવકોને છ ટુકડીઓમાં વહેંચી નાંખ્યા અને દરેક ટુકડીનો નેતા નક્કી કરી દરેકના કાર્યની વહેંચણી કરી આપી. એમાં એમના પુરાણા સાથીઓ ગણેશ ઘોષ, નિર્મલ સેન, અંબિકા ચક્રવર્તી, ઉપેન્દ્ર ભટ્ટાચાર્ય વગેરે હતા.

ક્રાન્તિકારીઓ માટે ખાસ ગણવેશ તૈયાર કરાવ્યા હતા. અંગ્રેજોના શસ્ત્રાગાર પર હુમલો કરવાનું કામ ગણેશ ઘોષ તથા અનંતસિંહને સોંપાયું હતું. સૈનિકોને લઈ જવાને જે મોટરગાડી હતી, તેનો ચાલક અનંતસિંહ હતો.



મોટાભાઈ ચંદ્રકુમાર અને ભાભી વિરાજમોહિની

વખતસર બધી ટુકડીઓ પોતાનું નિયત કાર્ય કરવા ઊપડી. સાંજ પછી લોકનાથ બલે એક ટેક્સી ભાડે કરી. ટેક્સી ઝડપથી ગામડાં તરફ ચાલી. જ્યારે ટેક્સી તદ્દન સૂમસામ જગ્યા પર પહોંચી ત્યારે ટેક્સી ડ્રાઈવરને ગાડી રોકવા કહ્યું અને ગાડી રોકાતાં જ પાસે બેઠેલા સૈનિકે એક બેહોશીની દવાવાળો રૂમાલ એના મોઢા પર નાખી એને બેહોશ કરી દીધો. બેહોશ ડ્રાઈવરને સડકને કિનારે નાખી, મોટર લઈને સૈનિકોએ શહેર તરફ તેને હંકારી.

ગણેશ ઘોષ અને અનંતસિંહ પોતપોતાની ગાડીમાં શસ્ત્રાગારની સામે પહોંચ્યા. શસ્ત્રાગાર એક નાનીશી ટેકરી પર હતું. અનંતસિંહની પાછળ પાછળ સૂર્યબાબુ પણ ગાડી લઈને આવી પહોંચ્યા. બધા સૈનિકપોષાકોમાં હતા, ને બધાની કમર પર પિસ્તોલ હતી. ચાર દરવાન ઊભા હતા. એમણે જાણ્યું કે કોઈ અમલદાર આવ્યા છે. વાતચીત શરૂ થાય તે પૂર્વે જ અનંતસિંહે એક પહેરેગીરને ગોળી મારી ઢાળી દીધો. સાથીઓને પણ ગોળી ચલાવવાનો આદેશ આપ્યો. ચારે દરવાનોને ત્યાંજ ઢાળી દીધા. તે પછી બીજો દરવાનો આવ્યો તો એની પર બોંબ ફેંક્યો. એટલામાં તો ક્રાન્તિકારીઓ શસ્ત્રાગારમાં ઘૂસી ગયા હતા. સૂર્યબાબુ પણ ત્રીસ ક્રાન્તિકારીઓ સાથે આવી પહોંચ્યા હતા. એમની પાસે હથોડા અને પેટીઓ તોડવાનો બીજો સામાન પણ હતો. એમણે પેટીઓ તોડી શસ્ત્રો કબજે કર્યાં. એ જ રીતે લોકનાથ બલે ઓક્સીલરી સેનાના શસ્ત્રાગાર પર હુમલો કર્યો. ત્યાં જે દરવાન હતો તેણે પૂછ્યું, 'કોણ છે ?' લોકનાથે જવાબ આપ્યો, 'મિત્ર'. એ બીજું કંઈ પૂછે એ પહેલાં એને ગોળીથી વીંધ્યો, ને હુકમ કર્યો, 'ગોળી ચલાવો.'

જ્યારે ગોળીનો અવાજ આવ્યો અને લાગ્યું કે કંઈ જોખમ છે ત્યારે શસ્ત્રાગારનો અંગ્રેજ અમલદાર બહાર નીકળ્યો. એણે મામલો જોયો. ને પિસ્તોલ લેવા અંદર જતો હતો ત્યાં જ એને લોકનાથે ગોળીથી વીંધ્યો. બીજી બાજુથી ત્રણ બીજા અંગ્રેજો મોટર પર આવ્યા. પણ ક્રાન્તિકારીઓનો રૂદ્રવેષ જોયો ને મોટર છોડીને ભાગ્યા. શસ્ત્રાગારના દરવાજા તોડવાનો પ્રયત્ન થતો હતો. એ તોડતા હતા, ત્યાં જ ક્રાન્તિકારીઓ પર હુમલો થયો, ત્યારે ક્રાન્તિકારીઓએ શસ્ત્રાગારમાં આગ ચાંપી ને બહાર જે કંઈ શસ્ત્રો મળ્યાંને




પ્રીતિલતા] સાથી ક્રાંતિકારીઓ [કલ્પનાદત્ત

લઈને ભાગ્યા. આ તરફ અંબિકા ચક્રવર્તીએ ટેલિફોન એક્સચેંજનો ભાંગીતોડી ખુરદો કરી નાખ્યો.

આ રીતે બધો કાર્યક્રમ ધાર્યા પ્રમાણે પાર પડ્યો. બધા સ્વાતંત્ર્ય સૈનિકોએ સેનાપતિ સૂર્યબાબુને લશ્કરી ઢબે સલામી આપી.

રાતે જ ત્યાં આંગણામાં ખોદેલા ધ્વજદંડ પર ભારતનો ત્રિરંગી ઝંડો ફરકાવ્યો ને બંદૂકોથી ઝંડાને સલામી અપાઈ. પછી એ ઝંડાની નીચે ભાષણ આપતાં સૂર્યબાબુએ કહ્યું, '૨૦૦ વર્ષની ગુલામી પછી, ભલે થોડા સમય માટે પણ ચટગાંવની ભૂમિ સ્વતંત્ર છે.' અને પછી ક્રાન્તિકારી કામચલાઉ સરકારની સ્થાપના ઘોષિત કરી. તે પછી એક ક્રાન્તિકારીએ સૂર્યસેનને એ સરકારના રાષ્ટ્રપતિ ચૂંટવાનો ઠરાવ રજૂ કર્યો ને હર્ષોલ્લાસથી બધાએ સ્વીકાર્યો. તે પછી ત્રણ જાહેરનામાં કામચલાઉ સરકારે બહાર પાડ્યાં. એકમાં જનતાને સરકારનું સમર્થન કરવાનું જણાવાયું, બીજામાં ચટગાંવના વિદ્યાર્થીઓને સરકારના સૈન્યમાં જોડાવાનો આગ્રહ કર્યો, ત્રીજા જાહેરનામામાં જે કોઈ સરકારી અમલદારો તથા અંગ્રેજોને સ્વતંત્ર સરકાર સામે રજૂ કરે તેને પુરસ્કાર આપવાનું જણાવાયું.

તે પછી સૂર્યબાબુના નેતૃત્વ નીચે બધા ક્રાન્તિકારીઓ પહાડોમાં ચાલ્યા ગયા. ક્રાન્તિકારીઓએ શસ્ત્રાગાર પર આક્રમણ કર્યું ત્યારે ચટગાંવના અંગ્રેજો ભયભીત થઈ ગયા ને ઘર છોડીને બૈરાંછોકરાં જોડે કર્ણફૂલી નદીને કિનારે છુપાયા હતા.

ક્રાન્તિકારીઓએ શત્રુઓ પર આક્રમણની તથા શસ્ત્રાગાર કબ્જે કરવાની પાકે પાયે યોજના ઘડી હતી. પણ પોતાના દલ માટે કશી વ્યવસ્થા કરી નહોતી. અત્યંત પરિશ્રમથી ક્રાન્તિકારીઓ ભૂખ્યા અને તરસ્યા થયા હતા. ત્યાં ખાવાપીવાનું કશું હતું નહિ. પણ આસપાસના ગામોમાં એમની પ્રતિષ્ઠા હતી તેથી અંબિકા ચક્રવર્તી પાસેના ગામમાં ગયાં ને લોકો પોતાને ઘેરથી રાંધેલી રસોઈ લઈ આવ્યા ને બધાને જમાડ્યા.

ક્રાન્તિકારીઓ જલાલાબાદના પહાડમાં એકઠા થયા. પોલીસને એના સમાચાર મળી ગયા. અંગ્રેજની ફોજે પહાડને ઘેરો ઘાલ્યો. બંને બાજુઓ ગોળીઓ વર્ષાવતી રહી. હરિગોપાલ પ્રથમ શહીદ બન્યો. પછી એકએક કરતાં નરેશ રાય, વિધુ ભટ્ટાચાર્ય, ત્રિપુરા સેન, પુલિન ઘોષ, શશાંક દત્ત, નિર્મલ સેન વગેરે શહીદ થયા. અંબિકા ચક્રવર્તીના માથામાં ગોળી વાગી. વિનોદ દત્તના ડાબા ખભા પર ગોળી વાગી, ત્યારે નિર્મલદાદાએ વિનોદના હાથમાં રાઈફલ આપીને કહ્યું, 'જમણે હાથે ગોળી ચલાવ'. અને વિનોદ જમણે હાથથી ગોળી વર્ષાવતો રહ્યો.

સૂર્ય અસ્તાચળ તરફ જતો હતો. સૂર્યબાબુ ફરતા ફરતા જેને જે જોઈએ તે આપતા હતા. નિર્મલદાદા એમના અંગરક્ષકની જેમ પાછળ પાછળ ફરતા હતા. જે રાઈફલ બગડતી, તેને સૂર્યસેન ઠીક કરતા, અને એમાં ગોળી ભરતા. એ રીતે લોકનાથ બાલની સરદારી નીચે ચાર કલાક ઘમસાણ યુદ્ધ ચાલ્યું. સૂર્યસેન ઘાયલોને લઈને એક બીજા પહાડ પર પહોંચી ગયા. સવાર પડતાં જ અંગ્રેજ લશ્કરની ગોળીઓ પાછી વરસવા લાગી. ત્યારે સૂર્યસેન તથા લોકનાથ બાલની ટુકડી જુદે જુદે રસ્તે વિજયસેનને ઘેર પહોંચી. લડાઈ ચાલતી રહી. શહીદો મરતા રહ્યા. પણ સરકાર અર્ધેન્દુ દસ્તીદાર સિવાય બીજા કોઈને જીવતો પકડી ન શકી. બીજા કાં તો શહીદ થયા અથવા ભાગી ગયા. અર્ધેન્દુ પર અમાનુષી અત્યાચાર થયા, પણ એણે એની જીભ ઉઘાડી નહિ. જલાલાબાદ પહાડો પર જે લડાઈ થઈ એમાં સરકારના ૧૬૦ સૈનિક ક્રાન્તિકારીઓને હાથે મર્યા.

સૂર્યસેને હવે કશું થઈ શકે એમ નથી એ જોયું. ત્યારે એ લાગ જોઈને ભાગ્યા. ભાગતા ભાગતા એમણે સાથીઓને કહ્યું, 'આજે આપણે હાર્યા. પણ જ્યાં સુધી આપણે જીવતા હોઈશું, ત્યાં સુધી અંગ્રેજો સામે ગેરિલા લડાઈ કરી એને અકળાવી મૂકશું.'

સૂર્યબાબુ જલાલાબાદના પહાડમાંથી એક ગામમાં ગયા. આસપાસનાં ગામોમાં એમનો સારો એવો પ્રભાવ હતો. ૧૨ જૂન, ૧૯૩૨ને દિને એ એક સાથીને લઈને પ્રીતિલતા નામની એક ક્રાન્તિકારી મહિલાને ત્યાં પહોંચ્યા. ૧૩ જૂનને દિવસે પોલીસે પ્રીતિલતાના ઘરને ઘેરો ઘાલ્યો. બંને તરફથી ગોળીઓ વરસવા લાગી. એક સૈનિક મર્યો ને બે ક્રાંતિકારીઓ શહીદ થયા. સૂર્યબાબુ પ્રીતિલતાને લઈને ત્યાંથી છટકયા.

પ્રીતિલતા સક્રિય ક્રાન્તિકારિણી હતી. એ સાત ક્રાન્તિકારીઓને ક્રાન્તિની દોરવણી આપતી હતી. એમની સાથે પ્રીતિલતાએ ગોરા લોકોની ક્લબ પર હુમલો કર્યો. અનેક ગોરાને ગોળીથી વીંધ્યો. અનેક ગોરા સખ્ત રીતે ઘાયલ થયા. પોતે પકડાશે એમ લાગતાં પ્રીતિલતાએ ઝેર ખાધું ને એ શહીદ થઈ. પ્રીતિલતા પાસેથી એક નિવેદન મળ્યું જેમાં સ્ત્રીઓને સામ્રાજ્યવાદની સામે બંડ કરવાની હાકલ કરવામાં આવી.

૧ માર્ચ ૧૯૩૨ને દિને ચટગાંવના શસ્ત્રાગારમાં લૂંટ ચલાવવા માટે તેમજ ચોકીદારો તથા અંગ્રેજ અમલદારોનાં ખૂન કરવા માટે ક્રાન્તિકારીઓ પર ચાલતા મુકદ્દમાનો ચુકાદો આવ્યો, જેમાં અંબિકા ચક્રવર્તીને ફાંસીની સજા થઈ અને સૂર્યસેન ભૂગર્ભમાં રહી એમની ક્રાન્તિની પ્રવૃત્તિ કરતા રહ્યા. એકવાર એક મકાનમાં માસ્તરદા છુપાયા હતા. મકાનને ગુરખા સૈનિકોએ ઘેરી લીધું. અંધારામાં એ ભીંત કૂદીને ભાગ્યા, ને પાછળના જંગલમાં અલોપ થઈ ગયા. ૧૯૩૨ની ૧૩મી જૂને એમની સાથી, સાવિત્રી ચક્રવર્તીના ઘરમાં એ હતા. અંગ્રેજ સૈન્યના માણસોએ એ મકાનને ઘેરી લીધું ત્યારે વેશપલટો કરી સૈન્યના માણસોને થાપ આપીને એ ભાગ્યા. ૧૯૩૩ના ફેબ્રુઆરીના એક દિને એ ક્રાન્તિદલની સક્રિય સભ્ય કલ્પના દત્તની સાથે રસ્તા પર જતા હતા. એકાએક રસ્તાની બંને બાજુએથી બંદૂકની ગોળીઓ છૂટવા લાગી. માસ્તરદા પામી ગયા કે પોલીસને જાણ થઈ ગઈ છે. એ ઝાડની પાછળ સંતાયા અને ઘૂંટણિયા ભરતા ભરતા પાસેના તળાવમાં પડ્યા, અને ગળાડૂબ પાણીમાં કલાકો સુધી રહ્યા. કલ્પના પકડાઈ ગઈ. (અનુસંધાન પાન ૪૨૭ ઉપર)

ક્ષણભંગુર

બહાદુરભાઈ જ. વાંક

પોતાના સ્વર્ગસ્થ પતિના ફોટાને ફૂલનો હાર પહેરાવીને ભગવતીબહેને દીવો અને અગરબત્તી પેટાવ્યાં. દીવાની થરકતી જ્યોતની જેમ ઘડી બે ઘડી તેમનું સારુંય અસ્તિત્વ કંપી ઊઠ્યું. સાગરકાંઠે વિખરાઈ જતાં ફીણ-મોજાની જેમ હજુય કેટલાંય દશ્યો તેમની આંખો સામે જ...

બેત્રણ દિવસની ટૂંકી બીમારીમાં પતિ કનૈયાલાલનું આકસ્મિક અવસાન...ઘરમાં કુટુંબીઓની રોકકળ... કનૈયાલાલની અંતિમ યાત્રા...સ્મશાનમાં ભડભડ સળગતી કનૈયાલાલની ચિતા... ! જીવનની ક્ષણ-ભંગુરતાની રાખમાં ઢબૂરાઈ જતાં પોતાના અરમાનોના ફાગણિયા રંગો...જીવનમાં બધું જ ક્ષણિક...બધું જ ક્ષણભંગુરની તેમને થતી તીવ્ર પ્રતીતિ...ને સાપ કાંચળી ઉતારે તેમ તેમણે મોહનાં બધાં આવરણોને એક બાજુ હડસેલી દીધાં. શ્વાસના કાચા તાંતણા ઉપર મોહમાયાનો માંજો ચઢાવીને માણસે પોતાના શ્વાસના લયમાધુર્યને કેટલી હદે ખતમ કરી નાખ્યું છે, એ વાતની પ્રતીતિ પણ હવે જ તેમને થઈ !

બસ, એ દિવસથી તેમની ચેતનામાં ભગવા રંગનો પ્રવેશ...ભૂતકાળમાં પતિએ આ જ વાત તેમને સારી રીતે સમજાવી હતી. પણ કોણ જાણે એ વખતે તેઓ આ વાત બરાબર સમજી જ શક્યાં નહોતાં. પણ હવે જાણે બધું જ સમજાઈ ગયું હોય તેમ તેમણે જીવનમાં શાશ્વત આનંદની ખોજ કરવાનો જ મનોમન સંકલ્પ કરી લીધો.

પતિ કૉલેજમાં તત્ત્વજ્ઞાનના અધ્યાપક હોવા છતાંય શિક્ષિકા તરીકેની નોકરી તેઓ શોખથી જ કરતાં હતાં. હવે નોકરી પણ છોડી દેવાનું મનોમન વિચાર્યું. શાળામાંથી લીધેલી રજાઓ પૂરી થઈ ગઈ હતી. આજે જ હાજર થવાનું હતું. તેમને શાળામાં હાજર થઈ જવાની જરાય ઇચ્છા થતી નહોતી. પણ ઘરનું એકાંત ભોંયરા જેવું પ્રતીત થતાં તેમણે શાળામાં હાજર થઈ જવાનું જ નક્કી કર્યું.

શાળાએ જવા માટે આજ કેટલાય દિવસો પછી તેઓ બહાર નીકળ્યાં. શાળાએ પહોંચતાં જ તેઓ એકદમ હાંફી ગયાં. શાળામાં સ્ટાફની કેટલીય બહેનો તેમને આશ્વાસન આપતાં વીંટળાઈ વળી, પણ તેમના મોંમાં તો માત્ર બેચાર શબ્દો જ : 'જેવી ઈશ્વરની ઇચ્છા...

કનૈયાલાલ પણ જીવનમાં જે કાંઈ સારું-નરસું બનતું કે પછી ગમે તેટલું નુકસાન થઈ ગયું હોય, તો પણ એ જ એક વાક્ય ઉચ્ચારતા.

ભગવતીબહેને પણ જાણે હવે પતિના આ શબ્દોને જ પોતાનો જીવનમંત્ર બનાવી દીધો. બસ, પછી તો શાળામાં કે કુટુંબમાં ક્યાંય પણ જતાં ત્યારે તેમના વ્યક્તિત્વની કેટલીક ચેષ્ટાઓ સામા માણસને પ્રભાવિત કર્યા વગર ન રહેતી - ખૂબ ઓછું ને ધીમેથી બોલવું, નીચી નજર; પહેરવેશમાં પણ સાવ સાદગી જ, ચિંતનમગ્ન આંખો. જાણે દુનિયાભરની કરુણા તેમની આંખોમાં જ કેમ સમાઈ ગઈ ન હોય !

શાળામાંથી છૂટ્યાં બાદ હવે તેમણે અધ્યાત્મ વિષયક પુસ્તકો વાંચવામાં ને ગરીબગુરબાઓની યથાશક્તિ સેવા કરવામાં જ પોતાનું સઘળું ધ્યાન કેન્દ્રિત કર્યું. શહેરમાં આવેલાં અનાથાશ્રમો, તથા ત્યક્તાશ્રમોની મુલાકાત લઈ, દીન-દુઃખિયાં લોકોનાં આંસુ લૂછવામાં, તેમને માટે કંઈક ને કંઈક કરી છૂટવામાં તેઓ વધુ ને વધુ સક્રિય રહેવા લાગ્યાં. જોતજોતામાં શહેરમાં એક વિદુષી નારી તરીકેનું તેમનું નામ લોકજીભે રમતું થઈ ગયું. અંદરખાને તો તેમને આ કહેવાતી પ્રસિદ્ધિનું વજન પણ ખૂંચ્યા કરતું, પરંતુ પોતાની અંતર્મુખતાને બહારની રજ સહેજ પણ ચોંટી ન જાય તેની પણ તેઓ ખાસ તકેદારી રાખતાં.

તેમની પ્રસિદ્ધિના કારણે શહેરમાં કેટલીય સંસ્થાઓ તરફથી તેમને વ્યાખ્યાનો માટે નિમંત્રણો મળવા લાગ્યાં, પણ તેઓ ભાગ્યે જ આવાં નિમંત્રણોનો સ્વીકાર કરતાં. વ્યાખ્યાનો આપવાનું તો તેમને જરાય પસંદ નહોતું, પણ એક દિવસ શહેરની એક પ્રતિષ્ઠિત નારીસંસ્થા તરફથી તેમને 'નારી: એક આદ્યશક્તિ' વિષય ઉપર વ્યાખ્યાન આપવાનું નિમંત્રણ મળ્યું. આથી તો તેમને જાણે પોતાની અંતર્મુખતાનું જળ ડહોળાઈ જતું હોય તેમ જ લાગ્યું. સેવાનો ઢંઢેરો તેમને આ પરિસ્થિતિમાં મૂકી દેશે, એની તો તેમને કલ્પના સુધ્ધાં નહોતી. કેટલાય વિચારોમાં ગૂંચવાતા તેમણે વ્યાખ્યાન માટે આયોજકોને ના જ પાડી દીધી. પણ આયોજકોના વધારે પડતા આગ્રહથી તેમણે થોડું બોલવાની સંમતિ આપી, પણ અંદરખાને તો તેમને કંઈક રંજ જ થઈ રહ્યો હતો.

નિયત તારીખે વ્યાખ્યાન માટે તેઓ સંસ્થામાં પહોંચી ગયાં. કાર્યક્રમ શરૂ થતાં જ આયોજકો તરફથી તેમને ફૂલહાર પહેરાવીને ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું. ગળામાં જાણે કોઈએ સાપ જ પહેરાવી દીધો હોય તેમ તેમને લાગ્યું. તેમણે ઝડપથી ગળામાંથી હાર બહાર કાઢીને ટેબલ પર મૂકી દીધો. હજારો આંખોને પોતાના તરફ કેન્દ્રિત થયેલી જોઈને તેમને ખરેખર મૂંઝવણ થઈ આવી. પછી કોણ જાણે તેમણે ઝડપથી બહુ જ ટૂંકાણમાં પોતાનું વ્યાખ્યાન પૂરું કરી નાખ્યું. આયોજકોને કહ્યું : 'આ સંસ્થાની ભીંતોમાં કોતરાઈ ગયેલી વિધવા-ત્યક્તા બહેનોની કાળી ચીસોએ જ જાણે મારી જબાન ઝૂંટવી લીધી છે !'

તેમણે પોતાને પહેરાવવામાં આવેલા હારને વીંખીને, સંસ્થામાં રહેતી દરેક બહેનને રૂબરૂ મળી દરેકના હાથમાં એકએક ફૂલ મૂકી દીધું ને બહેનોને બેચાર શીખ આપતાં બોલ્યાં : 'કોઈ પણ પરિસ્થિતિમાં આપણે આપણા

વ્યક્તિત્વને એટલી ગરિમા આપવાની છે કે કોઈ આપણી સામે ઊંચી આંખ કરીને જોઈ પણ ન શકે !'

સંસ્થામાંથી વિદાય લેતાં તેમના ચિત્તમાં એક જ પ્રશ્ન ઘૂંટાઈ રહ્યો હતો- નારીના દેહને પીંખી નાખનાર આ વાસનાના દૈત્યને કોણ જાણે કોણ નાથી શકશે ?

પડોશમાં રહેતા રમાબહેનની પુત્રી અલકાને કોઈક સાથે સ્નેહસંબંધ બંધાતા, તે એ યુવક સાથે જ લગ્ન કરવાની જિદ લઈને બેઠી. અલકાને તેના મા-બાપે આવું પગલું ન ભરવા ખૂબ સમજાવી, પણ અલકાએ પોતાની જિદ ન જ છોડી. 'પરણું તો એને જ નહિ તો...'

રમાબહેન અને તેમના પતિ ખરેખર મૂંઝવણમાં મુકાઈ ગયાં. અંતે બધાંએ ભગવતીબહેનની સલાહ લેવાનું નક્કી કર્યું. ભગવતીબહેનને ઘરે બોલાવ્યાં. અલકાની જિદ અંગેની વાતથી તેમને વાકેફ કર્યાં.

ભગવતીબહેન છોકરીની ઘેલછાને પામી જતાં બોલ્યાં : 'અત્યારે તો હું તમને શું સલાહ આપું ? પણ એક કામ કરો. હમણાં તમે અલકાને રોજ મારા ઘરે મોકલતાં જાવ.'

રમાબહેન બોલ્યાં : 'પણ તેથી શું ?'

ભગવતીબહેને કહ્યું : 'મારા સંપર્કમાં રહેવાથી કદાચ તેનું પરિવર્તન થઈ જાય.'

ને અલકાએ મનેકમને ભગવતીબહેનના ઘરે આવવા-જવાનું શરૂ કર્યું. પંદર દિવસમાં તો જાણે અલકા સાવ બદલાઈ જ ગઈ. તેણે તેનાં મા-બાપને કહી પણ દીધું : 'હું હવે મારો નિર્ણય પડતો મૂકું છું ! તમે અને ભગવતીબહેન જેમ કહેશો, તેમ જ કરીશ !'

આથી રમાબહેને અલકાને સાશ્ચર્ય પૂછ્યું : 'તને ભગવતીબહેન કઈ રીતે સમજાવી શક્યાં ?'

અલકા જવાબ દેતાં બોલી : 'ભગવતીબહેને તો મને કશું જ કહ્યું નથી, પણ કોણ જાણે તેમની આભા જ...'

આથી ખુશ થઈને એક દિવસ રમાબહેને ભગવતીબહેનને પોતાના ઘરે જમવા માટે ખાસ નિમંત્રણ પાઠવ્યું. ભગવતીબહેન ઘણી આનાકાની પછી તેમના ઘરે જમવા માટે તૈયાર થયાં. માત્ર બાફેલું શાક અને ઘી ચોપડ્યાં વગરની બે-ત્રણ રોટલી ખાઈને જ ભગવતીબહેન ઊભાં થઈ ગયાં. આથી રમાબહેન બોલ્યાં : 'બહેન, આટલી નાની ઉંમરમાં આવો સાવ સાદો ખોરાક લઈને તમે શરીરને શા માટે કષ્ટ આપો છો ?'

ભગવતીબહેન જવાબ દેતાં બોલ્યાં : 'શરીર તો માત્ર ખોળિયું છે. એની વધારે આળપંપાળ કરવાનો મોહ પણ શા માટે રાખવો જોઈએ ?'

શહેરના એક થીએટરમાં મેટિનિ શોમાં એક સરસ પિક્ચર લાગ્યું. કેળવણી ખાતાની ઉપલી ઑફિસના આદેશાનુસાર શાળાની બાળાઓને આ ચિત્ર જોવા માટે શિક્ષિકાબહેનોએ લઈ જવાની હતી.

શાળાના મુખ્ય આચાર્યશ્રીના આગ્રહ છતાં ભગવતીબહેને કહ્યું : 'હવે સિનેમામાં ક્યારેય પણ પગ ન મૂકવાનો મારો સંકલ્પ છે. એટલે હું તો નહીં જ આવી શકું.'

પણ શાળાની બાળાઓએ તો આગ્રહ કર્યો : 'તમે આવો તો જ અમારે જવું છે, નહિ તો નહીં ....'

ભગવતીબહેનને ધર્મસંકટ જેવું થઈ પડ્યું. અંતે નાછુટકે તેમને બાળાઓ સાથે જવું પડ્યું. તેમને થીએટરમાં બેસવું જરાય ગમ્યું નહીં. થોડુંક પિક્ચર જોઈને જ તેઓ ચૂપચાપ બહાર નીકળી ગયાં.

બીજે દિવસે શાળામાં કેટલાંક બહેનોએ તેમને પૂછ્યું : 'તમે શા માટે અધૂરું પિક્ચર મૂકીને જ...'

ભગવતીબહેને ટૂંકો જ જવાબ આપ્યો : 'મને આ બધું પસંદ નથી...'

એટલે હવે એક ઈર્ષાખોર બહેન બોલી ઊઠ્યાં : 'તમે નોકરી કરો છો. તમારી કંઈ ફરજ ખરી કે નહીં ?'

બીજાં એક બહેનથી કંઈક આવેશમાં આવી જઈને બોલાઈ જવાયું : 'જો આવું સાધ્વી જેવું જીવન જ જીવવું હોય તો પછી નોકરી જ શા માટે ?'

ને આગળપાછળનો કાંઈપણ વિચાર કર્યા વગર જ ભગવતીબહેને નોકરીમાંથી પોતાનું રાજીનામું આપી દીધું. પછી તો બધાંએ એમને રાજીનામું પાછું ખેંચી લેવાં ખૂબ સમજાવ્યાં.

પણ તેમણે સ્પષ્ટ જ કહી દીધું : 'મને કંઈ જ ગળે વળગતું નથી. આમેય હું નોકરી છોડી દેવાની જ હતી. આ જરા વહેલી છોડી એટલું જ.'

નોકરીની માયાને મેલાં કપડાંની જેમ ખંખેરી નાખતાં ભગવતીબહેને વિચાર્યું : અત્યાર સુધી મૃગજળ પી પી ને હું પણ મારી સાચી તરસનો સ્વાદ જ સાવ ભૂલી ગઈ હોઈશ ?

નોકરીમાંથી રાજીનામું આપ્યા બાદ ભગવતીબહેને હવે બહાર જવા-આવવાનું જ જાણે સાવ બંધ કરી દીધું. વળી, હમણાં હમણાં તેમણે જાણે ઘરે જ સદાવ્રત ખોલી નાખ્યું હોય તેમ રોજ ને રોજ ગરીબગુરબાઓને કંઈક ને કંઈક દાનપુણ્ય કરવા લાગ્યાં. તેમની આ પ્રકારની ઘેલછા જોઈને પડોશીઓને પણ આશ્ચર્ય થયું.

એક દિવસ તેમણે પોતાના ઘરેણાં અને કિંમતી વસ્ત્રો બેગમાંથી બહાર કાઢ્યાં. આ બધું પણ તેઓ કોઈકને દાનમાં જ આપી દેવા માગતાં હતાં.

આ જ ઘણી વખતે પહેલી જ વખત પોતાના કિંમતી આભૂષણો ઉપર નજર નાખતાં જ તેમને તેમના પતિ યાદ આવી ગયા.

લગ્નજીવનનાં શરૂઆતનાં વર્ષોમાં તેમના ખાસ આગ્રહથી કનૈયાલાલ તેમના માટે સારો એવો ખર્ચ કરીને સોનાનાં ઘરેણાં લાવ્યા ને બોલ્યા : 'જો કે મને તો આ બધું જરાય પસંદ નથી. માત્ર તારું માન રાખવા જ...'

ભગવતીબહેને કંઈક લાડ કરતાં કહ્યું : 'મનેય ક્યારેક સારું પહેરવાં - ઓઢવાંની ઈચ્છા તો થાય ને ?' ને વસ્ત્રો-ઘરેણાં પહેરી કનૈયાલાલની સામે ઊભાં રહી જતાં તેઓ બોલ્યાં : 'જુઓ, જોઈ, હું કેવીક લાગું છું ?'

તેમના રૂપશૃંગારને જોતાં કનૈયાલાલ હસતાં હસતાં બોલ્યા : 'મને તો આમાં તું ઊલટી કદરૂપી જ લાગે છે. આથી તો તારું અસલ રૂપ જ ઢંકાઈ જાય છે.'

કંઈક નારાજ થતાં ભગવતીબહેન બોલ્યાં : 'તમે કેમ આમ બોલો છો ?'

'તારી પાસે વસ્તુના મૂળ સ્વરૂપને જોવાની આંખ જ નથી. અરીસામાં તું એક વખત તારા જ દેહમાં હાડપિંજરની કલ્પના કરીને જરા જોઈતો જો.'

અરીસામાં પોતાના રૂપશૃંગારને જોતાં જોતાં જ હાડપિંજરની કલ્પના માત્રથી ભગવતીબહેન આંચકો ખાઈ ગયાં.

કનૈયાલાલ તેમની દ્વિધા કળી જતા બોલ્યા : 'દેહ તો ક્ષણભંગુર છે, પછી તેની આળપંપાળ કરવાનો આટલો મોહ પણ શા માટે ?'

'તમારી વાત તો સાચી છે. પણ આ બધું આટલી નાની ઉંમરમાં થોડું વિચારવાનું હોય ?'

'એટલા માટે કે ક્ષણે ક્ષણે આપણે કાળનાં જડબાંમાં જ હોમાતાં જઈએ છીએ' ને વિશેષ સ્પષ્ટતા કરતા કનૈયાલાલ બોલ્યા : 'ભગવતી, જીવનનું સાચું રૂપ તો જીવનની ક્ષણભંગુરતાને પામી જઈને જીવનની અખિલાઈને આલિંગન કરવામાં જ રહ્યું છે. કદાચ અત્યારે તને મારી આ વાત ન પણ સમજાય.'

પણ પતિના અવસાનથી તેમને આ વાત બરાબર જ સમજાઈ ગઈ હતી. પતિની યાદથી કંઈક માનસિક પરિતાપ અનુભવતાં અત્યારે તેમને થયું, શું જીવનની ક્ષણભંગુરતાનો પદાર્થપાઠ મને શિખવવા માટે જ તેઓ આટલી નાની ઉંમરમાં જ....

આજે ભગવતીબહેનના ઘરે આવતાં રમાબહેને કહ્યું : 'ગામમાં એક તેજસ્વી સ્વામીજી આવ્યા છે. તમે તેમને પણ કંઈક દાન કરી શકો તો..'

'હા...હા...કેમ નહીં ? તમે કહેશો ત્યારે આપણે તેમનાં દર્શને જઈ આવીશું.'

બીજા દિવસે સાંજના ભગવતીબહેન રમાબહેન સાથે એ સ્વામીજીનાં દર્શને આવ્યાં. સ્વામીજી વ્યાખ્યાન આપવામાં વ્યસ્ત હતા. એટલે બંને તેમનું વ્યાખ્યાન સાંભળવા એક બાજુ બેસી ગયાં. સ્વામીજીની અમૃતવાણીથી ભગવતીબહેન ભાવવિભોર બની એકદમ પ્રભાવિત થઈ ગયાં.

સ્વામીજીનું વ્યાખ્યાન પૂરું થતાં જ રમાબહેને ભગવતીબહેનને સ્વામીજીને દાન આપવા અંગેની યાદી આપી. ભગવતીબહેને કહ્યું : 'આવા સંતપુરુષને દાન આપવાનું ન હોય; તેમની પાસેથી તો આપણે દાન લેવાનું હોય...'

'તેમની પાસે એવું શું છે કે જે આપણને દાનમાં આપી શકે ?' રમાબહેને પૂછ્યું.

'તેમની પાસે છે, એ કોઈની પાસે નહીં હોય. આવા સુપાત્ર સાધુ જ આપણને જીવનનું વરદાન આપી શકે.'

વ્યાખ્યાન પૂરું થયા બાદ ધીમે ધીમે માણસો વિખરાવા લાગ્યા. એટલે ભગવતીબહેને સ્વામીજીના ચરણસ્પર્શ કરવાની ઇચ્છા દર્શાવી. રમાબહેન સાથે ભગવતીબહેન સ્વામીજી પાસે આવ્યાં. બંનેએ વારાફરતી સ્વામીજીને ભાવપૂર્વક પ્રણામ કર્યાં. પછી ભગવતીબહેને અધ્યાત્મ વિષયક થોડાક પ્રશ્નો સ્વામીજીને પૂછ્યા. સ્વામીજીએ તેમના પ્રશ્નોના સચોટ જવાબ આપી તેમના મનનું સમાધાન કર્યું.

'તમારી નિષ્ઠા અને જિજ્ઞાસા પ્રબળ છે' બોલતાકને સ્વામીજીએ ભગવતીબહેનના કપાળ ઉપર ભભૂતનો ચાંદલો કર્યો. સૌપ્રથમ તો તેમને કપાળમાં ધગધગતી રાખનો જ ચાંદલો થઈ ગયો હોય તેમ લાગ્યું. તેમને ક્યાંય સુધી કપાળમાં બળતરા થવા લાગી. તેમને થયું, કદાચ આ સ્વામીજીનો શક્તિપાત જ હશે. થોડીવારમાં તેમનું આખું શરીર હળવું ફૂલ થઈ ગયું. પછી સ્વામીજીએ બંનેને ભભૂતના પડીકાં આપ્યાં.

કૃતજ્ઞતાનો ભાવ વ્યક્ત કરતાં ભગવતીબહેને ભભૂતનું પડીકું હાથમાં લીધું. તેમને સ્વામીજીને ઘરે પધારવાનું નિમંત્રણ આપવાની ઇચ્છા થઈ આવી. પણ અન્યને પૂછપરછ કરતાં તેમને જાણવા મળ્યું કે સ્વામીજી કોઈનું કંઈ પણ દાન સ્વીકારતા નથી કે નથી કોઈના ઘરનું ભોજન લેતા. આ સ્વામીજી ખરેખર નિસ્પૃહી સંત પુરુષ જ છે, એટલી પ્રતીતિ તો તેમને સ્વામીજીના આભામંડળ ઉપરથી જ થઈ ગઈ હતી. સ્વામીજી આવતીકાલે તો શહેર છોડવાના હતા, અને તેમનો પોતે આ જ સુધી લાભ ન લઈ શક્યાં તેનો ભગવતીબહેનને થોડો રંજ પણ રહી ગયો.

સ્વામીજી આજે શહેરમાંથી વિદાય લેવાના હતા એટલે છેલ્લી વખત તેમનાં દર્શને જવા માટે ભગવતીબહેન તૈયારી કરવા લાગ્યાં. પતિના અવસાન બાદ ઘણા લાંબા સમય પછી આ જ પહેલી જ વખત તેમણે માથામાં તેલ નાખ્યું. માથું ઓળવતાં ઓળવતાં તેમણે અરીસામાં જોયું. કપાળ ઉપર ભભૂતનો ચાંદલો કર્યો. કપાળ ઉપર ચંદનલેપ કર્યો હોય એવી શીતળતા તેમણે અનુભવી.

થોડીવાર પછી બહાર નીકળ્યાં. હજુ સ્વામીજી પાસે પહોંચે એ પહેલાં તો તેમને શહેરમાંથી સ્વામીજીના ચાલ્યા જવાના સમાચાર જાણવા મળ્યા. સ્વમીજીનાં છેલ્લી વખત દર્શન થઈ ન શકવાનો તેમને ઊંડો વસવસો થઈ આવ્યો. કંઈક વ્યથિત હૈયે તેઓ ઘરે પાછાં આવ્યાં. આખો દિવસ કંઈપણ કામકાજમાં તેમનું ચિત્ત ચોંટી શક્યું નહિ. રાત્રિના જમવાની પણ ઇચ્છા ન થઈ. કબાટ ખોલીને તેમાંથી એકાદ જૂની સાડી શોધીને તેમણે કપડાં બદલ્યાં. ત્યાં અચાનક તેમની દૃષ્ટિ પતિની છેવટની નિશાનીરૂપે સાચવી રાખેલી એક શાલ ઉપર પડી. આ શાલ તેમના પતિને સન્માનરૂપે કોલેજના સ્ટાફ તરફથી આપવામાં આવી હતી. શાલને હાથમાં લઈ તેમણે છાતી સાથે દબાવી. પછી સંકેલેલી શાલને પહોળી કરી. શાલમાં પડી ગયેલ સળ તેમના શરીર ઉપર જ ઊપસી આવ્યા હોય તેમ તેમને લાગ્યું. પહેલી જ વખત તેમને ઓરડાનું એકાંત દંતશૂળની જેમ ભોંકાયું. ને શાલને પગથી માથા સુધી ઓઢતાં તેમણે પથારીમાં લંબાવ્યું ! □

નાટ્ય અનુભાવન - ૩

ફેરવર્ણનની કલા : હેમ્લેટ

હસમુખ બારાડી

"હું હેમ્લેટ. મારી વાર્તા તમે જાણો છો. ને મનેય ખબર છે કે શંકાસ્પદ સ્થિતિમાં મારા પિતાની હત્યા થઈ છે. મારી માના કહેવાથી મારા કાકાએ મારા પિતાના કાનમાં ઝેર રેડી જે રીતે ખૂન કર્યું, એ પછી મા કઈ રીતે મારા એ કાકાને પરણી એની વાત ભૂત બનીને મારા પિતાએ કહેવાની નથી; ને ડિટેક્ટિવ બનીને મારે/તમારેય એ શોધવાની નથી...


[આ હેમ્લેટ ભજવતો નટ તખ્તાના કેન્દ્રમાં દૂર ઊભો છે. એણે પેન્ટ ઉપર એક પૂલોવર પહેર્યું છે, હાથમાં ગિતાર છે, રશિયન ધૂન પર એણે લોકનૃત્ય કરી લીધું છે. એ પછીથી આ એની પ્રથમ ઉક્તિ છે.

મોસ્કોના તગાન્કા થીએટરમાં યુરી લ્યુબિમોવાના દિગ્દર્શન હેઠળ ૧૯૭૦માં શેક્સ્પીઅરના "હેમ્લેટ" નાટકમાં એની મુખ્ય ભૂમિકા પ્રખ્યાત રૂસી નટ ઈનોકેનુ સ્મોક્તુનોવ્સ્કી ભજવી રહ્યો છે. હા, આવા પ્રારંભનો સાંસ્કૃતિક સંદર્ભ સમજવો જરૂરી છે.

પેન્ટ ઉપર લાંબી બાંય ને બંધ ગળાનું પૂલોવર પહેરી, હાથમાં ગિતાર પર કોઈ રશિયન લોકધૂન વગાડી પોતાની બહેનપણી સાથે ઝડપી નૃત્યના ત્રણ-ચાર ઠેકા પછી, ખિસ્સામાંની વોદકાની ક્વાર્ટર બોટલમાંથી એ યુવાન બે ઘૂંટ પીએ તો સમજી લેવાનું કે શુક્રવારની સાંજ છે, હવે બે દિવસની રજા છે, અને પાંચ દિવસના 'ઉત્પાદક' શ્રમને અંતે એ નિરાંત લઈ રહ્યો છે...

આખા "હેમ્લેટ" નાટક દરમ્યાન ડેન્માર્કનાં કોઈ સ્થળો રાજમહેલો, કિલ્લાઓ, સ્મશાનગૃહ કે પ્રિયતમા ઑફિલિયાનો ખંડ દર્શાવવા પરદા, ફ્લેટ કે તખ્તાની કે હાથસામગ્રીનો ઉપયોગ થતો નથી. હા, મોટી રૂવાંટીવાળો ભૂખરા રંગનો એક પરદો એવી રીતે બાંધેલો છે, જેને પકડીને ડાબેથી જમણે, ને સામેથી છેક છેડે સુધી, ખેંચી જઈ શકાય.

આ પરદામાંથી ત્રણ સીધી તલવાર બહાર આવે છે. હેમ્લેટની ઉક્તિ ચાલુ છે.]



"મારા પિતાનું ખૂન મારી આ મા અને કાકાએ કરેલું છે."

(રાજા અને રાણી પ્રવેશે છે. તેઓ પેલી તલવાર પર કોણી ટેકવી સિંહાસન પર 'બેસે, છે)'

"મારે વાત એ જ કહેવાની છે કે આ કાવતરાંખોરો હવે મારુંય ખૂન કરવા, મને ય ફસાવવા, મારી પ્રિયતમા પાસેથી મારા ઉદ્દેશો જાણવા મારા મિત્રોને ખરીદી મારી હત્યાનો સંદેશ લઈ જવા કેવા કેવા પ્રપંચો ખેલે છે; (પ્રેક્ષકોને) - જેવું તમારા જીવનમાં તમારી આજુબાજુના કાવતરાંખોરો પ્રપંચો ખેલે છે - એની વાત હું તમને કહું છું. આ જુઓ મારા કાકાએ મારા મિત્રોને ખરીદ્યા.. (મિત્રો સાથેની કાકાની વાતચીત)ને આ જુઓ, હવે હું ઑફિલિયા સાથે વાત કરું છું ત્યારે..." વગેરે વગેરે..

નાટ્યલેખમાં તફાવત

ટૂંકમાં, આખું "હેમ્લેટ" નાટક દિગ્દર્શક લ્યુબિમોવે એ રીતે રજૂ કરેલું કે જેમાં મૂળ શેક્સ્પીઅરના બીજા અંકનું ત્રીજું દૃશ્ય અહીં પહેલા અંકનું પહેલું દૃશ્ય બને: પહેલા અંકનું ત્રીજું દૃશ્ય અહીં બીજું બને, અને ચોથા અંકનું પહેલું દૃશ્ય અહીં ત્રીજું બને... પેલા ભૂખરા પરદાને પકડીને ડાબેથી જમણે, ને સામેથી દૂર ખેંચી, કે એને ઘુમાવી "ટુ બી ઑર નૉન ટુ બી" જેવી જગવિખ્યાત સ્વગતોક્તિઓ ઉચ્ચારાય. ઘોરખોદિયાના દૃશ્યમાં તખ્તામાં "ટ્રેપ" ખોલી એમાં ઊભેલો ઘોરખોદિયો જોઈ શકાય. નીચેથી આવતા વિશેષ પ્રકાશમાં નટ સ્મોક્તુનોવ્સ્કી ક્યારેક તેજ અને ક્યારેક આછા પ્રકાશમાં દેખાય...

પિતાનો હત્યારો કોણ ? મા બેવફા છે ? નિર્દોષ પ્રિયતમા અજાણ્યે પ્રપંચનું પ્યાદું બની છે ? કાકાના મોંની રેખા જોવા કોઈ નટમંડળી દ્વારા પિતૃહત્યા જેવું દૃશ્ય ભજવાય તો ? બદલો લઉં કે ન લઉં ? કેવી રીતે લઉં ? વગેરે પ્રશ્નો મૂંઝાતો/રહેંસાતો/રિબાતો હેમ્લેટ ભજવવાને બદલે, આ પ્રપંચકારો અને પ્રવંચકોની યુક્તિઓને પેશ કરતો, એને ખોલી આપતો અને એ દ્વારા એને તીવ્ર

બનાવી એ વિશે પ્રેક્ષકોને વિચારતા કરતો હેમ્લેટ નટની રમણભૂમિમાં સ્મોકતુનોવ્સ્કી અને લ્યુબિમોવ રજૂ કરે છે! એનો નટ કદાચ હેમ્લેટ "જીવતો નથી" પણ "ભજવે છે"! એની આંખના ચમકારે, એની હાથની મુદ્રાથી ખબર પડે કે હવે ઑફિલિયા પ્રવેશશે, મા આવશે કે નટમંડળી પ્રવેશશે.. એટલે તો "ટુ બી ઑર નૉટ ટુ બી"ની અનિર્ણાયક સ્થિતિ અહીં શંકાને કારણે કે પુરાવાના અભાવને લીધે નથી, પણ પ્રેક્ષકોને પ્રપંચ સમજાવવાની તાલીમની પ્રક્રિયા માટે છે, જેમાંથી અંતે સંદેશો "નૉટ ટુ બી"નો નહીં પણ "ટુ બી" નો નીકળે, એટલે કે પ્રેક્ષકે લેવાના "ઍક્શન"નો નીકળે. એની ભૂમિકા વેરના બદલાની નહીં, પણ પ્રવંચકોને નસિયત કરવાનું શિખવવાની જ બને!

"હેમ્લેટ"ની વાત કરતાં મેં જોયેલાં એનાં અડધોએક ડઝન જુદાં જુદાં નિર્માણોમાંથી આ સૌથી પહેલું એટલા માટે યાદ આવ્યું કે જગતના એ મહાન નાટ્યકારનો આલેખ અનેક રીતે વિશિષ્ટ છે. (જિજ્ઞાસુઓએ મૂળ નાટક અને એનાં શક્ય એવાં વિવેચનો વાંચ્યાં જ હશે પણ એમાં મને જે સૌથી વધુ નોંધપાત્ર વાત એના આલેખમાંથી લાગી છે તે આ કે -

ફેરવર્ણનની કલા

શેક્સ્પીઅરના "હેમ્લેટ" નાટકમાં (અંક ચાર દશ્ય એક)માં (કાકા/રાજા) ક્લાઉડિઅસ (મા/રાણી) ગર્ટ્રુડને કહે છે :

"નિશ્વાસનો, અરે દીર્ઘ નિશ્વાસ તણો, ખરે અર્થ છે. અનુવાદ તું શબ્દમાં યુક્ત છે અમે જાણીએ."

(અનુવાદ : હંસાબેન મહેતા)

આખું "હેમ્લેટ" નાટક, કેટલાક વિદ્વાનોને મતે, આવાં "અનુવાદો", અર્થઘટનો, વિશ્લેષણો, પુનર્કથનો, ચર્ચાઓ, વૃત્તાંતનિવેદનોથી ભર્યુંભર્યું છે. કોઈ પણ એક દશ્ય ભજવાય એ પછી એની વાત એમાંના કોઈ એક પાત્રે કે એમના પર જાસૂસી કરતા પાત્રે યથાતથ ફરીથી કહેવાની હોય, એ વિશે પોતાનો પ્રતિભાવ આપવાનો હોય કે પછી એના કથ્યને થોડું મચડીને કહેવાનું હોય એવાં અનેક દશ્યો છે. કલાઉડિઅસની ઉપરની વિનંતી પછી ગર્ટ્રુડ પુત્ર હેમ્લેટ સાથેના એ દશ્યનું "ફેરવર્ણન" કરે છે. એમાં (એક) હેમ્લેટે જે કંઈ કહેલું એનું યથાતથ વર્ણન છે, (બીજું) ગર્ટ્રુડ એ દશ્યમાંથી જે સમજી છે એમાં પોતાનો પ્રતિભાવ પણ ઉમેરે છે, (ત્રીજું) હેમ્લેટના વર્તનના પોતે સમજેલા ઉદ્દેશો અને અન્ય વિગતો પણ એમાં ગર્ટ્રુડ ઉમેરે છે, (ચોથું) કલાઉડિઅસ પ્રત્યેની પોતાની (નવી) પ્રામાણિકતા દર્શાવવા એને મનભાવતું હેમ્લેટ વિશેનું નિવેદન પણ એ કરે છે, અને (પાંચમું) અંતે ઉમેરે છે કે પોતાનો પુત્ર હેમ્લેટ "પોતાને શક્તિશાળી સ્થાપવા સામ-સામે બાખડના સમુદ્ર અને વાવાઝોડા જેવો ગાંડો" થઈ ગયો છે! ગર્ટ્રુડના "અનુવાદિત વૃત્તાંતનિવેદન"ની અસર પણ રાજા પર પડે છે.

આવાં ફેરકથન-વિશ્લેષણનાં અનેક દશ્યો આખા નાટકમાં છે : બીજા અંકના બીજા દશ્યની રોઝેનક્રેન્ટ્સ અને ગિલ્ડનસ્ટર્નની હેમ્લેટ સાથેની વાતચીતનો વિકૃત અહેવાલ ત્રીજા અંકના પહેલા દશ્યમાં છે. પહેલા અંકના ત્રીજા દશ્યમાં ઑફિલિયા સાથેના દશ્યનું પુનર્વર્ણન પોલોનિઅસ દ્વારા બીજા અંકના બીજા દશ્યમાં એ ક્લાઉડિઅસ અને ગર્ટ્રુડ સમક્ષ કરે છે. નાટકના પ્રારંભમાં જ પિતાના ભૂતના દેખાવા વિશેની હેમ્લેટની વિગતે ચર્ચા ચાલ્યા કરે છે.


આ નાટકમાં હેમ્લેટ પણ અનેક દશ્યો, વાતો, સ્વજનોની ઉક્તિઓ વિશે સતત "ચિંતન" કર્યા કરે છે. ક્યારેક તો આખાં દશ્યોનાં દશ્યો વાગોળાય છે. પરિણામે પાત્રો, પ્રસંગ, વર્તનો, ઉદ્દેશો અનેક દષ્ટિકોણોથી તપાસાય છે. આ દરેક પ્રક્રિયામા ભાષા અનેક રીતે પ્રકટે છે. આ સત્યશોધની કથામાં પ્રેક્ષકો પણ સતત વિચારશીલ રહે, કોઈ પણ વચન-વર્તન કે ક્રિયાની ફેરતપાસ માટે પ્રેરાય, પ્રપંચકારો અને પ્રવંચકોની માયાજાળની ગાંઠો, ઉકેલવા નહીં તો, સમજવા તરફ તો દોરાય જ, અને છતાંય સઘળું નાટ્યરસથી ભર્યુંભર્યું બને...

ભાષા સાથેના શેક્સ્પીઅરના આ પ્રયોગોથી, કેટલાક અન્ય વિદ્વાનોને મતે, "હેમ્લેટ"નાં પાત્રો પોતાની જાતને પામે છે, કેટલાંક અંતરનો અવાજ સાંભળી શકે છે, વળી કેટલાંક તો શબ્દ જ ગુમાવી બેસે છે. પછી બને છે એવું કે જે શબ્દ ગુમાવે છે એ "હેમ્લેટ" નાટકપૂરતું તો જાન પણ ગુમાવે છે. ટી. એસ. એલિયટ કહે છે તેમ "હેમ્લેટ"માં શેક્સ્પીઅર "અકથ્ય ભયાનકને કહેવા" મથી રહ્યો છે.

"હેમ્લેટ" નાટકની પ્રસ્તુતિ મોસ્કોના તગાન્કા થીએટરમાં યુરી લ્યુબિમોવે જે રીતે કરી એ પણ પોતાના એવા જ આગવા અર્થઘટનનું પરિણામ છે; અને એ અર્થઘટન એણે પોતાની પ્રસ્તુતિ દરમ્યાન **થીએટરની ભાષામાં** વ્યક્ત કર્યું છે. પાત્રકેન્દ્રી આ નાટક છેલ્લાં ચારસો વરસોમાં અનેક નટ-દિગ્દર્શકોને જમાને-જમાને આકર્ષતું રહ્યું છે. એ જે પ્રકારની રંગભૂમિ માટે, જે સમય અને પ્રજા માટે લખાયેલું એની તો વિદ્વાનો-સંશોધકોએ કહેલી વાતો જ આપણી પાસે છે.

ગ્લોબ થીએટર

ઇંગ્લન્ડમાં સોળમી સદી - ઇલિઝાબેથન કાળ - માં લંડન પાસેના સ્ટ્રેટફર્ડ - અપોન - એવનના બે માળના ગ્લોબ થીએટર (બંધાયું ૧૫૯૯) માટે મૂળે આ નાટક લખાયેલું. બેએક હજાર પ્રેક્ષકોને એ સમાવી શકતું. લંડનની લગભગ ૧૩ ટકા વસ્તી દર અઠવાડિયે અહીં નાટક જોવા આવતી; રાજ્યના સામંતો અને અધિકારીઓ, વેપારીઓ અને શાહુકારો, સામાન્ય માણસો અને વ્યાવસાયિકોનો એમાં ધસારો રહેતો. "હેમ્લેટ"માં આપણને દેખાય છે પ્રવંચકોને ખુલ્લા પાડવા દશ્યોનાં પુનર્વૃત્તાંતોનું ભાષાકર્મ. પણ શેક્સ્પીઅરે તો ગ્લોબ થીએટરના "પિટ ક્લાસ" માટેય હેમ્લેટના પિતાનું ભૂત, દ્વંદ્વયુદ્ધ, ઘોરખોદિયાઓ, નાટકમાં નાટક, રૂપાળી ઑફિલાયા, હત્યા, કાવતરાં, ઇર્ષ્યા, નિંદા, સ્ત્રીની બેવફાઈ અને "ખૂનકા બદલા ખૂન" વગેરે મનોરંજક મસાલો પણ પૂર્યો છે! ખુદ નટ, કવિ અને રંગભૂમિનો આયોજક શેક્સ્પીઅર ચારસો વર્ષ પહેલાંના ઇંગ્લન્ડના મજૂરને અને આજ સુધીના સામાન્ય પ્રેક્ષકોથી માંડીને બુદ્ધિજીવીઓને સંતોષી રહ્યો છે.



ગ્લોબ થીએટર જમીનમાં ખોડેલા પાયા પર ઈંટો ને લાકડાંની ફ્રેઈમાંથી બાંધેલું આઠ-ખૂણિયું ત્રણ માળનું ઊંચું માળખું હતું. એનો વ્યાસ એક સો ફુટ હતો. ચાર ફુટ ઊંચો લંબચોરસ મંચ તેતાંલીસ ફુટ લાંબો, ચોવીસ ફુટ પહોળો હતો. પ્રેક્ષકો આ મંચને ઘેરીને ઊભે (એક પેનીવાળા પ્રેક્ષકો) કે સામેના અર્ધવર્તુળાકારે આવેલી ત્રણેય માળની ગૅલેરિઓમાં (મધ્યમ-ઉચ્ચ વર્ગ) બેસે, મંચની પાછળના બે માળના માળખાની ગૅલેરિનો પણ નટના દેખાવા અને આવવા જવા માટે ઉપયોગ થતો. મંચ અને ગૅલેરિઓ વચ્ચે ખુલ્લું આકાશ હતું.

મંચમાં વચ્ચે મોટી "ટ્રેપ" ખૂલતી, કે ત્યાંથી ભૂતો/ડાકણોનો પ્રવેશ થઈ શકતો. મંચની આજુબાજુ બે સ્થંભો રહેતા, જેનો નાટકોમાં જંગલનાં દશ્યો માટે ઉપયોગ થતો. આ "એપ્રન સ્ટેજ" પર નાટકની મુખ્ય ક્રિયાઓ ચલાતી. એની પાછળ બાર ફુટ ઊંચા અને ત્રેવીસ ફુટ પહોળા મંચના ભાગમાં ગુફા, રાજદરબાર કે નૃત્યસમારોહ વગેરે "ઊંડાણનાં દશ્યો" ભજવાતાં. એની પાછળનો ઊંચો ભાગ ચૅંબર તરીકે ઓળખાતો. આમ પ્લૅટફૉર્મ, સ્ટડી અને ચેમ્બર એ ત્રણમાં જરૂરત મુજબ નાટકની ક્રિયા અને પાત્રો વહેંચાયેલાં રહેતાં. એની ઉપરના ભાગમાંથી તોપો ફૂટવી વગેરે ધ્વનિ રજૂ થઈ શક્તો. ચેમ્બરની ઉપર સંગીતકારો બેસતા. નાટ્યપ્રસ્તુતિની બે વિરોધાભાસી શૈલી તેમાં એક સાથે હતી : તત્કાલીન સમાજના વાસ્તવનું નિરૂપણ અને પ્રતીકવાદનાં પ્રાથમિક તત્ત્વો. વેશભૂષા પાત્રોચિત અને નયનાકર્ષક રખાતી. "એલેકઝાન્દ્રિઆ", "રોમ," "મહેલ", "જંગલ" એવાં પાટિયાંથી સ્થળનિર્દેશ થતો.

અને એમાં "હેમ્લેટ"ની રજૂઆત

ચારસો વર્ષ પહેલાંના આ થીએટરમાં હોરેશિયો અને માર્સિલસના ગયા પછી દરબાર ભરીને બેઠેલા ક્લાઉડિઅસનું દશ્ય અંદરના ભાગમાં ભજવાયું હશે; હેમ્લેટ અને ઑફિલિયાના દશ્યમાં જાસૂસી કરતા ક્લાઉડિઅસ ને પોલોમિઅસ "સ્ટડી"ના પરદાઓની પાછળ સંતાયા હશે; નટમંડળીનું દશ્ય પ્રેક્ષકો નજીકના પ્લેટફૉર્મ પર ભજવાતું અને એને જોતા દરબારીઓ દૂર ઉપરના મંચે બેસતા હશે; પોલોનિઅસના ઘરનાં અંગત દશ્યો પણ ચેમ્બરના ભાગમાં ભજવાયાં હશે. નાટકને અંતે મૃત અને ઘાયલ માનવીઓ પડ્યા હશે, ત્યારે ઉપરની બાલ્કનીમાંથી ઈંગ્લન્ડના રાજાના એલચીઓનો પ્રવેશ કરાવાતો હશે. હૅમ્લેટ સ્વગતોક્તિ બોલતો પ્રેક્ષકોની વચ્ચે એપ્રન સ્ટેજ પર આવી શકતો હશે. જ્યારે માની સાથે લડતોઝઘડતો હેમ્લેટ મંચના "સ્ટડી" ભાગમાં ગોઠવાતો હશે... આ બધા પરથી એટલું સમજાય કે ગ્લોબ થીએટરમાં અનેક પ્રકારનાં દશ્યો છૂટથી ખુલ્લામાં કરી શકાય એવી, તત્કાલીન નાટ્યપ્રણાલિ મુજબની, **નાટ્યજગ્યાઓ** હતી. એક દશ્યમાંથી બીજા દશ્યનો તંતુ પણ સાંકળી શકાય, એ વિના તો આટલું લાંબું નાટક ભજવવું જ મુશ્કેલ પડી જાય.

શેકસ્પીઅરે પોતાનાં જગવિખ્યાત ટ્રૅજેડિ-કૉમેડિ અને ઐતિહાસિક નાટકોમાં ચાર સૈકા પહેલાંના સમાજનું નિરૂપણ કર્યું. રાજ્યસંચાલનના પ્રશ્નો, ઐતિહાસિક પાત્રોના જય-પરાજયો, વ્યક્તિનો વિદ્રોહનો અધિકાર, રાજકીય આકાંક્ષાઓ, માનવતા, માનવનાં સુખદુઃખો, પ્રેમન્યોચ્છાવરી, દિલોજાન દોસ્તી, ઈર્ષા અને ખેલદિલી વગેરે તત્કાલીન સમાજમાંથી લઈને સર્વદેશકાળ માટે સ્વીકાર્ય બને એ રીતે અનેક નાટકોમાં સાધારણીકરણ કર્યું. કહે છે કે યુરોપના પુનરુત્થાનના એ સમયનો મિજાજ શેકસ્પીઅરે પૂરો ઝીલ્યો નથી, ને તે છતાં એનાં પાત્રોમાં આખું વિશ્વ ઊભરાય છે. "હેમ્લેટ" એનો સૌથી સબળ પુરાવો છે.

"હેમ્લેટ"ની પ્રસ્તુતિઓ

છેલ્લા સૈકાઓમાં એક્લા ઈંગ્લન્ડમાં જ નહીં પણ જગતભરની રંગભૂમિઓ અને વિવેચન-સંશોધન સાહિત્યોમાં શેકસ્પીઅરના "હૅમ્લેટે" ઈતિહાસ સર્જ્યો છે. પણ અહીં તો તેની પ્રસ્તુતિઓના મહાન નટ-દિગ્દર્શકોને જ યાદ કરીએ. ગ્લોબ થીએટરની શેક્સ્પીઅરની કંપનીએ ઈ.સ. ૧૬૦૧માં હેમ્લેટની ભૂમિકા રિચાર્ડ બેરેજે ભજવી હતી. ગણાતો એ ભારે તુંડમિજાજી, પણ છટાદાર સંવાદો માટે એ ખૂબ જાણીતો હતો. બ્રિટિશ નટ ગૅરિકે હૅમ્લેટનું પાત્ર વર્ષો સુધી સમજપૂર્વક પેશ કર્યું હતું. ૧૮૦૩માં ફ્રાન્સમાં પ્રશિષ્ટ શૈલીના નટ જોસેફ તાલમા હૅમ્લેટની ભૂમિકા ભજવતો, ત્યારે પ્રચંડ શક્તિથી તખ્તો ભરી દેતો અને ત્વરિત ગતિથી પ્રેક્ષકોને દિગ્મૂઢ કરતો. ૧૯મી સદીના અંતે મ્યૂને -સ્યુલ્લી નામના નટે વેશભૂષા અને અવાજના ઉપયોગથી હૅમ્લેટની

વિશિષ્ટ રજૂઆત કરી હતી. "હેમ્લેટ"ના બીજા નટોમાં સારા બર્નહાર્ટ, ઝૂડીન દૂપ્રે, વગેરે હતા. એક પ્રયોગમાં તો હેમ્લેટનું કેરિકેચર પણ તેમણે રજૂ કર્યું હતું.


જર્મનીનો વીસમી સદીનો સૌથી મૌલિક દિગ્દર્શક મૅક્સ રેઈનહાર્ટ વિશાળ ખંડો, દેવળો અને મહાલયોમાં વૃંદોનાં નયનરમ્ય કંપોઝીશન્સ સાથે મહાકાવ્યની જેમ "હેમ્લેટ"ની રજૂઆત કરતો. મોસ્કો આર્ટ થીએટરમાં ૧૯૧૦માં નટ ક્યાલોવે હેમ્લેટ તરીકે લોકચાહના મેળવી, પણ ૧૯૨૪માં નાટ્યકાર અન્તોન ચેહફના ભાઈ મિખાઈલ ચેહફે હેમ્લેટને નવી રીતે પેશ કર્યો, કહ્યું : "બે વિરોધાભાસી વિશ્વોની વચ્ચે આ જીવતી વ્યક્તિ પોતાનું સ્થાન ક્યાંય પામી શકતી નથી." ૧૯૩૨માં વાખ્તાન્ગોવ થીએટરમાં દિગ્દર્શક અકીમોવે દૃશ્યોની રૂપસજ્જાથી લોકોને આકર્ષ્યા હતા; જ્યારે મંચ ઉપર બહુસ્તરીય સમાંતર દૃશ્યોથી પ્રપંચકારો સામે એકલા પડી ગયેલા હેમ્લેટનું ચિત્રણ દિગ્દર્શકે ઓખ્લોપ્કોવે ૧૯૫૫માં લેનિનગ્રાદમાં કર્યું હતું.

૧૯મી સદીનો બ્રિટિશ નટ હેન્રી ઇરવિંગ પ્રશિષ્ટ શૈલિની રજૂઆતનો છેલ્લો નટ હતો. એ પછી એની આધુનિક રજૂઆત આરંભી લોરેન્સ ઑલિવિયરે. એ અને જહોન ગિલગુડે ઝીણવટભર્યા આંગિક અને વાચિક અભિનયથી "શેક્સપીરીઅન ઍક્ટર"ની વિભાવના જ જાણે સર્જી આપી. ૧૯૫૫માં શેક્સપીઅર સ્મારક થીએટર દ્વારા દિગ્દર્શક પિટર બ્રૂક અને નટ પૉલ સ્કૉફિલ્ડે હેમ્લેટનાં અંતરનાં ઊંડાણોને બુદ્ધિજીવીઓને છાજે એ રીતે, પ્રેક્ષકો સમક્ષ રજૂ કર્યાં. ટૉમ સ્ટોપાર્ડે હેમ્લેટના બે મિત્રો રોઝિનક્રેન્ટ્સ અને ગોલ્ડન્સ્ટનને કેન્દ્રમાં મૂકી, "હેમ્લેટ"નું પુનર્લેખન કર્યું. (એની નટમંડળી બ્રિટિશ કાઉન્સીલના સહયોગથી અમદાવાદમાં એના પ્રયોગો ૧૯૭૫માં કરી ગઈ હતી. ગુજરાતના રંગભૂમિ-રસિયાઓને એ પ્રયોગ દાઢમાં રહી ગયો છે.) અનેક રંગભૂમિઓનો ઇતિહાસ તપાસતાં એવું જણાઈ આવે કે સારા નટને કોઈ શેક્સપીરીઅન પાત્ર ભજવ્યા વિના, કે સારા દિગ્દર્શકને એનું નાટક ભજવ્યા વિના જાણે રંગભૂમિ પરનું કામ અધૂરું રહ્યું લાગતું હોય છે.

શેક્સપીઅરનાં નાટકોનો સીધો અનુવાદ નહીં પણ શેક્સપીઅરના પ્રભાવે લખાયેલાં/રૂપાંતરિત થયેલાં અનેક નાટકો ગુજરાતમાં પહેલેથી ભજવાતાં રહ્યાં : "નઠારી ફિરંગી ઠેકાણે આવી" - એ શેક્સપીઅરના "ટેમિંગ ઑફ ધ શ્રૂ"નો શ્રી તાલિયારખાનનો પહેલો અનુવાદ સૂરતમાં ભજવાયેલો. ડાહ્યાભાઈ ધોળશાજી, વાઘજી આશારામ ઓઝા, અમૃત કેશવ નાયક વગેરેનાં અનેક નાટકોમાં શેક્સપીઅરનું અનુરણન સંભળાયા કરતું. જો કે આપણે ત્યાં બે પ્રવાહો દેખાય છે : પંડિતોના મુદ્રિત જ રહી ગયેલા અનુવાદો અને શેક્સપીઅરના અનુકરણે ફક્ત ભજવાયેલાં (અને પરિણામે આજે ઉપલબ્ધ પણ ન રહેલાં) નાટ્યઆલેખો. શ્રી રમણભાઈ નીલકંઠના "રાઈનો પર્વત"માં અનેકોને "હેમ્લેટ" દેખાયો છે. શ્રી નરભેરામ પ્રાણશંકર દવેએ 'કાઠિયાવાડી' નામે "શેક્સપીઅરમાળા" નીચે "હેમ્લેટ"નો પણ અનુવાદ કરેલો. આપાભાઈ આશાભાઈ પટેલે "પિતૃતર્પણ" નામે "હેમ્લેટ"નું ભાષાંતર કર્યું હતું. એ પછી અનુષ્ટુપ અને પૃથ્વી છંદમાં હંસાબેન મહેતાએ "હેમ્લેટ"નો પદ્યાનુવાદ કર્યો. શ્રી મનસુખલાલ ઝવેરીએ પણ અનુવાદ કર્યો છે. શ્રી ધનસુખલાલ મહેતા અને શ્રી ઉમાશંકર જોશીએ પણ "હેમ્લેટ"નાં કેટલાંક દૃશ્યોનો અનુવાદ કર્યો છે. ટૂંકમાં શ્રી ચંદ્રવદન મહેતાએ કહ્યું છે તેમ પારસી થીએટર કસ્પીઅ રસિયાઓએ "શેક્સપીઅરને સીધો, આડકતરો, કાપ્યો-સાંધ્યો, માર્યો-મઠાર્યો-તખ્તા પર ઉતાર્યો."

પણ "હેમ્લેટ"ને તખ્તે તો પેશ કર્યો એકલા શ્રી જશવંત ઠાકરે ગુજરાતી થીએટરના ઇતિહાસમાં સો વર્ષે, ૧૯૪૮માં. ભરતનાટ્ય પીઠની સ્થાપના પછી એમણે "હેમ્લેટ"ના આશાભાઈ પટેલના અનુવાદમાં મુખ્ય ભૂમિકા પણ ભજવી. એના ત્રીસ પ્રયોગો કરી એમણે ત્યારે ભારે ધૂમ મચાવી હતી. એમણે ખુદ નોંધ્યું છે : "નર્મદ" પછી "હેમ્લેટ"ના પાત્રમાં મેં એકમયતા અનુભવી હતી; અને પ્રેક્ષકોએ એને સન્માની હતી. એ પછી આજ સુધીના પાંચ સૈકાઓમાં ફરી કોઈએ શેક્સપીઅરના એક પણ નાટકને ગુજરાતી તખ્તે ઉતાર્યું નથી. (આમાં ભૂલ હોય તો ધ્યાન દોરવા વાચકોને વિનંતી) કેમ ? એવા નટો નથી ? દિગ્દર્શકો નથી ? નટની રમણભૂમિ અનુકૂળ નથી ? આવાં મહાન નાટકો, એનાં વિશિષ્ટ પાત્રો, એના માટે જરૂરી અભિનય અને નિર્માણશૈલી વગેરે આપણા નટ, લેખકો અને દિગ્દર્શકોને તાલીમ ન આપી શકે ?

શેક્સપીઅર



વિલિયમ શેક્સપીઅર (ઇ.સ. ૧૫૬૪-૧૬૧૬) કુલ્લે છત્રીસ નાટકોનો કર્તા, કવિ, નટ અને રંગભૂમિ આયોજક હતો. એણે "હેમલેટ", "મૅકબેથ", "જુલિયસ સીઝર", "ઑથેલો", "કિંગ લિયર" વગેરે ટ્રૅજેડિઓ, "વેનિસનો વેપારી", "ટ્વેલ્ફ્થ નાઈટ", "મિડસમર નાઈટ ડ્રીમ", "કૉમેડિ ઑફ એરર્સ", "રોમિયો-જુલિયેટ" વગેરે કૉમેડિઓ; અને "ઍન્થની ક્લિઓપેટ્રા", "હેન્રી" "રિચાર્ડ" વગેરે ઐતિહાસિક નાટકો લખ્યાં છે. □

કથાસરિત્સાગર

કનુભાઈ જાની

(લંબક ૨ : તરંગ ૩)

ઉદયન-કથા

(પૂર્વકથા : શ્રીદત્ત મૃગાંકની શોધે નીકળ્યો; એને કેવાં કેવાં વિઘ્નો આવ્યાં ! લૂંટાયો, ભીલે બંદી કર્યો, મથુરામાં ચોરીનો આરોપ આવ્યો ને શૂળીની સજા થઈ; છતાં ન હાર્યો - એથી, છેવટે, બધું પામ્યો ! એ કથા અંગતકે રાજા સહસ્રાનીકને થાક ઉતારવા સંભળાવી. પછી જમદગ્નિને આશ્રમે પહોંચી, રાણી અને પુત્ર ઉદયન સાથે સહસ્રાનીક પોતાના રાજયમાં આવ્યો; ઘણાં વર્ષો રાજ્ય કર્યું. પુત્ર ઉદયન ઉંમરે પહોંચતાં જ, રાજ એને સોંપી, રાજા-રાણી બન્ને વાનપ્રસ્થાશ્રમ-અર્થે હિમગિરિ ભણી ઊપડી ગયાં. ઉદયને વત્સદેશનું રાજ્ય સંભાળી લીધું, ત્યાંથી હવે ઉદયનકથા આરંભાય છે.)

પછી તો પિતાએ આપેલું વત્સદેશનું[1] રાજ્ય મળતાં (એની રાજધાની) કૌશામ્બીમાં સ્થાયી થઈને ઉદયન પોતાની પ્રજાનું સેપુરે પાલન કરવા લાગ્યો. પણ થોડો સમય જતાં યૌગન્ધરાયણ વગેરે મંત્રીઓને રાજભાર સોંપીને પોતે વધુ ને વધુ મોજશોખમાં લીન થતો ગયો. રોજ શિકાર ખેલે; ને રાતદી, (પૂર્વે) પેલા વાસુકીએ[2] આપેલી મધુર ઘોષવાળી વીણા વગાડ્યા કરે. એ વીણાના મધુર નાદે મન્ત્રમુગ્ધ બનેલા મત્ત વનગજોને મ્હાત કરીને પુરમાં લઈ આવે; અને વારનારીના મુખચન્દ્રના પ્રતિબિમ્બથી શોભતી મદિરાની સાથોસાથ મંત્રીઓની મુખછાયા પણ ઘટઘટાવી જાય.[3] ચિન્તા હતી માત્ર એક જ વાતની : 'મારા કુળને યોગ્ય કોઈ ભાર્યા ક્યાં છે ? એક વાસવદત્તા નામે કુંવરી છે એમ સાંભળ્યું છે. પણ એને મેળવવી કેમ ?' ત્યારે બીજી તરફ ઉજ્જયિનીમાં એ જ સમયે કુંવરીના પિતા ચંડમહાસેનને પણ આવી જ ચિન્તા છે : "મારી પુત્રીને લાયક કોઈ મુરતિયો આ ધરતિ પર તો એક છે 'ઉદયન' નામે; પણ એ તો મારો સદાનો દુશ્મન ! એ વળી મારો જામાતા થાય કેમ ને વશ થાય શી રીતે ? એનો ઉપાય તો એક જ છે : એ અટવિમાં એકલો ભમે છે ! હાથીઓને વશ કરવાનો ધૂની રાજા ! મૃગયાવ્યસની ! (શિકારની લતવાળો !) એ જ એની લતનો યુક્તિપૂર્વક ઉપયોગ કરીને એને અહીં (પકડી) લાવું. ને એ સંગીતજ્ઞ તો છે જ; એટલે પછી મારી પુત્રીને એની શિષ્યા બનાવું. એટલે પછી એની આંખો આપોઆપ એના તરફ સ્નેહભરી થશે જ, નિઃશંક અને એ રીતે એ મારો જામાતા થશે; મને વશ થશે. આ સિવાય એને વશ કરવાનો બીજો કોઈ ઉપાય નથી."

આમ વિચારી, પોતાની યોજના પાર પડે એ માટે દેવી ચંડિકાને મંદિરે જઈને, પૂજા અને સ્તુતિથી દેવીને પ્રસન્ન કર્યા. 'રાજા, તારી મનોકામના શીઘ્ર પાર પડશે' એવી આકાશવાણી સંભળાઈ. પ્રસન્ન થયેલ ચંડમહાસેન રાજાએ, પછી, (મહેલે) આવીને બુદ્ધદત્ત મંત્રી સાથે એ બાબતમાં વિચાર કર્યો. 'એ (ઉદયન) છે તો અભિમાની, લાલચમાં લપેટાય એવો નહિ, એને જ વફાદાર એવા ચાકરોવાળો, મહાબળવાન ! અને સામ આદિ ઉપાયો[4] પણ વશ વર્તે એવો તો નહિ જ; છતાં કામ લેવું જોઈએ તો સમજપૂર્વક જ.' એમ ઠરાવી, રાજાએ એક દૂતને આદેશ આપ્યો : "તું રાજા વત્સરાજ (ઉદયન) પાસે જા અને મારે નામે આ પ્રમાણે કહેજે કે 'મારી પુત્રી સંગીતમાં આપની શિષ્યા થવા ઇચ્છે છે. તો, અમારી પ્રત્યે આપનો જો સ્નેહભાવ હોય તો આપ અહીં પધારીને એને શીખવો.' " એના મોકલેલા આ દૂતે તો ત્યાં કૌશામ્બીમાં જઈને બરાબર આ પ્રમાણેનો જ સંદેશ રાજા વત્સરાજને પહોંચાડ્યો.

દૂતનાં આવાં અઘટિત વચનો સાંભળીને વત્સરાજે યૌગન્ધરાયણ-મન્ત્રીને એકાન્તે બોલાવીને કહ્યું : 'એ રાજાએ આ તે કેવો અભિમાનભરેલો સંદેશો મને મોકલ્યો ! એ દુષ્ટનો શો ઇરાદો હશે ? પૂછવાથી સ્વામીના હિતમાં તો કઠની વાતો પણ કહેનાર મહામંત્રી યૌગન્ધરાયણ બોલ્યો, 'વેલની જેમ વ્યાપેલાં આપનાં જે આ જગજાણીતાં વ્યસનો[5] છે તેનું જ આ ગંધાતું-કડવું ફળ ! એ ચંડસેન આપને રાગી જાણીને કન્યારત્નથી લલચાવી, ત્યાં લઈ જઈ, સ્વીકાર કરાવીને, એમ બાંધી લેવા ઇચ્છે છે. માટે આપ આ લતો મૂકો. ખાડમાં નાખીને હાથીઓને ફસાવાયને એમ જ વિરોધી રાજાઓ (આપના જેવા) લતોમાં ફસાએલાઓને કબજે કરી લે છે.' પોતાના ધીર મંત્રીએ આવું કહ્યું, તેથી વત્સરાજે પાછો એક દૂતને ચંડમહાસેન-રાજા પાસે મોકલ્યો, એવા સંદેશ સાથે કે 'આપની પુત્રી મારી શિષ્યા બને એમ જો ઇચ્છતા હો તો આપ ખુશીથી આપની પુત્રીને અહીં મારી પાસે મોકલી શકો છો.' આમ સંદેશો મોકલ્યા પછી વત્સરાજ પોતાના મંત્રીઓને કહે, '(જુઓને,) હમણાં જ ત્યાં જઈને એ ચંડમહાસેનને તો બાંધીને અહીં લઈ આવું છું.' ત્યારે એ સાંભળીને મુખ્યમંત્રી યૌગન્ધરાયણ કહે, 'ના રાજા, નથી એ શકય કે નથી એવું કરવું ઉચિત. એ રાજા છે જ પ્રભાવશાળી અને આપે એને સ્વીકારી લેવા જેવો (મૈત્રી બાંધી લેવા જેવો) છે. એ બાબતમાં બધું આપને કહું, સાંભળો :

(મંત્રી યૌગન્ધરાયણે સંભળાવેલી રાજા ચંડેમહાસેનની કથા)

અહીં છે ઉજ્જયિની[6] નામે નગરી. પૃથ્વીની શોભા. એનાં મહાલયો તો ચાંદનીધોયા; દેવોની નગરીનેય હસતી હોય એવી નગરી. કૈલાસ જેવો નિવાસ છોડીને જેમાં સ્વયં મહાકાલદેહી વિશ્વાધિપતિ હરે પોતે જેમાં વાસ કર્યો છે એવી. એ નગરીમાં હતો એક રાજા નામે મહેન્દ્રવર્મા, પૃથ્વી પર શ્રેષ્ઠ. એને જયસેનને નામે પુત્ર થયો તે ય પિતાના જેવો જ. એ જયસેનને વળી થયો પુત્ર મહાસેન નામે; મહા બાહુબલિ, રાજાઓમાં હસ્તિ સમાન. પોતાનું રાજય સારી રીતે ચલાવતાં ચલાવતાં એ રાજાને એક વાર થયું કે '(મારે બે વાતે ખોટ છેઃ) નથી મારી પાસે મારે યોગ્ય ખડ્ગ કે નથી મારે લાયક કુલીન ભાર્યા ! આમ વિચારીને રાજા તો દેવી ચંડિકાને મંદિરે પહોંચ્યો. ત્યાં લાંબા સમય સુધી ખડે પગે અને નિરાહારી રહીને દેવીની ઉપાસના માંડી; પછી જયારે પોતાના જ માંસનું જ્યારે દેવીને બલિ ચડાવતાં ચડવતાં હોમકર્મ શરૂ કર્યું ત્યારે પ્રસન્ન થયલાં દેવી સાક્ષાત્ પ્રકટ થઈ બોલ્યાં : 'પુત્ર, હું તારા પર પ્રસન્ન છું. લે મારું આ ઉત્તમ ખડ્ગ. એના પ્રભાવથી તું શત્રુથી સદાય અજિત રહીશ. વળી, તું શીઘ્ર પામીશ અંગારવતી નામે ભાર્યાને ; અંગારક અસુરની પુત્રી, ત્રણેય લોકમાં અનન્ય એવી સુન્દરી. તેં આ અત્યંત પ્રચંડ એવું કર્મ (સ્વમાંસ હોમવાનું) કર્યું હોવાથી તું હવેથી કહેવાશે ચંડમહાસેન.' આટલું કહીને ખડ્ગ આપીને દેવી અંતર્ધાન થયાં અને રાજા પણ પોતાનો સંકલ્પ પાર પડતાં આનંદિત થયો.

હવે, ઓ રાજા, એની પાસે બે રત્નો થયાં : એનું ખડ્ગ અને નડાગિરિ નામે મત્ત હાથી - જેમ ઇન્દ્રને વજ્ર અને ઐરાવત હોય છે તેમ. એ બેના પ્રભાવથી એ સુખી થયો.

એક વાર એ રાજા ઘોર જંગલમાં મૃગયાર્થે સંચર્યો. (૪૩)

પાદટીપ

૧ વત્સદેશ : 'વત્સ' વહાલસૂચક શબ્દ છે, આપણી ગોપાલકતાનો સૂચક. 'વાછડું' વહાલું હોય એમ 'પુત્ર' પણ. બંને 'વત્સ'. વડીલો પ્રેમથી બાળકને 'વત્સ' કહીને સંબોધે. 'વત્સ' પરથી 'વત્સલ' એટલે બાળકો જેને વહાલાં છે તેવી વ્યક્તિ. ભાવવાચક સંજ્ઞા તરીકે 'વત્સલતા' શબ્દ સામાન્ય રીતે વાપરીએ છીએ, પરંતુ 'વત્સિમન્' પરથી 'વત્સિમા' શબ્દ પણ થાય. 'વત્સ'ના અન્ય અર્થો પણ છે. એક અર્થ છે 'વર્ષ'. 'સંવત્સર'માં એ છે. પરંતુ 'વત્સ' નામનો એક દેશ પણ હતો. એનું પાટનગર હતું કૌશામ્બી, ને વત્સદેશના રાજા ઉદયનની કથા એ પ્રાચીન ભારતની એક લોકપ્રિય મનહર લોકકથા હતી :

'લોકે હારિ ચ વત્સરાજચરિતં
(નાટ્યે ચ દક્ષા વયમ્')

એમ 'નાગાનન્દ'માં કહેવાયું છે; કાલિદાસ, 'તું અવન્તી પહોંચીશ ત્યારે ગામડે ગામડે ઉદયકથામાં પ્રવીણ એવા ગ્રામવૃદ્ધો જોઈશ' એમ 'મેઘદૂત'માં ('પૂર્વમેઘ' શ્લોક ૩૦) કહ્યું છે :

'પ્રાપ્યાવન્તીનુદયનકથાકો વિદગ્રામ વૃદ્ધા -

ન્પૂર્વો દ્દિષ્ટામનસુર પૂરીં શ્રીવિશાલાં વિશાલામ્'

('જાણે વૃદ્ધો ઉદયનકથા, દેશ એવો અવન્તિ,
પહોંચી, પે'લાં કહી નગરી જો, લક્ષ્મીથી રેલી રે'તી !' - કિલાભાઈ ઘ.)

હકીકતે આ - 'કથાસરિત્સાગર'ની કથાનો એક મુખ્ય નાયક જ છે વત્સરાજ ઉદયન. એટલે આ કથામાં તો અસંખ્યવાર આ નામ આવે છે. આ દેશ યમુનાતટ પર પ્રયાગ પાસે (અલ્લાહાબાદથી આશરે ત્રીસેક માઈલ છેટે) હતો એમ મનાય છે. 'મહાભારત'માંના ઉલ્લેખ-અનુસાર ભીમસેને એ દેશ જીત્યો હતો. ત્યાં પાંડવોનું રાજ્ય હતું. જામદગ્ન્ય રામના ભયે, પ્રતર્દનના પુત્રનું પાલન ગૌશાળામાં વાછડાઓની સાથે થયેલું તેથી તે કહેવાયો 'વત્સરાજ'. વાછરું સાથે એને સંતાડેલો (શાન્તિપર્વ : અ. ૪૮-૮૬)

'પ્રતર્દનસ્ય પુત્રસ્તુ વત્સો નામ મહાબલ :
વત્સ્ય : સંવર્ધિતો ગોષ્ઠે સ મારક્ષતુ પાર્થિવ:' એ 'મહાભારત'ના ઉલ્લેખો; તો, વાલ્મીકિ રામાયણ મુજબ વત્સદેશ તે ભાગીરથીનો દક્ષિણ કિનારાનો પ્રદેશ'

'સ લોકપાલપ્રતિમ પ્રભાવસ્તીર્ત્વા મહાત્મા
વરદો મહાનદીમ્;
તત: સમૃદ્ધ-શુભસસ્યમાલિન:
ક્ષણેન વત્સાન્મુદિતાનુપાગમત્'

(રા. અયોધ્યા. સ. પર)

એટલે ચોક્કસ કયો દેશ અહીં ઉલ્લેખિત છે તે પ્રશ્ન થાય. અહીં નિર્ણાયક તત્ત્વ છે 'કૌશામ્બી'. આજે જેમ દિલ્હી છે તેમ એક વાર હસ્તિનાપુર હતું ભારતનું પાટનગર. ત્યારે પુરુરવાથી દસમી પેઢીએ થયેલ રાજા ચક્ના સમયમાં હસ્તિનાપુરમાં પૂર આવ્યું ને નગરમાં પાણી પેઠાં ત્યારે એણ હસ્તિનાપુરથી રાજધાની ખસેડી કૌશામ્બીમાં. પછી એ પણ કહેવાઈ મહાનગરી. એ યમુનાતટવર્તી પ્રદેશ વિન્ધ્યવનોથી પણ બહુ દૂર નહિ હોય, એની સીમા મગધને મળતી હશે. એટલે પેન્ઝર પ્રમાણે તો અલ્લાહાબાદથીએ ત્રીસેક માઈલ પશ્ચિમે કરાલી પાસે જેનાં અવશેષો મળ છે તે નગરી હોય. કનિંગહામે બહુ વિસ્તારથી આ વિષે લખ્યું છે. બ્રાહ્મણગ્રંથોમાં, બૌદ્ધ જાતકોમાં વગેરેમાં પણ અનેક સ્થળે 'કૌશમ્બી'નો ઉલ્લેખ છે. આ પ્રદેશનું 'કોસામ્બ-મંડલ' એવું નામ ખરના કિલ્લાના શિલાલેખમાં હોવાનું તથા અકબરના વખતના એક સ્તંભલેખમાં હોવાનું પણ જણાવાયું છે. આ પરથી આ પ્રાચીન નગર છે એમાં બેમત નથી. અલ્લાહાબાદથી ત્રીસેક માઈલ પર હાલ 'કોસમ' છે તે જ 'કૌશામ્બી' એમ વિદ્વાનો કહે છે.

૨ એ વીણા વાસુકીએ નહિ પણ વસુનેમિએ આપેલી એવો ઉલ્લેખ વાર્તામાં આગળ જતાં આવે છે. એટલે અહીં 'વાસુકી' છે તે, નામ સામ્યને કારણે થયેલ મૂળ લેખકનો કે લહિયાનો સ્મૃતિદોષ લાગે છે. પંડિત જગદીશલાલ શાસ્ત્રી સંપાદિત, મોતીલાલ બનારસીદાસ પ્રકાશિત સંસ્કૃત વાચનામાં પણ આવો જ પાઠ છે.

૩. 'છાયા' એટલે 'કાન્તિ', 'રંગ'. મદિરાની પ્યાલીઓ ધરતી વારાંગનાઓનાં મુખબિમ્બો પ્યાલીઓમાં પડે તે એ જેમ પી જાય, તેમ મંત્રીઓના 'રંગ' ઊડતા જાય ! અથવા તેમ મંત્રીઓની 'છાયા' પણ 'પી જાય' (ધ્યાનમાં જ ન લે !)

૪. સામ, દામ, ભેદ અને દંડ એ ચાર કામ કઢાવી લેવાના જાણીતા ઉપાયો. 'સામ' એટલે 'સમજાવટ'; 'દામ' એટલે પૈસા આપીને (લાંચ/બક્ષિસથી) કામ કઢાવી લેવું; 'ભેદ' એટલે અંદરોઅંદર લડાડી મારીને - તડાં પાડીને, કાવાદાવાથી, કામ પાર પાડવું તે; અને 'દંડ' એટલે 'સજા'. ગુજરાતીમાં 'સામ-દામ' કહીએ છીએ પણ સંસ્કૃતમાં 'દામ'ને સ્થાને 'દાન' પણ છે. શત્રુને જીતવા પણ યુદ્ધનો આશરો તો ન જ લેવાનની હિમાયત છે :

સામ્ના દાનેન ભેદેન સમસ્તૈરથવા પૃથક્
સાધિતું પ્રયતેતારીન્ન યુદ્ધેન કદાચન.

(સામદાને અને ભેદે ત્રણે કે કોઈ એકથી
શત્રુને જીતવો સારો, યુદ્ધથી તો કદી નહિ.)

૫ 'વ્યસન' એટલે કુટેવો, દુર્ગુણો. રાજાના વ્યસનો આટલાં ગણાવ્યાં છે :

પાનં સ્ત્રી મૃગયા દ્યૂતં અર્થદૂષણમેવ ચ;
વાગ્દંડયોશ્ચ પારુષ્યં વ્યસનાનિ મહીભુજામ્.

(મદિરા મૃગયા નારી જૂગટું ધનલાલસા
આકરાં વેણ ને દંડ : રાજાનાં અપલક્ષણો.)

૬ ઉજ્જયિનીનો ઉલ્લેખ થાય અને આપણે અટકીએ નહિ, ઉજ્જયિનીસ્મરણ ન કરીએ, તો આપણા કવિ કાલિદાસને ખોટું લાગે. એમનું એ વતન. એક અલકાને અપવાદે, ઉજ્જયિની પર તો એ વારી ગયા છે. આમ તો મેઘના માર્ગમાં એ નગરી નહોતી આવતી; છતાંય એમણે - એમના યક્ષે ખાસ આગ્રહ રાખ્યો કે ભાઈ જરા ફંટાઈને પણ તું ઉજ્જયિનીને જોવાનું જો ચૂકીશ તો હું માનીશ કે તું ખરેખર ઠગાયો છું.' આટલો આગ્રહ ! કિલાભાઈનો અનુવાદ છે :

'રસ્તો વાંકો અહીંથી બહુ છે. ઉત્તરે, મેઘ, જાતાં;
તોયે ઊંચા ભુવન પર જૈ બેસજે ઉજ્જનીમાં'
કારણ ?

'જાણે વૃદ્ધો ઉદયનકથા દેશ એવો અવન્તિ.

અને કહે છે કે : ઉજ્જયિની કેવી છે ?' 'શ્રીવિશાલાં વિશાલાં' ! બે વાર ! અને

'સ્વલ્પીભૂતે સુચરિતફલે સ્વર્ગિણાં ગાં ગતાનાં
શેષૈ: પુણ્યૈર્હૃતમિવ દિવ: કાન્તિમત્ખંડમકમ્'

(- જે ખૂટ્યાથી સુચરિત ફલો સ્વર્ગના વાસીઓનું
બાકી પુણ્યે, ભૂમિ પર વસ્યું હોય વૈકુંઠ બીજું.' - કિ.)

સ્વર્ગે વસનાર સંસ્કારી જીવોનાં પુણ્યકર્મ જ્યારે ખૂટ્યાં ત્યારે અહીં આ બીજું વૈકુંઠ વસ્યું ! એમ સ્વર્ગના પુણ્યના પ્રભાવવાળું બીજું વૈકુંઠ ! એની યાત્રા તો મેઘે પણ કરવી જ - જરા આડા ફંટાઈને પણ ઉજ્જયિની જોયા વિના આગળ ન જવું એવો યક્ષનો વિશેષ ભારપૂર્વકનો આગ્રહ છે ! પછી તો કાલિદાસ 'મેઘદૂત'ના ૨૮મા શ્લોકથી છેક ૪૨મા શ્લોક સુધી, ખાસ્સા ચૌદ પંદર શ્લોક સુધી ઉજ્જયિનીપ્રશસ્તિ કર્યે ગયા ! માણસનો ભૂમિપ્રેમ પણ કેવું રૂપ લે છે ! (આદિલની અમદાવાદ પરની ગઝલ કે રાજેન્દ્રની 'મને ગિરનાર સંઘરશે' - એવું એવું છેક આજ સુધીનું સાંભરે છે ને ?)

(અનુસંધાન પાન ૪૩૫ ઉપર)

ભૂમધ્યને બે કાંઠે : ૧૫

વેનિસ

પ્રીતિ સેનગુપ્તા

આ એક નગરી એવી છે કે એના વિચારથી અને નામોચ્ચારણથી જ મને પુલકિત કરે છે. એની જનપ્રિયતા માટે કોઈને શંકા નથી. એ સુંદર છે, મોહક છે, અસામાન્યે સ્થિત છે, કળાગૃહો અને કલાકારોથી સભર છે, તથા પાણીથી વીંટળાયેલા ભૂખંડોથી બનેલી હોઈ ધીરે ધીરે - પણ નિઃશંકપણે - ડૂબી રહી છે. ને છતાં, ઇટાલીમાં, અરે, આખા યુરોપમાં, બીજું છે શું ? શું કેવળ વેનિસ જ નથી ?

રેતીની પટ્ટીઓ જેવા લાંબા-પાતળા ભૂમિભાગો આડ્રિયાટિક સમુદ્રને દૂર રાખે છે, પણ અંદર ધૂસી ગયેલાં પાણીમાં નદીઓ ઠલવાઈને બનેલાં સરોવર-પ્રદેશમાં પણ નાનાનાના ઘણા ટાપુઓ છે. તેમાંના કેટલાક મળીને વેનિસ શહેરની સરહદ બની છે. ખરેખર તો ત્યાં ૧૬૦ નહેરો છે, ને ૪૩૦ પુલો છે. તો કેટલા ટુકડા પર શહેરની રચના થઈ કહેવાય ? જળસ્થળના સમન્વયવાળી એની ઉપસ્થિતિ અસાધારણ છે. એનું પોતાનું નામ તો અતિખ્યાત છે જ, પણ એના નામે બીજાં પણ શહેરો ઓળખાય છે. દા.ત., શ્રીનગર ભારતનું વેનિસ, બ્રુજિસ બેલ્જિયમનું વેનિસ વગેરે.

વેનિસનો તો જાણે દરેક ખૂણો સુંદર છે. બે બાજુની હવેલીઓનાં કમાન, કારીગીરી, ઝરુખા, બહાર પડતાં ગોઠવેલાં ફૂલોનાં કુંડાં, શોભનીય માર્ગ-દીપકો, લોખંડની કોતરણીવાળી જાળીઓ - અને એ બધાંનાં તરલ પ્રતિબિંબનું નહેરોની નાજુક લહેરોમાં છતાં થવું, 'ગૉન્ડોલા' કહેવાતી નૌકાઓનું સરકવું એવું લયબદ્ધ, ને પેલા એકકેએક પુલની હર્ષપ્રેરક રચના અને એમનાં આવર્જનોનું આકર્ષણતત્ત્વ. હું ચાલ્યા જ કરું, જોયા જ કરું, ને ફોટા લીધા જ કરું. પહેલીવાર પણ વેનિસનું આવું જ ઘેલું લાગ્યું હતું.

ત્યાંના યુવાનો સ્વૈરવિહારી અને યુવતીઓ સ્વરૂપવાન લાગે છે. આવતા-જતાં સામે થતાં 'કેમ છો, આવજો'ના અર્થમાં 'ચાઉ' બોલતાં રહે. બજારના રસ્તા પર વિદ્યુતના ચમકાટવાળી દુકાનો વેનિસની આસપાસની હસ્તકળાની ઉત્તમ વસ્તુઓથી ભરેલી હોય છે. નજીકમાંનો મુરાનો ટાપુ કાચની ચીજ માટે ખ્યાતનામ છે. નખ જેવડી રંગરંગીન કરચોથી અનેક પ્રકારની ચીજો-ઘરેણાં, નાનાં ચિત્રસંપુટ, ડબ્બીઓ વગેરે બનાવાય છે, તેમ જ ગરમ કાચના ગોળામાં ભૂંગળી વડે હવા ભરતાં ભરતાં અત્યંત દક્ષતાથી પ્રવાહી જેવા કાચને વાળીને વિવિધ વસ્તુઓ - એશ ટ્રે, માછલી, પંખી, પ્રાણી - તૈયાર થાય છે. મુરાનો પર આ જોવા માટે કારખાનાં ખુલ્લાં હોય છે. પ્રવાસીઓ આ કળા-પ્રયોગ જોવા જાય તો, સાથેની દુકાનની મુલાકાત લે, ને ખરીદવા પ્રેરાય ને ? ૧૨૯૧થી મુરાનો કાચ-કળાનું કેન્દ્ર છે. અકસ્માતથી વેનિસમાં બધું સળગી ઊઠે, એ ભયથી ભઠ્ઠીઓ ત્યાં ખસેડાઈ હતી. તેથી આ કળા સાથે નામ તો વેનિસનું જ જોડાયેલું છે.

થોડે દૂર બીજા એક બુરાનો નામના ટાપુ પર લેસ-ફીત ગૂંથવાનું કામ થાય છે. કાળાં કપડાંમાં સજ્જ વૃદ્ધ સ્ત્રીઓ ઘરની બહાર, રસ્તાની ધારે બેસીને આ કામ કર્યે જતી હોય. મોટા પાયા પર ટેબલ પર પાથરવાની સામગ્રી તૈયાર કરવા ઘણી સ્ત્રીઓને કામ આપતાં કારખાનાં પણ છે. આ બધા ટાપુઓની વચ્ચેથી પણ નહેરો તો જતી જ હોય. નૌકા લઈને જ બધે જવાનું. વેનિસ સુધી બહારથી ટ્રેન આવે છે ખરી, પણ તે પછી કોઈ વાહન ગામની અંદર નથી જતાં. આ ટાપુઓ અને વેનિસનું આ બહુ મોટું સુખ છે. ટ્રાફિક નહીં, હૉર્ન નહીં, ઘોંઘાટ નહીં. હા, મોટરબોટો થઈ છે હવે, અને એમનાં એન્જિનનું ઘર્‌ર્‌ઘર્‌ર્‌ ચાલુ રહે, પણ તે અસહ્ય નથી.

નયનરમ્ય, હંસ-ગતિવાળી, નિઃશબ્દ, લાંબી ગૉન્ડોલા-નૌકાઓ, ને ગાવા મંડી જતા નાવિકો. આ જ છે વેનિસનું પરિચિત ચિત્ર, અને એનો વ્યાપક માહોલ. ક્યારેક કોઈ મોઢું ચઢાવેલું માણસ મળી જાય, પણ નહીં તો બધાં નિરાંતવાળાં અને સ્મિતવાળાં હોય છે. કેટલાયે ચૉક, લગભગ દરેકની વચમાં શિલ્પ, ફુવારો કે સ્તંભ હોય. નાનાં ઝાડ અને બેઠકો પણ હોય, ને વિદ્યાર્થી જેવાં દેખાતાં યુવક-યુવતીઓ ફરતાં હોય. ચાલીએ ત્યારે ખ્યાલ આવે કે વેનિસમાં કેટલી ખુલ્લી જગ્યા છે. પણ આ બધી જાહેર જગ્યાઓ છે, કોઈનો પોતાનો બાગ-બગીચો કે ઘરનો ઓરડો તો જોવા જ ના મળે. સળંગ દીવાલો બારણાં હોય - બારી ભાગ્યે જ, પણ બંધ હોય. નહેરોનાં પાણી પર પડતી મોટી મોટી હવેલીઓમાં તો ઘણી બારીઓ હોય. તે પણ મોટા ભાગે બંધ જ હોય. ખુલ્લી હોય તેમાંથી ક્યારેક સાચાં, સ્ફટિકનાં ઝુમ્મર દેખાઈ જાય. પણ આ તો હવેલીઓનો પાછલો ભાગ, પ્રવેશદ્વાર એટલે તો દીવાલમાંનું બધું બારણું જ.

અને આ બધું વેનિસની અજબ રહસ્યમય છબી ખડી કરે છે. આટલું ઓછું હોય તેમ શહેર વિષેની સંદિગ્ધતા વધારે છે. ગલીએ ગલીએ જોવા મળતી અસંખ્ય બિલાડીઓ-કાળી, ધોળી, કાબરચીતરી, જતાં-આવતાંને ઘૂરકે નહીં કે ના હેરાન કરે. જો કોઈને બિલાડીની પાસે જતાં છીંકો આવતી હોય કે અસુખ થતું હોય, અથવા બિલાડીનું અપશુકન લાગતું હોય તો વેનિસનું ભ્રમણ નકામું. શહેરીઓને તો એમની હાજરી પસંદ છે, ને બધાં આ માંજારો માટે ખૂણે ખૂણે ખાવાનું મૂકી આવે છે. વેનિસમાં આટલા બધા માંજારોનું હોવું તે જાણે કોઈ અગમ્ય નિયમ છે.

પારેવાં તો વળી વેનિસમાં ઘણાંય વધારે હશે, પણ એ તો જાણે આકાશી નર્તકો. આખો દિવસ ઊડાઊડ કરે, જોનારાંનું મનોરંજન કરે, અને મુખ્ય નગરચૉકમાં તો ચણ ચણવા અનેકના સમૂહમાં ફર્શ સુધી આવે. તોર એવો કે હાથ સુધી ચાંચ ના લાવે. લાગે કે પકડાશે, પણ એ તો આપણો ભ્રમ.

વેનિસ કોને પ્રિય નહીં હોય ? એના ભવિષ્યની ચિંતા પણ દુનિયાભરના લોકોને હૃદયે વસેલી છે, તે ૧૯૯૦માં સાબિત થયું. ઇટાલીના મુખ્યમંત્રી આન્દ્રેઓત્તીએ વેનિસનું નામ ૨૦૦૦ની સાલમાં થનારા 'એક્સ્પો' માટે સૂચવ્યું હતું. 'એક્સ્પો' માટે વેનિસ યજમાન બને એવી તીવ્ર ઇચ્છા ખાસ તો વેનિસમાં જન્મેલા, ઇટાલીના વિદેશ-મંત્રીની હતી, કે જેથી વેનિસની કથળતી આર્થિક સ્થિતિને ફાયદો થાય. પણ ઇટાલીની સંસદના સભ્યોએ આની સામે સખત વાંધો લીધો, અને યુરોપ તેમજ અમેરિકામાંથી વિરોધના કાગળો ને લેખો

લખાયા, અને વિરોધ-વિષયક પ્રવૃત્તિઓમાં સંખ્યાબંધ સંસ્થાઓ તથા અગ્રણી વ્યક્તિઓએ ભાગ લીધો. હજી યજમાન-શહેરના નામની ચૂંટણી થવાની તો વાર હતી, પણ આ બધાં દબાણને લીધે વેનિસનું નામ પાછું ખેંચાયું. (છેવટે, યજમાન તરીકે હેનોવર, જર્મનીની પસંદગી થઈ.)

વેનિસ ચોતરફથી પાણીથી ઘેરાયેલું હોઈ એનું ક્ષેત્રફળ ઘણું સીમિત છે. 'એક્સ્પો' માટે નાટક-સિનેમાનાં થીએટર, નાઈટકલબ વગેરે સ્થાપિત કરવા મોટા મોટા, કૃત્રિમ ટાપુઓ બનાવાયા હોત. પણ વેનિસ-પ્રેમીઓને ભય એ હતો કે પ્રવાસીઓનો જુવાળ શહેર સહી નહીં શકે; ઉપરાંત મોંઘવારી વધી જશે. આગલા વર્ષે પિન્ક ફ્લોઈડ નામના લોકપ્રિય ગાયકને સાંભળવા બે લાખ લોકો વેનિસ પર ચડી આવ્યા હતા. ગયા ત્યારે શહેરને એવું ગંદું મૂકીને ગયા કે સાફ કરવા માટે લશ્કરની મદદ માગવી પડી હતી.

વેનિસની નહેરોમાં પૂર આવે ત્યારે તે ઊભરાય છે, ને વરસાદના અભાવે ઘણી ખાલી પણ થઈ જાય છે. એક તરફ વેનિસ ધીરે ધીરે ડૂબી રહ્યું છે, બીજી તરફ સુકાઈ રહ્યું છે. કેવો કોયડો છે આ ! કેવું ઋજુ શ્વસન છે આ નગરીનું ! એને સ્વપ્નની જેમ જાળવવી પડે, એને પ્રણયની જેમ પોષવી પડે.

"વેનિસમાં 'નિ:શ્વાસના પુલ' પર હું ઊભો રહ્યો, એક બાજુ મહેલ ને બીજી બાજુ કેદખાનું. જાણે કોઈ જાદુગરની લાકડીના સ્પર્શે હોય તેમ મોજાંમાંથી એની ઇમારતોને સાકાર થતી જોઈ. એક હજાર વર્ષ મારી આસપાસ ફેલાઈ જાય છે, અને એની મરતી જતી ઓજસ્વિતા ફીક્કું સ્મિત આપી રહે છે." ૧૮૧૭માં અંગ્રેજ કવિ લૉર્ડ બાયરન વેનિસમાં આવ્યા ત્યારે એમણે એનું આ સ્વરૂપ જોયું. 'એડ્રિયાટિકની રાણી' કહેવાતી આ નગરીએ વહાણવટા દ્વારા પૂર્વ - ટર્કિ, આફ્રિકા વગેરે તરફના બધા રસ્તા, અને એથી વેપાર, સર કરી લીધા હતા. એલેક્ઝાન્ડ્રિઆ, કૉન્સ્ટેન્ટિનોપલ જેવાં અભ્યાસ-કેન્દ્રો સાથે એને ઘનિષ્ટતા હતી, અને યુરોપ સાથે સંકળાયેલી તો આ નગરી ખરી જ. તેથી એની રચના અને સ્થાપત્યમાં ઘણી શૈલીઓનો સમન્વય છે. વેપારની કુનેહની સાથે એની પ્રજામાં કળાની દક્ષતા પણ વિકસી. માર્કોપોલો જેવો આદ્યપ્રવાસી વેનિસમાં આવીને વસ્યો, ને બેલિની જેવા શિલ્પકાર કે કાર્પાચિયો, ટિશિયાન, તિન્તોરેત્તો જેવા અસાધારણ પ્રતિભાસંપન્ન ચિત્રકારો પણ આ નગરીમાંથી જ નિપજ્યા.

લૉર્ડ બાયરન ત્યાં પહોંચ્યા તેની સદીઓ પહેલાંથી વેનિસની પડતી શરૂ થઈ ગઈ હતી. પણ તેથી શું એની મોહજાળ સંકેલાઈ ગઈ ? ફક્ત પ્રવાસીઓ જ નહીં, પણ દુનિયાભરના કવિઓ, લેખકો, નાટ્યકારો, ચિત્રકારો, કળાકારો અને રોમેન્ટિક હૃદયવાળાં સર્વ જન માટે વેનિસ શતશત વર્ષથી લાડકું રહ્યું છે. શેક્સપીઅરે યહુદી શાયલૉક અને મૂર ઑથેલોને સર્જીને વેનિસમાં જ ગોઠવ્યાને. ૧૬મી - ૧૭મી સદીથી સર્જકો માટે વેનિસનું ખેંચાણ પશ્ચિમમાં પ્રસર્યું. અમેરિકનો વેનિસને જરા મોડા, ૧૯મી સદીમાં પામ્યા. ૧૮૬૧માં વિલિયમ ડીન હૉવેલ વેનિસમાં એલચીપદે નિમાયા. ચોવીસ વર્ષની ઉંમરમાં કવિ અને સાહિત્યના વિદ્યાર્થી તરીકે અમેરિકામાં એ જાણીતા હતા. વેનિસને કથાનું સ્થાન રાખી એમણે પણ કેટલીક નવલકથાઓ લખી. ઉપરાંત, જરાયે લાગણીવશ થયા વગર, એના રોજિંદા જીવન વિષે પણ એક પુસ્તક લખ્યું.

વાસ્તવિકતા અને સંયમના આ વલણની સામે વિખ્યાત લેખક હેન્રી જેમ્સનો ઉદ્ગાર જોવા જેવો છે. એ ૧૮૬૯માં વેનિસ આવ્યા, 'હર્ષનો જ્વર' અનુભવ્યો, ને લખ્યું, "વેનિસ-કે જેનો અવસાદ સુવર્ણમય હતો, અને વેદના પોતે ગુલાબના રંગની હતી." જેમ્સે વેનિસના ઉત્કૃષ્ટ કલાકારો - કેટલાકના નામ આગળ આપ્યાં છે - વિષે લખ્યું. જેમ્સ ફરી ફરી ઇટાલી આવતા રહ્યા. એને ફરી જોવાની એકદમ આવશ્યકતા છે, એમ પહેલી મુસાફરી પછી એમણે કહેલું. ફ્રેન્ચ રેવોલ્યુશનથી પ્રથમ વિશ્વયુદ્ધમાં યુરોપિયન અને પછી અમેરિકન સર્જકોમાંથી કોઈ ઇટાલી જવામાંથી બાકાત નહતા. ને ૧૮૫૦ના અરસામાં તો ઇટાલીમાં શિયાળો ગાળવા જવાની ફેશન થઈ ગઈ. પ્રેમમાં પડ્યા હોવાનો જે ભાવ છે તે એ બધા ઇટાલી માટે અનુભવતા હતા. આ બધાં આગંતુકો ત્યાંની મુશ્કેલીઓથી બચ્યાં નહતાં. કેટલાક યુદ્ધ દરમ્યાન કેદમાં પણ પુરાયા હતા ને ઘણાને ભાગી છૂટવુ પણ પડ્યું હતું. મુખ્યત્વે આ બધા ઇટાલીનાં ત્રણ કલાકેન્દ્રો રોમ, વેનિસ ને ફ્લોરેન્સ-માં રહેતા, પણ બેન્જામિન વેસ્ટ જેવા અમેરિકને નાપોલિમાં રહી પૉમ્પેઈ અને તે જ સમયે ભસ્મીભૂત થયેલા એર્કોલાનો (Hercolano)ના પ્રાચીન અવશેષોનો પણ અભ્યાસ કર્યો.

આ બધા જ બેત્રણ વર્ષ કે તેથી પણ લાંબો સમય ત્યાં રહેતા, ને કેટલાક - જેમકે, જર્મન સંગીતકાર વાગ્નર, લૉર્ડ બાયરન, જહૉન કીટ્સ-ત્યાં જ મૃત્યુ પણ પામ્યા. આ એવો દેશ હતો કે જ્યાં આ બધા કળા-સાધકોએ અગમ્ય પ્રેરણા મેળવી, સર્જન માટેની અગાધ ચેતના અનુભવી. જો ઇટાલી પોતે અસાધારણ ઇતિહાસ અને કળાથી આસંકીર્ણ છે, તો એનાથી સીંચાયેલી આ આગંતુકોની સર્જનાત્મકતાનો પ્રસાર આધુનિક વૈશ્વિક ઇતિહાસનો ભાગ બની ગયો છે.

દ્વિતીય વિશ્વયુદ્ધ પછી તો પ્રવાસ સહેલો અને ઝડપી બની ગયો, અને ફરનારાંની સંખ્યા વધતી ગઈ. સાથે જ, જમાનો બદલાઈ ગયો. ૧૮મી-૧૯મી સદીની એ મોહિની હવે સ્થાનોમાં ક્યાં રહી ? યંત્રયુગમાં સ્થાનોની નિર્દોષતા પણ રહેંસાઈ ગઈ. ને છતાં હજી એક સ્થળ ઘણા અંશે ૨૦મી સદીની ક્ષતિઓમાંથી બચી ગયું છે. અલબત્ત, તે છે વેનિસ.

એનું કૌતુક, એનું પ્રલોભન બીજાં શહેરોની સરખામણીમાં તો અણીશુદ્ધ રહેલું લાગે છે. એના જાજવલ્યમાન ભૂતકાળ સાથેનો એનો સંબંધ સાવ તૂટ્યો નથી. પાછલાં હજાર વર્ષના અપ્રતિમ ચિહ્ન લૉર્ડ બાયરનની જેમ, દરેક આગંતુકની આંખની સામે ફેલાતાં રહે છે. વેનિસની ગલીઓ અને નહેરો એક વિસ્મયકર, આનંદકર ભુલભુલામણી રચે છે. ક્યારે ત્યાં નીકળાશે તે શરૂઆતમાં તો ખબર જ ના પડે, અને એ જ તો એનું જાદુ. નગરવાસીઓને જો કોઈ આગંતુક રસ્તો પૂછે તો જવાબ મળવાનો - 'સેમ્પ્રે દિરેત્તો', એટલે કે સીધા ચાલ્યાં જાઓ. જ્યાં ગલી સતત વળતી રહેતી હોય, ને ડગલેપગલે ચૉકના ચકરાવા આવતા હોય ત્યાં વળી 'સીધું' શું ! પણ ખોવાઈ જવાની પણ મઝા હોય છે, ને મોડે-વહેલો પણ પેલો જાણીતો પુલ કે ગણીનો પથ મળી તો જવાનો જ.

જ્યાં આ શહેર પર પુસ્તકો લખાયાં હોય ત્યાં મારે શું કહેવું ? પ્રવાસી કે સર્જક તરીકે મને તો અનેકને અનુસરવાનું જ હોય ને ? એ સૂત્રમાં સંવેદનોને આધારે ક્યાંક ગૂંથાઈ ગયાનો જ હરખ કરવાનો હોય ને ? પણ દરેક સ્થાન-પ્રેમીને એ જગ્યા પોતાની બનાવી દેવાનો હક્ક છે ને વેનિસમાં તો એટલાં રૂપ, એટલા કોણ છે કે દરેક પોતપોતાના મનપસંદ સંશ્લેષ પસંદ કરી, માણી શકે.

હું વેનિસની વચમાં, એક નાની ગલીમાં હોટેલ શોધીને રહી હતી. પાસે જ એક નાની ભોજનશાળા જોઈ, ને ગઈ તો બે-ત્રણ નિરામિષ ચીજો હતી. બટાકાની પેટિસ કહેવાય એવી વાનગી તો ઘણી ભાવી. બીજી કોઈ દુકાનમાંથી ઑલિવ નાખેલી બ્રેડ મળી ગઈ. એમાં ઑલિવનો ખાટો સ્વાદ, એટલે સાથે કશું ના હોય તો પણ ખાઈ લેવાય. આવી રીતે જ પ્રવાસના ઘણા દિવસો જતા હોય છે. પણ ફરિયાદ નથી, કારણ કે પોષણ દશ્યોમાંથી આંખો વાટે જ મળી જાય છે !

સવારથી શહેરમાં સર્વત્ર હલનચલન શરૂ થઈ જાય. દુકાનો ખૂલી જાય. શાક-માર્કેટો ને તાજી માછલી વેચતા અનેક સ્ટૅન્ડ બપોર પહેલાં તો ખાલી થઈ જાય. તે પછી બધું સાફ કરાય, ધોવાય. આ એક ઇટાલિયન શહેર છે કે જે ગંદું-ગોબરું, કદરૂપું કે ખિન્ન નથી. બારીઓમાં ફૂલ, દીવાલો પર ચડતા વેલા, રંગરંગીન નૌકાઓ, ને નગરજનોનાં પગલામાં તરવરાટ. કેટલીયે દીવાલો પર પોસ્ટર ચોંટાડેલાં હોય છે - બધાં જ પ્રદર્શનો, કલાગૃહો, નાટક, સંગીતના જલસા વગેરેની માહિતી આપતાં. જાહેરખબર તો ભાગ્યે જ દેખાય, ને ઊંચાં,મોટાં ધંધાકીય પાટિયાં તો ક્યાંયે નહીં. આ બાબતથી મને બહુ આનંદ થયો. આહ, આ નગર શિષ્ટ હતું, ધૃષ્ટ નહીં; કળાત્મક હતું, કર્કશ નહીં.


આ નગર મારું બનતું હતું સાંજ પછી. પ્રવાસીઓ ચમકતી દુકાનોવાળા રસ્તા પર, ને મુખ્ય નગરચોકમાં જ ફર્યાં કરતાં. રહેવાસીઓ તો જાણે ક્યાંયે જતાં રહેતાં. જ્યાં જુઓ ત્યાં દીવાલો ને બંધ દરવાજા. અહીંની સાંજ બહુ ટૂંકી છે. સૂર્યાસ્ત પેલા 'લિડો' સાગર-કિનારા પર અહીંથી દૂર, જાણે છુપાઈને થતો હોય છે. રાત જાણે અચાનક આવી ચડે છે. ત્યારે જાણે ગૂમ રહસ્યવાળી પેલી ગલીઓ અંધારાની પછેડી ઓઢીને તદ્દન મૂક થઈ જાય છે. કેવી ભેંકાર શાંતિ ! બત્તીઓ એવી ઝાંખી હોય છે કે સાંકડી ગલીઓને પણ અજવાળી નથી શકતી. કેવી ગુમસુમ નીરવતા. ત્યારે ક્યારેક અજબ સોપો પડી ગયો લાગે છે. પોતાનાં જ પગલાંના અથડાતા પડઘાથી ચોંકી જવાય છે.


પણ અહીં ભયનું કોઈ કારણ લાગ્યું નહીં. મને થયું, અહીં દરેક વ્યક્તિ સારી જ હશે શું ? વળી, અહીંના જુવાનિયાને મોપેડ પર ચડીને ઘોંઘાટ કરતાં, ઝડપથી જવાનું મન નહીં થતું હોય ? એ બધા પણ રજાની રાતે, મઝા કરવા ક્યાંક તો જતા જ હશે. ને ત્યારે મને ફક્ત આગંતુક હોવાનો અફસોસ થયો.

ચાલી ચાલીને વેનિસથી થોડી પરિચિત થઈ. કેટલાં તો સંગ્રહાલય ! સમય ખૂટે, પણ વાત ના ખૂટે. મુખ્ય નગરચોકનું નામ પિઆત્ઝા સાન માર્કો. અસંખ્ય કબૂતર, ને આજુબાજુની રેસ્ટોરામાં અનેક ટેબલ. ખાવું-પીવું ના હોય તો એક ક્ષણ પણ ત્યાં બેસાય નહીં. વેઈટર ઊઠાડવા આવ્યો જ સમજો. એક તરફ, સફેદ ને ગુલાબી, કોતરણીને કારીગીરીવાળો, 'અરેબિયન નાઈટ્સ'માંથી પ્રાણ પામ્યો હોય તેવો ડૉજિસ પ્રાસાદ, ને બીજી તરફ સંત માર્કોનું મહોત્તમ દેવળ. એનાં કમાન, સ્તંભ, શિલ્પ, ચિત્ર, આરસની ફર્શ, દીવાલ પરનાં મોઝેઈક, ને શિખરના અગ્ર ભાગમાં નગરનું સુવર્ણમય પ્રતીક - પાંખોવાળો સિંહ.

આહ, ઇટાલીમાં બીજું છે શું ? કે આખા યુરોપમાં ? શું ફક્ત વેનિસ જ નથી ? □


દુનિયાભરનાં સુંદરતમ સ્થાપત્યોમાંનું એક આ વેનિસના સંરક્ષક સંત માર્કનું ભવ્ય દેવળ અગિયારમી સદીમાં બંધાએલું. સેન્ટ માર્ક વેનિસના સંરક્ષક સંત ગણાય છે. તેઓ સાયપ્રસના યહૂદી અને ખ્રિસ્ત ધર્મના મોટા પ્રસારક હતા. ઈજિપ્તમાં એમનું અવસાન થયેલું. આરસના બાંધકામ, સુંદર શિલ્પો અને મોઝેઈક ચિત્રો તથા એક કાળના ત્યાંના વિખ્યાત કલાકારોનાં ભીંતચિત્રોથી વેનિસ-વાસીઓએ છેક ૧૭મી સદી સુધી તેને શણગાર્યા કર્યું હતું. બાયઝેન્ટાઈન અને ગોથિક સ્થાપત્ય શૈલીનો તેમાં ઉત્કૃષ્ટ સમન્વય છે. ચિત્રોમાં જમણી બાજુ આ દેવળ સાથેના ઘંટમિનારનો ભાગ દેખાય છે. ૩૮ મીટર ઊંચો આ મિનાર ૧૨મી સદીમાં બંધાયા પછી ૧૪મી સદીમાં ફરી બંધાએલો. ૧૯૦૨માં એ ભાંગી પડ્યો. પણ વેનિસવાસીઓએ ૧૯૧૨માં એના મૂળ સ્વરૂપમાં જ તે ફરી બંધાવ્યો છે તેની ટોચ આરસની છે.






નીચે : વેનિસના પ્રજાતંત્રના શાસકો ડોજનો પ્રાસાદ. શોભનયુક્ત સ્તંભો અને કમાનો ઉપર ટેકવાએલી ગુલાબી સંગેમરમરની તેની બાહ્ય દીવાલ અને તેની અંદરનાં ભીંત ઉપરનાં ત્યારના મહાન કલાકારોનાં ભીંતચિત્રો વગેરે વેનિસની ભૂતકાલીન જાહોજલાલીની સાક્ષી પૂરે છે.









'S' આકારે વહેતા અને ચાર કિલોમીટર લાંબા, વેનિસના મુખ્ય જલમાર્ગ ગ્રાન્ડ કેનાલ પરનો વિખ્યાત 'રીઆલ્ટો બ્રિજ' અને (જમણી બાજુ) સજા પામેલા કેદીઓને અદાલતમાંથી સીધા કારાગારમાં લઈ જવા માટેનો પુલ 'બ્રિજ ઓફ સાઈઝ.' નીચે વેનિસનો એક જલમાર્ગ તથા ભૂભાગ પરની એક સાંકડી શેરી.








ઈ. ૧૨૭૧માં વેનિસથી નીકળીને મહાન પ્રવાસી માર્કોપોલોએ છેક ચીન સુધીના પૂર્વના દેશોની મહાયાત્રા કરેલી અને ૧૨૯૫માં એ પાછો ફરેલો. એ અરસાના વેનિસનું એક ચિત્ર બાજુમાં દર્શાવ્યું છે. નીચે જમણીબાજુ વેનિસના મુખ્ય જળમાર્ગને કાંઠે ૧૫મી સદીમાં બંધાએલા 'કા દ ઓરો' એટલે કે 'સોનાનું ઘર' નામના એક ભવ્ય આવાસના ગોથિક સ્થાપત્યનો અંશ. બારમીથી અઢારમી સદી સુધીમાં આવા લગભગ ૨૦૦ મહાલયો ગ્રાન્ડ કેનાલના બંને કાંઠા ઉપર બંધાએલા. કલાકૌશલયુક્ત શોભનભર્યા સંગમેરમરના આવા ભવ્ય આવાસો આજે તો હવે દર દસ વર્ષે ત્રણ સેન્ટિમીટરના હિસાબે. પાણીમાં ઊતરતા જાય છે. નીચે દર્શાવેલો વેનિસ પ્રજાતંત્રના કર ઉઘરાવવા અધિકારીનો ગ્રાન્ડ કેનાલ પરનો આવાસ તેનું ઉદાહરણ છે. દુનિયાભરની સુંદરતમ નગરીઓની રાણી ગણાતી આ નગરી અત્યંત ધીરેધીરે તેના પાયાના દરિયાઈ કાદવમાં ઊતરતી જાય છે. સદીઓથી અવારનવાર ચડી આવતી ભરતીનાં પાણી સતત આ નગરીને નુકસાન કરતાં રહે છે.










વેનિસના એક વિખ્યાત ડોજ લીઓનાર્ડો ડોરેડેન (૧૪૩૮ થી ૧૫૨૧). વેનિસની ચિત્રશૈલી ઇટાલીની શૈલી કરતાં જરા જુદી રહી છે, એનું એક કારણ ઇટાલી કરતાં વેનિસ પૂર્વના પ્રદેશો સાથે વધુ સંપર્કમાં હતું તે છે. ઇટાલીના રેનેઝાં કાળની શૈલીનો પ્રભાવ અહીં તો ૧૫મી સદીના મધ્ય પછી પડ્યો. અહીં આપેલા ડોજના છબિચિત્રમાં પશ્ચાદભૂમાં દશ્યાલેખન છે તેમ ચિત્રોમાં પ્રાકૃતિક દશ્યો આપવાં એ વેનિસના ચિત્રકારોની એક આગવી લાક્ષણિકતા રહી છે જે તે સમયનાં ઇટાલીનાં ચિત્રોમાં દેખાતી નથી. ઉપર જમણી બાજુનું માતા મેરી અને બાળ ઇસુ (?)નું ચિત્ર ત્યાંના વિખ્યાત ચિત્રકાર બેલિનીનું છે. ડાબીબાજુનું ચિત્ર વેરોનીઝનું તથા નીચેનું વિવસ્ત્ર સ્ત્રીપાત્ર 'ડાને'નું ચિત્ર ટિશ્યાંએ કરેલું છે. બંને વેનિસના વિખ્યાત ચિત્રકારો હતા.





વેનિસના ચિત્રકારો

મધ્યકાળથી પૂર્વના દેશો સાથે વેનિસનો બહોળો વ્યાપાર હતો, અને એથી ત્યાંના લોકો પોતાના નગરને વિવિધરંગી આરસ તથા પૂર્વના દેશોની અનેકવિધ કલાકારીગરીથી સુંદર સમૃદ્ધ બનાવી શક્યા હતા. ત્યાંના કલાકારો પૈસે ટકે સુખી અને વ્યવહારુ હતા. વેનિસમાં સર્જાએલાં ચિત્રોમાં ત્યાંની ભૌતિક સમૃદ્ધિ વધુ પ્રતિબિંબિત થાય છે. અલબત્ત, ધાર્મિકતાનો પ્રભાવ તો ત્યાંના ચિત્ર સર્જનોમાં યે દેખાય જ છે. ત્યાંના શાસનકર્તા ડોજના પ્રાસાદમાં એક વિશાળ ખંડ છે, ત્યાં ભલે ધાર્મિક ઉજવણીઓ નહોતી થતી પણ ત્યાં યે 'સ્વર્ગ'નું એક વિશાળ ચિત્ર તો છે જ. આ જ રીતે એ પ્રાસાદમાં અન્યત્ર ઘણાં સ્થળે ત્યાંની જુદા જુદા રાજપુરુષો તેમ જ ઉચ્ચ અધિકારીઓને ક્રાઈસ્ટ અથવા માતા મેરીની સાથે ચિત્રમાં દર્શાવ્યા છે. રેનેસાં કાળના ઇટાલીના બીજા કોઈ રાજ્યમાં આ લાક્ષણિકતા દેખાતી નથી. વેનિસના ચિત્રકારો તૈલરંગોના માધ્યમને ઊંચી કક્ષાએ પહોંચાડ્યું હતું. પોતાનાં સર્જનોમાં દેહની ત્વચા, સંગેમરમરની મુલાયમતા, ભાતીગળતા, તેજછાયાના પલટા અને વાતાવરણના તફાવતોને બહુ ઉત્કૃષ્ટતાથી તેમણે ઉતાર્યાં છે. પ્રકૃતિ સૌંદર્યની રજૂઆતમાં એમની મોટી દેણગી રહી છે.

પૂર્વના દેશોની રંગભભક અને કાલ્પનિક દૃશ્યો વગેરે તત્ત્વોનું વેનિસનાં ચિત્રસર્જનોમાં જે મિશ્રણ થયું છે એમાંથી વેનિસનો એક આગવો જ ચિત્રપ્રકાર ઉપસી આવે છે. તૈલચિત્રોની શૈલી અહીં વધુ વિકાસ પામી છે. પંદરમી સદીનો ખ્યાત ચિત્રકાર જીઓવાની બેલિની આ દિશામાં બહુ અચ્છી ક્ષમતા બતાવી ગયો છે.

ઇટાલીના તળપ્રદેશ કરતાં પૂર્વના દેશો સાથેના વધુ સંપર્કને કારણે વેનિસના કલાક્ષેત્રમાં રેનેસાંકાળની કળાનો પ્રભાવ બહુ મોડે સુધી પ્રવેશી શક્યો નહોતો. અહીંની શરૂઆતની ચિત્રકૃતિઓ તેમ જ કલાકૃતિ અને સ્થાપત્યમાં બાયઝેન્ટાઈન પ્રભાવ વિશેષ રહ્યો હતો. પંદરમી સદીના મધ્ય પછી રેનેસાં કલાકાર જેન્ટાઈલ તથા જીઓવાની બેલિની પાડુઆમાં એમના પિતા જેકોપો પાસે શીખીને વેનિસમાં નવા ખયાલો લઈ આવ્યા. બેલિનીનાં કેટલાંક ઉત્કૃષ્ટ છબિચિત્રો બાદ કરતાં લગભગ બધાં ચિત્રો ધાર્મિક વિષયોનાં હોઈ તેમાં એણે ધાર્મિક ચિત્રવસ્તુ સાથે વેનિસનાં પાત્રોને સાંકળી લેવાં સાથે પ્રકૃતિની સુંદર રજૂઆત પણ કરી છે.

પંદરમી સદીનો ક્રીવેલી કાર્લોએ રેનેસાંના હેતુઓને સ્વીકારવા સાથે પર્સ્પેક્ટિવમાં રસ દાખવ્યો છે, છતાં બાઈઝેન્ટાઈન ભવ્યતાને પણ તેણે સાચવી છે. જો કે એના ચિત્રસર્જનમાં ગતિશીલતા ઓછી હોઈ તે શોભનચિત્રો તરીકે વધુ ભવ્ય લાગે છે.

સોળમી સદીના આરંભમાં કલાકાર જ્યોર્જીઓને પણ સારી ખ્યાતિ મેળવી છે. પ્રકૃતિસૌંદર્યને એણે ખૂબ સુંદરતાથી વ્યક્ત કર્યું છે. એનું કામ વેનિસના બીજા ઘણા ચિત્રકારો માટે પ્રેરણા બની રહેલું. આરંભમાં આ ચિત્રકારથી પ્રભાવિત ટિશ્યાંએ તેના ચિત્રસર્જનોમાંથી પ્રેરણા લીધેલી, પણ આગળ જતાં એનાથી યે વધુ જોમવંતી પોતાની આગવી શૈલી વિકાસાવીને વેનિસના ચિત્રકારોમાં એક મહાન કલાકારનું સ્થાન મેળવ્યું હતું. સોળમી સદીમાં દીર્ઘકાળ સુધીને તેનો જીવનકાળ એની પછીના ઘણા કલાકારો માટે પ્રેરણારૂપ બની રહેલો ને બહુ લાંબા સમય સુધી તે પ્રભાવ ટકી રહેલો. એણે ધાર્મિક તેમ પૌરાણિક વિષયો તથા છબિચિત્રોના આલેખનમાં અદ્વિતીય ઉત્કૃષ્ટતા મેળવી હતી. એણે ચીતરેલાં માનવપાત્રો એટલાં તો સુંદર અને સજીવ લાગે છે કે એ પાત્રોના મસ્તકમાં વિચારો ચાલતા હોવાની અને દેહમાં સજીવતા હોવાનો ભાસ થાય. એના રંગવિધાન અને એની પીંછીના સામર્થ્યને કોઈ આંબી શક્યું નથી.

સોળમી સદીના ઉત્તરાર્ધમાં વેનિસમાં બીજા બે કલાકારો પણ ખ્યાત થયા. બંને ટિશ્યાંથી પ્રભાવિત છે ને તેમણે વેનિસના જીવનને અલગઅલગ પાસાંમાં રજૂ કર્યું છે. એમાંનો એક પોલ વેરોનીઝ પ્રાસાદોના શોભનમાં નિષ્ણાત હતો, જ્યારે બીજો ટિન્ટોરેટો ધાર્મિક શોભનચિત્રોમાં અદ્વિતીય હતો. વેરોનીઝના ચિત્રસર્જનની રાજવી નજાકતમાં વેનિસના જીવનની ભવ્યતા જોવા મળે છે, જ્યારે ટિન્ટોરેટોના રંગવિધાનમાં બેલિનીના જેવી ઊંડી ધાર્મિકતાની લાગણી દેખાય છે.

અઢારમી સદીમાં ઇટાલીમાં ચિત્રકળામાં વળતાં પાણી થયાં હતાં ત્યારે વેનિસે પોતાના છેલ્લા મહાન કલાકારો પેદા કર્યા, જે વધુ નિખાલસ અને રોમેન્ટિક હતા. ટાઈપોલો, ગોર્ડી અને કેનેલિટ્ટો તેમાં જાણીતા છે. એમના પછી વેનિસની ચિત્રકળાનું આગવાપણું ધીરેધીરે આથમી ગયું. આ સાથે વેનિસની ચિત્રકળાના ચાર નમૂના રજૂ કર્યા છે. અલબત્ત, એ કળાની સઘળી લાક્ષણિકતા સમજવા માટે પૂરતા નથી પણ છતાંયે તેની કંઈક ઝાંખી એના પરથી પામી શકાશે.

- બિ. ટાંક

અનુસંધાન | સૂર્યસેન | પૃ. ૪૧૦ પરથી

૧૯૩૩ની ફેબ્રુઆરીની ૧૩મી તારીખે ગોઈરાલામાં એક મકાનમાં એ હતા ત્યારે લશ્કરના માણસોએ મકાનને ઘેર્યું. માસ્તરદાએ જોયું કે ભાગવાનો મોકો નથી, એમણે પિસ્તોલમાંથી ગોળીઓ ચલાવી, અને એકલે હાથે સૈનિકો સામે ઝઝૂમ્યા, ને આખરે પકડાયા. પોલીસે એમની ગિરફતારીની ઉજવણી કરી. જેલમાં એમની પર અમાનુષી સિતમ ગુજાર્યા, અને એમની પર જેલમાં જ મુકદ્દમો ચલાવ્યો, કારણ કે જો અદાલતમાં કેસ ચલાવે તો એમના સાથીઓ એમને ભગાડે એવો સરકારને ડર હતો. એમની સાથે જ કલ્પના દત્ત તથા તારકેશ્વર પર પણ મુકદ્દમો ચાલ્યો. ચુકાદામાં તારકેશ્વર તથા સૂર્યબાબુને ફાંસી અને કલ્પનાને આજીવન કેદની સજા ફટકારાઈ.

૧૯૩૪ની ૧૨મી ફેબ્રુઆરીએ 'વન્દેમાતરમ્' લલકારતા લલકારતા સૂર્યબાબુ - માસ્તરદા - ફાંસીએ ચઢ્યા. એમણે એટલા બુલંદ અવાજે વન્દેમાતરમ્ લલકાર્યું કે જેલના બીજા ક્રાંતિકારીઓએ એટલા જ જોરથી 'વન્દેમાતરમ્'નો ઘોષ કર્યો.

આ રીતે શિરસાટે આઝાદીની સશસ્ત્ર લડત લડનાર સૂર્યસેન - માસ્તરદા-નું નામ ભારતના શહીદોના ઈતિહાસમાં સુવર્ણઅક્ષરે ચમકતું રહ્યું છે. □

કમ્પ્યૂટર - ૩

પ્રહ્‌લાદ છ. પટેલ

જેમ જેમ માનવ વ્યવહારો વધુ જટિલ બનતા ગયા અને જેમ જેમ ઇલેક્ટ્રૉનિક-ટેકનોલૉજિનો વિકાસ વધુ ઝડપી બન્યો તેમ તેમ કમ્પ્યૂટર વધુ સુવિધાપૂર્ણ અને કાર્યક્ષમ બન્યાં. વિકાસની કેડી ઉપર કમ્પ્યૂટરની ચાર પેઢીઓ વીતી ચૂકી છે અને પાંચમી પેઢીનો ઉદય શરૂ થયો છે. બધી જ પેઢીનાં કમ્પ્યૂટરની મૂળભૂત દેહરચના સમાન રહી છે. મહત્ત્વના ત્રણ ભાગો ઉપર કમ્પ્યૂટર કાર્ય કરે છે. (૧) નિવેશ (Input) વિભાગ, જ્યાં પ્રશ્ન કે કોયડાને યંત્રની ભાષામાં રૂપાંતરિત કરી દાખલ કરવામાં આવે છે. (૨) મધ્યસ્થ પ્રક્રિયા વિભાગ (Central Processing Unit - C.P.U.), જ્યાં કોયડાનો ઉકેલ તૈયાર થાય છે. (૩) બહિર્વેશ વિભાગ (Output), જ્યાંથી કોયડાનો ઉકેલ, વાપરનાર સમજી શકે તે ભાષામાં ઉપલબ્ધ થાય છે. મધ્યસ્થ પ્રક્રિયા વિભાગ ત્રણ અંગો (એકમો) ધરાવે છે - માહિતીઓ એકત્રિત કરી રાખનાર સંગ્રહાલય (Memory), ગાણિતિક અને તાર્કિક વિભાગ તથા કંટ્રોલ વિભાગ એ સી.પી.યુ..ના અંગો છે. કમ્પ્યૂટર કંટ્રોલ વિભાગનાં સૂચનો મુજબ કાર્ય કરે છે. દાખલા તરીકે મેમરીમાંથી કોઈ એક સંખ્યાને ગાણિતિક એકમમાં દાખલ કરવામાં આવે છે. સરવાળો કરવાનો હુકમ મળતાં આ સંખ્યાનો ગાણિતિક એકમમાં રહેલી સંખ્યા સાથે સરવાળો થાય છે. આ સરવાળો ગાણિતિક એકમમાં રહે છે. આ સરવાળાને મેમરીમાં પણ મોકલી ત્યાં સંગ્રહ કરી શકાય છે. સી.પી.યુ. મેમરી, તાર્કિક (કે ગાણિતિક) અને કંટ્રોલ વિભાગની મદદથી સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર કરી ઉકેલને બહિર્વેશમાં મોકલી આપે છે. ગણિતના સાદા ઉકેલો સાથે કમ્પ્યૂટર જટિલ ત્રિકોણમિતીય વિધેયો વિકલન, સંકલનના ઉકેલો તૈયાર કરે છે. સી.પી.યુ.માં કરવામાં આવતી પ્રક્રિયાઓની શ્રેણી અથવા પરંપરાને કાર્યક્રમ (Programme) કહે છે. પ્રક્રિયામાં આવતાં વ્યક્તિગત પદોને સૂચનાઓ કહે છે.


મેમરી (સંગ્રહએકમ)માં સંખ્યાબંધ વ્યક્તિગત સ્થિતિસ્થાનો (Locations) અથવા સરનામાં હોય છે. પ્રત્યેક સ્થિતિસ્થાન માહિતી સંચિત કરવા માટે શક્તિમાન હોય છે. સ્થિતિસ્થાનોના ચોક્કસ જૂથને રજિસ્ટર કહે છે. ખૂબીની વાત તો એ છે કે કોઈ એક સ્થિતિસ્થાનમાંથી માહિતીનો એક વખત ઉપયોગ કર્યા પછી પણ તે માહિતી અસંખ્ય વખત મેળવી શકાય છે. સ્થિતિસ્થાન ઉપરથી માહિતીનો ઉપયોગ કર્યા પછી તે કંઈ ત્યાંથી ભૂંસાઈ જતી નથી. ડિજિટલ કમ્પ્યૂટરમાં કોઈ પણ કોયડાના ઉકેલ માટે જરૂરી એવી બધી જ માહિતી સંચિત કરી રાખવામાં આવે છે. યોગ્ય માહિતી એક વખત મેમરીને આપી દેવામાં આવે પછી તેનો ઉકેલ તૈયાર થાય ત્યાં સુધી બાહ્ય પરિબળોથી સ્વતંત્ર હોય છે. આખરી તૈયાર થયેલ ઉકેલને સી.પી.યુ.માં સંચિત કરી રાખવામાં આવે છે, અને જરૂર પડે ત્યારે બહિર્વેશ દ્વારા ઉકેલ મેળવી લેવામાં આવે છે.

પ્રોગ્રામ (કાર્યક્રમ)માં ઉકેલ માટે જરૂરી સૂચનો અને શરતો મૂકવામાં આવે છે. કંટ્રોલ (અંકુશ) વિભાગ પ્રોગ્રામ મુજબ પ્રક્રિયાઓ કરવા માટે જરૂરી હુકમો કરે છે. કંટ્રોલ એકમ સૂચનાઓ ભેગી કરે છે પછી તે તેના અમલ માટેનું આયોજન કરે છે. દાખલા તરીકે આ વિભાગ "ગુણાકાર"ના હુકમનું શ્રેણીબદ્ધ સરવાળાની પ્રક્રિયામાં રૂપાંતર કરે છે. (૬૫ x ૬ = ૩૯૦ માટે ૬૫ + ૬૫ + ૬૫ + ૬૫ + ૬૫ + ૬૫ = ૩૯૦ લખી શકાય) અહીં જે તે યંત્રના પક્રિયાત્મક સિલ્દાંતો મુજબ સૂચનાઓનો અમલ થતો હોય છે.

ઇનપુટ વિભાગ પંચકાર્ડ, ચુંબકીય ટેપ અથવા કિબોર્ડ (Key board)ની મદદથી કાર્ય કરે છે. અહીં ડેટા (આપેલી વિગતો)ને સાંકેતિક ભાષામાં રૂપાંતરિત કરવામાં આવે છે.


આઉટપુટ વિભાગમાં ઈનપુટ વિભાગથી ઊલટી પ્રક્રિયા થાય છે. અહીં કમ્પ્યૂટરની ભાષાનું વાપરનાર સમજી શકે તેવી ભાષામાં રૂપાંતર થાય છે. જો પ્રિન્ટર હોય તો તૈયાર થયેલ ઉકેલ છાપેલાં પત્રકોમાં મળે છે. ઉકેલ પંચકાર્ડ ઉપર પણ મેળવી શકાય છે. જેમ કે રેલ્વે કે હવાઈ મુસાફરી માટેના આરક્ષણની બધી વિગતો પડદા (Display Unit) ઉપર વાંચી શકાય છે અને પછી પ્રિન્ટનો હુકમ મળતાં ટિકિટ ઉપર બધી વિગત છપાય છે.

ઈલેક્ટ્રૉનિક કમ્પ્યૂટરમાં કેરેકટર્સ વિદ્યુત્ સ્પંદો દ્વારા વ્યક્ત કરવામાં આવે છે. મોર્સ સંકેતમાં ડેશ(-) અને ડોટ (.) [આડી નાની લીટી અને ટપકું] અનુક્રમે વિદ્યુત્ભારની હાજરી અને ગેરહાજરી સૂચવે છે. વિદ્યુત્ભારની હાજરી ને (૧) વડે અને વિદ્યુત્ભારની ગેરહાજરીને (૦) વડે દર્શાવવામાં આવે છે. જો S ને ૦૦૦ વડે અને O ને ૧૧૧ વડે દર્શાવવામાં આવે તો ભયના સંકેત SOS ને 00011000 તરીકે વ્યક્ત કરી શકાય. ઇલેક્ટ્રૉનિક



શબ્દની રચના

ડિજિટલ કમ્પ્યૂટરની બ્લૉક આકૃતિ



કમ્પ્યૂટરમાં દ્વિઅંકી પદ્ધતિ (BInary DigiTS BITS)નો ઉપયોગ થાય છે. તેમાં માત્ર બે જ અંકો ૧ (એક) અને ૦ (શૂન્ય)નો ઉપયોગ થાય છે. વિદ્યુત્ સ્પંદની હાજરી ૧ વડે અને ગેરહાજરી ૦ વડે દર્શાવાય છે. અહીં ઈનપુટ યાંત્રિક રચના બિલકુલ સરળ છે, પણ કાર્યક્રમ ઘડનાર (પ્રોગ્રામર) માટે કઠિન કામ છે. કારણ કે ૧ અને ૦ના સંદર્ભમાં બધું વિચારી શકાતું નથી.

ઈનપુટ રચના કેરેક્ટર્સને દ્વિઅંકી સ્વરૂપ આપે છે. ૧ અને ૦ ના સંકેતો મુજબ તૈયાર કરેલી માહિતી ઇનપુટ દ્વારા સી.પી.યુ.માં જાય છે. ત્યાં સૂચના અને હુકમો મુતાબિક પ્રક્રિયા થાય છે, જ્યાં કોયડાનો ઉકેલ તૈયાર થાય છે. આ ઉકેલ આઉટપુટમાં મોકલવામાં આવે છે. અહીં દ્વિઅંકી પદ્ધતિમાં તૈયાર થયેલ ઉકેલને સુપરિચિત સ્વરૂપ આપવામાં આવે છે. ઇનપુટ-આઉટપુટ કમ્પ્યૂટરનાં બાહ્ય અંગો છે, જ્યારે સી.પી.યુ. તેનું આંતરિક અંગ છે. ઇનપુટ ખાતે સામાન્ય ભાષાનો કમ્પ્યૂટરની ભાષામાં અનુવાદ થાય છે. ત્યાર પછી સી.પી.યુ.માં પ્રક્રિયાબાદ તૈયાર થયેલ ઉકેલનો આઉટપુટ ખાતે કમ્પ્યૂટરની ભાષાનો સામાન્ય ભાષામાં અનુવાદ થાય છે. એટલે કે અનુવાદ-પ્રક્રિયા - અનુવાદનો ક્રમ ચાલે છે.

BIT એ કમ્પ્યૂટરમાં માપનો નાનામાં નાનો એકમ છે. કેટલાક BITS (બિટ્સ) ભેગા કરતાં કમ્પ્યૂટરનો શબ્દ BYTE (બાઈટ) થાય છે. કમ્પ્યૂટરમાં જગા BYTES વડે મપાય છે. કમ્પ્યૂટરની ક્ષમતા BYTES વડે નક્કી થાય છે. BYTESના સંદર્ભમાં કમ્પ્યૂટરનો શબ્દ વ્યાખ્યાયિત થાય છે. આઠ BITSમાંથી એક BYTE બને છે અને બે કે વધુ BYTES વડે શબ્દ બને છે. પ્રત્યેક BYTEમાં ૮ BITS હોય છે. સામાન્યતઃ ૪ BYTEનો શબ્દ બને છે. આથી આવા શબ્દમાં ૩૨ BITS હોય છે. બિટ્સ-બાઈટ્સ-શબ્દનો સંબંધ નીચેની આકૃતિ વડે સમજી શકાય છે.

કમ્પ્યૂટરમાં દ્વિઅંકી પદ્ધતિ ઉપરાંત દશાંશ પદ્ધતિ (જેમાં ૦,૧,૨,૩,૪,૫,૬,૭,૮,૯ અંકોનો ઉપયોગ થાય છે.) તથા સમાંકી પદ્ધતિ (જેમાં ૦,૧,૨,૩,૪,૫,૬ અંકોનો ઉપયોગ થાય છે)નો પણ સમાવેશ થાય છે.

સરળતા ખાતર કમ્પ્યૂટરને કોઈ એક કારખાના સાથે સરખાવી શકાય. જેમ કારખાનમાં કાચો માલ દાખલ (ઈનપુટ) કરવામાં આવે છે તેમ કમ્પ્યૂટરમાં કોયડાને ઈનપુટ કરવામાં આવે છે. જેમ કારખાનું પાકો માલ તૈયાર કરે છે તેમ કમ્પ્યૂટર ઉકેલ તૈયાર કરે છે. જેમ તૈયાર પાકો માલ કારખાનામાંથી બહાર પડે છે તેમ કમ્પ્યૂટરમાંથી ઉકેલ આઉટપુટ થાય છે. કારખાનાની જેમ કમ્પ્યૂટર માણસને માત્ર મદદ કરી શકે છે. કમ્પ્યૂટર કંઈ માણસ બની શકતું નથી. કારણ કે તેને લાગણી કે સ્ફુરણા જેવું કંઈ હોતું નથી. તે માત્ર યંત્ર છે. તેમાં યાદદાસ્ત (મેમરી)ની રચના કરવામાં આવે તો પણ કમ્પ્યૂટરમાં હૃદય કે આત્માનું પ્રસ્થાપન શક્ય નથી. માણસનું મગજ લાગણી, રુચિ, જ્ઞાન, અર્થ અનુભવને આધારે કેટલીક પ્રાથમિકતાનો ખ્યાલ કરી શકે છે. કમ્પ્યૂટર તેમ કરી શક્તું નથી. તે તો ક્યારે શું કરવું તેની સૂચનાઓની યાદી - પ્રોગ્રામ - મુજબ જ કાર્ય કરે છે. □

અનુસંધાન] કલાવાર્તા [પૃ. ૪૪૩ પરથી

આર્ટમાં ત્યાંનો શિલ્પ-વિભાગ જોયો, અને પર્સ્પેક્ટિવની ઝંઝટ નહિ એટલે તેમાં જોડાઈ ગયા. ફીમાં માફી મળી અને એક શિષ્યવૃત્તિ પણ મળી ગઈ અને ૧૯૫૪થી શિલ્પકલાનો અભ્યાસ આદર્યો.

અહીં જ એમને પ્રભાનો પરિચય થયો, જે આગળ જતાં લગ્નમાં પરિણમ્યો. પૈસાની સગવડ તો હતી નહિ એટલે પ્રભાનો હાર અને પોતાની વીંટી વેચી બંનેએ કાશ્મીરમાં મધુરજની માણી. પાછા ફર્યા બાદ મિત્રો પાસેથી સહાય મેળવી બંને મુંબઈ આવ્યાં. આરંભમાં જ થોડું કામ મળી ગયું અને ત્યાર પછી વિઠ્ઠલે શિલ્પકામમાં અને પ્રભાએ ચિત્રકામમાં ઉત્તરોત્તર પ્રગતિ સાધતાં જઈ પારિતોષિકો પણ મેળવવા માંડ્યાં. આમ, શિલ્પક્ષેત્રે વિઠ્ઠલે અને ચિત્રક્ષેત્રે પ્રભાએ પોતપોતાની આગવી પ્રતિભા અને પ્રસિદ્ધિ મેળવ્યાં હતાં. આ સાથે વિઠ્ઠલની શિલ્પકૃતિઓ તથા એક ચિત્ર રજૂ કર્યાં છે. આ અંકના પૂઠા પર આપેલ વૃષભ પણ વિઠ્ઠલનું જ એક શિલ્પાંકન છે, જેમાં તેણે વૃષભના દેહાકાર દ્વારા પૌરુષસભર તાકાતનું દર્શન કરાવ્યું છે, જ્યારે અહીં દર્શાવેલી બે શિલ્પકૃતિઓમાં ઘન દેહાકારમાં પ્રવાહી સાયુજ્ય સાધ્યું છે. □

૭. ગોરા

તા.૨૫-૪-૭૬. ઈમર્જન્સીને કારણે છાપાંમાં રાજકારણની વાતો આવતી તો ઓછી થઈ ગઈ છે, રાજકર્તા પક્ષ સિવાય વિરોધ પક્ષો તો ઇમર્જન્સીમાં મૂગા કરી દેવાયા છે. હવે તો ઇન્દિરાજી આમ બોલ્યાં કે ફલાણા પ્રધાન તેમ બોલ્યા એ જ છાપવાનું રહ્યું છે; પણ તેમાં આખું છાપું કેમ ભરાય ?

એટલે હવે નિત નવાં કૉલમ આવવા લાગ્યાં છે. આવા એક કૉલમમાં આન્ધ્રપ્રદેશના મહાન નાસ્તિકવાદી ગોરા વિષે વાંચ્યું.

મૂળ નામ તો ગોપાળરાજુ રામચંદ્રરાવ. ધન્ધે બોટની(વનસ્પતિ-શાસ્ત્ર)ના પ્રોફેસર. પણ પોતાના નામમાંથી ધર્મ-પરાયણતાની ગંધ ન આવે એટલે નામના પહેલા પહેલા અક્ષર ઉપરથી (ગોપળરાજુનો 'ગો' અને રામચંદ્રરાવનો 'રા') પોતાનું નામ ગોરા રાખ્યું હતું.

તેનું એવું માનવું હતું કે ધર્મને કારણે અંધશ્રદ્ધા પોષાય છે, ધર્મને કારણે ઊંચનીચના ભેદ ઊભા થાય છે. એટલે ઇશ્વર અને ધર્મની વાત કરવાને બદલે નીતિ અને સદાચારનો જ પ્રચાર કરવો જોઈએ.

૧૯૩૬માં ગોરાએ ગાંધીજીને અનીશ્વરવાદ વિષે લખ્યું અને તેમની સાથે ચર્ચાની માગણી કરી. પણ ગાંધીજી તો પૂરા આસ્તિક. તેમણે ગોરાને કશી દાદ આપી નહિ. પણ ૧૯૪૮માં ગોરા ગાંધીજીને મળ્યો. દરમિયાનમાં આંધ્રનાં ગામડાંના ઉત્કર્ષ માટે તથા હરિજનોના ઉદ્ધાર માટે ગોરાએ જે પ્રવૃત્તિ ઉપાડી હતી તેથી ગાંધી પ્રભાવિત થયા હતા. ગોરાએ ગાંધીને કહ્યું, 'મારે તો નીતિ અને સદાચાર તરફ લોકોને વાળવા છે અને તે તો ઇશ્વર અને નશીબમાં લોકોની શ્રદ્ધા ઘટે તો જ થઈ શકે.' ગાંધીએ કહ્યું કે મારો ઇશ્વરવાદ સાચો છે અને તમારો અનીશ્વરવાદ ખોટો છે એમ તો હું કેમ કહી શકું - આપણે બન્ને સત્યના શોધક છીએ અને પરિણામ ઉપરથી જ ખબર પડશે કે કોણ સાચું છે.

ગોરાની પુત્રીનાં લગ્ન હરિજન યુવક સાથે ગોઠવાયાં. ગાંધીજી લગ્નમાં હાજરી આપવાના હતા, પણ તે પહેલાં તો તેમનું ખૂન થયું. તે લગ્નમાં નેહરુ હાજર રહ્યા હતા.

પણ ગોરાને રહેવા માટે કોઈ ઘર ભાડે આપે નહિ. છેવટે તેણે જમીન ભાડે લઈ ત્યાં ઝૂંપડું બાંધ્યું. બોટનીનો પ્રોફેસર ત્યાં રહેવા ગયો.

તેના નાસ્તિકવાદી વિચારો તથા પ્રવર્તમાન વેહમી રીતરિવાજો સામેની તેની જેહાદને કારણે કાકીનાડાની કૉલેજે તેમને રૂખસદ આપી. તેણે યુનિવર્સિટીના વાઈસચેન્સેલરને અપીલ કરી. વાઈસચેન્સેલરની દરમિયાનગીરીથી તેને નોકરીમાં તો પાછો લીધો, પણ ક્લાસ રૂમ સિવાય વિદ્યાર્થીઓને મળવાની મનાઈ ફરમાવી. ગોરા પોતે વર્ષને છેડે કૉલેજમાંથી છૂટો થયો.

છેવટે જ્યારે કુંવારી માતાઓના પક્ષમાં તેણે ઝુંબેશ ઉપાડી ત્યારે તો તેને મદદ કરતા ઘણા મિત્રો તેનાથી છૂટા થઈ ગયા. તેના સેવા-કેન્દ્રને મળતી મદદ ઓછી થઈ ગઈ. તેનું કુટુંબ હમેશાં ગરીબીમાં જ રહ્યું હતું. અનીશ્વરવાદના પ્રચાર માટે તે ભારતમાં ખૂબ ફર્યો હતો. કિ.ધ. મશરૂવાળા, આરણ્યનાયક્મ્ જેવા ગાંધીવાદીઓનો તેને હમેશાં સહકાર મળ્યો હતો.

લોકોએ માન્યું કે ઉંમર જતાં ગોરા જરા ઢીલો પડશે; પણ ૧૯૭૪ની જુલાઈની ૨૬મી તારીખે ૭૨ વર્ષની ઉંમરે એક જાહેરસભામાં જુસ્સાદાર ભાષણ કરતાં કરતાં તે ગુજરી ગયો ત્યારે પણ તેના ચહેરા પર દુઃખ કે પશ્ચાત્તાપનાં નિશાન નહોતાં, કર્તવ્ય પૂરું કર્યાના સંતોષની આભા હતી.

૮. તિથિનો ક્ષય

તા.૭-૧૧-૭૭. આ વરસે બેસતું વર્ષ ભારતીય પંચાગ-વ્યવસ્થાની વિશેષતા પોકારતું આવે છે. બેસતાં વર્ષને દિવસે પડવો (એકમ) નથી પણ બીજ છે ! કાર્તક શુદ એકમનો ક્ષય છે ! આ માયા સમજવા જેવી છે.

પૃથ્વીની ધરી આસપાસના પરિભ્રમણની મદદથી આપણને દિવસનું માપ મળે છે ને ચંદ્રના પૃથ્વી આસપાસના પરિભ્રમણથી આપણને માસ (મહિના)નું માપ મળે છે તથા પૃથ્વીના સૂર્ય આપપાસના પરિભ્રમણ પરથી આપણને વર્ષનું માપ મળે છે. હવે વર્ષના માસ ૧૨ અને માસના દિવસ ૩૦ (કે ૩૧ કે ૨૯ !) એ પૂર્ણાંક આંકડા બરાબર બંધબેસતા તો ક્યાંથી આવે ? ચંદ્રના પૃથ્વી આસપાસના પરિભ્રમણકાળને પૃથ્વીની ધરી આસપાસના પરિભ્રમણકાળ વડે ભાગો તો જવાબ પૂર્ણાંક જ આવે તેવો અકસ્માત શેનો થાય ? અને તેથી જ ક્ષય અને વૃદ્ધિની માયા ભારતીય પંચાગમાં ઊભી થાય છે.

પૂર્ણિમા કે અમાવાસ્યા એ નિશ્ચિત ક્ષણ છે. હવે આવી બે પૂર્ણિમા વચ્ચેના ગાળાને ૩૦ સરખા ભાગોમાં વિભાજિત કરી દરેક ભાગને તિથિ કહીએ છીએ. બીજી રીતે કહીએ તો ચંદ્રની સંપૂર્ણકક્ષાને ૩૦ ભાગોમાં વિભાજિત કરી છે, આમ, તિથિ એ સમયગાળો છે તેમ જ ચંદ્રની કક્ષાનો ટુકડો પણ છે. હવે કોઈ પણ દિવસે સૂર્યોદય સમયે ચંદ્ર જે તિથિગાળામાં હોય તે તે દિવસની તિથિ ગણાય. પણ બે સૂર્યોદય વચ્ચેનો સમય અને એક તિથિગાળો કાપવા ચંદ્રને લાગતો સમય સરખા નથી અને તેથી તિથિ અને દિવસના ગણતરીક્રમમાં ફેર પડી જાય છે.

એવું બને કે સોમવારે સૂર્યોદય વખતે ચંદ્ર ત્રીજી તિથિમાં હોય તેથી સોમવારે ત્રીજ પણ સૂર્યોદય પછી અડધા કલાકમાં જ ચંદ્ર ત્રીજી તિથિમાંથી ચોથી તિથિમાં દાખલ થઈ જાય અને તે દિવસોમાં જો ચંદ્રની ગતિ-ઝડપ વધારે હોય તો મંગળવારે સૂર્યોદય પહેલાં જ ચોથી તિથિ ઓળંગી પાંચમીમાં પ્રવેશ કરી દે. તો મંગળવારે સૂર્યોદય વખતે ચંદ્ર પાંચમી તિથિમાં હોય તેથી પાંચમ થાય. સોમવારે ત્રીજ, અને મંગળવારે પાંચમ. ચોથનો ક્ષય !

આવું આ વર્ષે અમાસ, પડવો અને બીજ વચ્ચે થાય છે. શુક્રવારના સૂર્યોદયે અમાસ છે. શનિવારના સૂર્યોદયે પડવો નથી પણ બીજ છે. પડવો બે સૂર્યોદય વચ્ચે આવી જાય છે ! એટલે પડવાનો ક્ષય છે !

પણ એકમનો ક્ષય હોય તેથી કાંઈ બેસતું વર્ષ ન થાય તેવું થોડું જ છે. બેસતું વર્ષ એટલે નવા વર્ષનો પહેલો દિવસ. એને પંચાગકારો ભલે બીજો દિવસ કહે, પણ આમજનતા માટે તો તે પહેલો દિવસ જ છે !

(અનુસંધાન પાન ૪૩૪ ઉપર)

અંધારિયો મલક

મણિલાલ પટેલ

વતનના મારા ઘર પછવાડે ટેકરીઓ આવેલી છે. બોડી, સફેદ પથરાળી ટેકરીઓ. ચોમાસામાં એ મૂંડેલાં માથાં જેવી લાગે છે. આમાંની એકબે ટેકરીઓ પર છાપરાં છે, ઘાસફૂસ અને પાંદડાં છાયેલાં છાપરાં. ધરતીની ધૂળ અને છાપરાંનો રંગ એક જ. આ છાપરાંમાં નાયકા વસે. નાયકાઓ આદિવાસીની એક જાતિના હશે, એમનો મૂળ મલક પૂછીએ તો ગુજરાત-રાજસ્થાનની સરહદ પરનો મહીકાંઠો દર્શાવે. વરસોથી એ અહીં વસે છે. ખેતમજૂર તરીકે રહે. દર વર્ષે એમની વસતિમાં એકબે નવાગંતુકો ઉમેરાય, ટેકરી પર ગમે ત્યાં એકબે છાપરાં ઊભાં થાય...આમ, એ પાંચ સાત ઘરની - એક કુટુંબની - જૂની વસાહત આજે તો નાનકડા ગામ જેવી લાગે. અમે એનું નામ પાડ્યું હતું : 'સૂકી મુવાડી'. આજે ય એ 'લીલી' મુવાડી બન્યું નથી.

આ નાયકા અમારા બાળપણમાં કૌતુક જેવા અને મોટપણે ન સમજાય તેવું આશ્ચર્ય રહ્યા છે. એ લખેવાંચે નહીં, પણ બધા એમને વ્યવહારમાં નાયક કહે. એ તો બીચારા, સાવ અડબંગ. અટકનીય સભાનતા નહીં. દેશ-દુનિયા વિશે ય ઝાઝી ગતાગમ નહીં પછી લોકશાહી, ચૂંટણીઓ કે અવનવી વિજ્ઞાનશોધો વિશે તો એ ક્યાંથી જાણે ? પણ હરેક વાતનું કુતૂહલ ભારે. નવી વસ્તુ જુએ ને પછી માંહ્યોમાંહ્ય વર્ણવે ને હસે. એમની એવી ઠાઠાઠોળી વાહનો વિશે સાંભળવા મળે....મોટર સાયકલ એમને મન વંઠેલો પાડો. સ્કૂટરને એ 'સકૂટર' કહે_હમણાં હમણાં નીકળેલાં નાનાં વાહનોને એ તીતીઘોડાં કે ચામાચીડિયાં કહે. સામે આવતાં ભાળીને અમથું અમથું ભડકે ને સવારી કરનાર સામું જોઈને ફકફક હશે. હવે ખાસ ધ્યાન આપતા નથી...તો ય જેવો મૂડ...

આ ટેકરીનો સૌથી સૌમ્ય અને ગામને વહાલો આદમી તે તો પૂજો ગોવાળ. પૂજા તળસી નાયક ! આખો અવતાર ગામનાં ઢોર ચરાવ્યાં. એ એનો ઇજારો હોય એમ બીજા કોઈએ એની હયાતીમાં ઢોર છોડાવ્યાં નહોતાં. મારકણાં ઢોરનેય મારે નહિ, હોંકારે મનવે. ડુંગરે, ચરામાં, નાળિયોમાં કે ટેકરીઓ પર ઢોર ચરાવે. ઉનાળે બેત્રણ માસ રજા પાળે. ત્યારે ખેતી વગરનાં ખુલ્લાં ખેતરમાં ઢોર છૂટાં મૂકી દેવાય... નદીએ પાણી પીને ઢોર આપમેળે ઘેર આવી જાય. પણ જ્યાં સુધી પૂજા તળસીની 'એ ઢોરાં છોડજો...ઓ...ઇ...' એવી બૂમ ન પડે ત્યાં લગી જાણે ઢોરને અને ગામને કળ ના વળે. પૂજો એ રીતે ગામનો ગોવાળ ! પૂજાની બૂમ પડે સવારે દસ વાગ્યાની આસપાસ. બૂમ સાંભળતાં જ અમે દફતર લઈને તૈયાર... અગિયારે વર્ષનું ભણતર ને એનો પ્રત્યેક દિવસ પૂજાની બૂમથી આરંભાયેલાં, પૂજો અમારું ઘડિયાળ. ને પૂજાની ઘડિયાળ સૂરજદેવ, આતમસૂઝ. ઢોરાં આડવાની વેળા પર આખા ગામનું સમયપત્રક ગોઠવાય. પૂજો વખતનો ચુસ્ત પાલક. રોટલાકટ્ટી ના થયાં હોય તો ભૂખ્યા ચાલવા માંડવાની ટેવ. પૂજો ખમીસ ને નીચી લ્હેરનું ધોતિયું પહેરે, માથે ચટાપટાળો રૂમાલ, હાથમાં લાકડી અને રોટલાના ભાથાની પોટલી. બધાંનો રંગ ધૂળિયો. પૂજો કપડાં ધૂવે પણ સાબુ લાવે કયાંથી ? ઉપર માટીથી ધૂવે. પૂજો સૂકલકડી, ઊંચો માણસ. હસમુખો ચ્હેરો ઘાટીલો કહેવાય એવો. એમાં ભૂરી ભૂરી મૂછો ઓપ ભરે. એની કથ્થાઈ આંખોમાંથી નેહ નીતરે. રોજ રોટલાનો વારો હોય એ ઘેરથી રોટલા બાંધતો જાય ને ઢોર છોડતો જાય. બૈરાં ભાતભાતની સૂચના આપે.. 'પૂજાભઈ, જરા મારી સાંદરીને જોજો; કોઈની ભેહ મારે નઈ, અમી થોડા દા'ડામાં જ વાવા (વિયાળા)ની સે.' તો કોઈ કહે: 'પૂજાભઈ, અમારી બાખડીને પાડો આવે તો રોકજો જરા.. મૂઈ થતી જ નથી..' પૂજો જવાબ આપવાને બદલે કેવળ હસ્યા જ કરે, અવાજ વગરનું. ઉમરનો આધેડ તો ય બૈરાં એને ખખડાવે 'પીટ્યો અહે સે.. એમાં અહવાનું આં આયું ?' લોકોનાં દૂઝણાંની ફિકર પણ પૂજાએ જ કરવાની.

પોદળા વીણવા જતી વારાવાળી પટલાણીઓ પણ પૂજાનો દમ પાડે, ધક્કા ખવરાવે. પણ પછી પાક્કો પૂજો ઢોર વાળીને નિરાંતે ઝાડ તળે બેસી રહે. ચોમાસાનું આભલું ગોરંભાયું હોય ત્યારે મોઢામાં પાવો મૂકીને સૂર છેડે.. મકાઈના ખેતરમાં માળા પર રહીને અમે એનો પાવો સાંભળતા. આખી સીમ પર એ અવાજ છવાઈ જતો. ક્યારેક ઘણું કહેવા છતાં ન પાવો વગાડે કે ન બોલે. હસીને વાત ટાળે. લાગે કે કશુંક દર્દ છુપાવી રહ્યો છે. વેળા-કવેળાએ એની જોડે વાત કરવાનું સૌને ગમે. પણ પૂજો ભાગ્યે જ બોલે. ઘણુંખરું તો આંખથી વાત કરે, ચ્હેરા પર ભાવો જોતાં જ આપણે એનો ઉમળકો કે થાક, એની નાનકડી દુનિયાની કોઈ ગૂંચ પામી જઈએ. તમાકુ મૂકીને ધંતૂરી (ચૂંગી) સળગાવે, (ભીના કપડાની) સાફી વીંટીને પછી દમ મારે.. બ્રહ્માંડ ચૂસી લેવા માગતો હોય એમ છાતી ફુલાવે ને પછી ધુમાડાના ગોટા કાઢતો કાઢતો હળવો થઈ જાય. પાવો ને ધંતૂરી એનાં કાયમી સાથી. રોટલો ખાય એથી વધારે તો ઘેર લઈ જવા બાંધી રાખે. સાંજે એ જ રોટલો પત્ની રેશમ સાથે બેસીને છાશ ને મરચા સાથે ખાય. રેશમ પણ કોઈના ઘેર કામે ગઈ હોય તો થાળી ભરીને ખીચડી લાવી હોય.. ને ભલું હોય તો છોકરાંને કે કામે ન ગયેલા જમાઈને બધું વ્હેંચીને બેઠી હોય. પૂજો આવે ત્યારે રાતનું અંધારું ટેકરીઓને ગળી ગયું હોય. ને છાપરાંને અજવાળવા ઘાસલેટની ચીમનીય ના હોય. તાપણામાં સળગતા દેવતાને અજવાળે ભૂખ્યા-ખાધાની એંધાણી વર્તીને વ્યવહાર ચાલે. પછી તગતગતા અંગારા ભરીને ધંતૂરી સળગે. પતિપત્ની બેય પીધા કરે. વળી જમાઈ લઈ આવ્યો હોય તો દેશી દારુ ય હોય. સાવ પાણીપાતળો, કસહીન. પૂજો પીવે, પત્નીય થોડો પીવે ને પછી બેઉ જંપી જાય. અવતાર ધરીને વાતો કરવાનું તો ક્યારે બનતું હશે ? બધાં જ છાપરાં ટમટમતાં તાપણાંથી ઝાંખાંપાંખાં કળાય. પુરુષો ક્યારેક ભેગા બેસીને પીવે. ક્યારેક કોઈ મજૂરીની, પટેલો સાથેના ઉધડ વગેરેના વ્યવહારની કે આંબા યા ખેતરો સાચવવાની ભાંજગડ પડી હોય તો વાતો ચાલે. નાયકા રાતભર

એમની ભાષામાં પટેલોને ભાંડતા રહે, ટીખળ કરે ને જંપી જાય. પટેલને ત્યાં ભાગે કે ઉધડથી નોકર રહેતા નાયકા પણ સાંજ પડે થાળ ભરીને ખીચડી ને મકાઈનો રોટલો લઈને ઘેર આવે, ત્યાં ખાય નહિ. ઘેર સૌને વ્હેંચી દે ને વધે તો ખાય. નહિ તો બીજે દિવસ સવારે પટેલ શીરવીને ત્યાં ભૂખ ભાંગે. રોજનો આ નિયમ. નાયકાના ઘરમાં ન કોઠી હોય કે ન દાણા હોય. માટીનાં વાસણોમાં જ લોટ કે મકાઈ પડ્યાં હોય. કોઈ ખૂણામાં ઢગલી હોય. એ જ રંધાય ને એ જ વાસણો ખવાય. એકાદ તૂટેલી ખાટલી હોય તો હોય. એવી જ ગોદડીઓ, કે કંતાન પર કપડાં વીંટીને કરેલાં પાથરણાં હોય. મોટેભાગે તો ભૂમિશયન કરે. હાથ કે પથ્થર જ ઓશિકું બને. પણ દરેક ઘરમાં સરસ મજાનાં તીરકામઠાં હોય. નાયકા હોય પૂરા નિશાનબાજ. ક્યારેક મારવા જાય. ક્યારેક નદીએ જઈને ગલ-દોરીથી માછલાં ય પકડે. રાતે ભેળાં મળીને બાફી ખાય.

એમની જાત જ બિન્દાસ. કોઈની ય પરવા નહીં. ઘરમાં, કાલે ખાવાનું નથી-ની ચિંતા તો કરેજ નહીં. જે ટંકે જે મળ્યું તે ખાઈ લ્યે. બેત્રણ ટંકની લાંઘણ થાય તો ય નિરાતે સૂઈ રહે. ગામમાં ઘણું કામ હોય, કોઈ બોલાવા આવે તો ય મરજી ના હોય તો ના જાય. ધણી કચકચ કરે તો કામ પડતું મેલી ઘેર આવી જાય. ને મનમાં આવે તો કોઈને ઘેરથી થોડા દાણા લઈ આવે, મજૂરીથી વાળવાની શરતે. કોઈ દાડીએ જાય, કોઈ વાસીદું કરવા જાય તો કોઈ વળી વગડામાં લાડકાં-પાંદડાં લેવા જાય . જેવી ઋતુ. કામનું નક્કી નહીં. જે પળે જે થાય તે. આટલી બધી નિર્બંધતા.. સ્વચ્છંદતા ! કેમ કે કશી અપેક્ષા-એષણા રાખવાની જ નહીં. જિન્દગી જેવી મળી છે એવી સ્વીકારી લીધેલી લાગે. એમને પૂછીએ તો એવી સમજણ પણ ના મળે ! આજેય એમની આવી જ જીવનરીતિ જોતાં કુતૂહલ થાય છે એમના જીવન વિશે.

પૂજો પણ આવી જ માટીનો મરદ. આ કોમ જ એવી. જરાય અદક-પાંસળાપણું ના મળે. અંદરનો કોઠો મોટો, બધું એમાં ઠલવાય. સુંવાળાપણું તો આમની પાસે ફરકેય નહીં એમ લાગે. ને તો ય લાગણી અને માયા માટે મરી જાય એવાં. પૂજાનામાં જરા ય ગણતરી ના મળે. એનો સ્વભાવ પરગજુ. ને આમ એકલના એને કોઠે પડી ગયાનું કલ્પી શકાય. વગડાની માયા. બધી જ પ્રકૃતિને પરખે. ઢોર ચરતાં હોય ત્યારે એ કડાના છોડ કાપીને ભારીઓ કરે. આ છોડની સોટીઓને બાંધી-પસવારીને છાપરાની ભીંતો કરે, એ ભીંતોને માટીથી લીંપી લ્યે. બારણું પણ આ જ સોટીઓનું, ઝાંપલી જેવું. બકરાં-કૂતરાં છાપરામાં ફરે એનો ય વાંધો નહીં, ઝાંપલી તો ફક્ત રાતોમાં પવન કે વરસાદ રોકવા પૂરતી. ઉનાળામાં જ નહીં, વર્ષનો મોટો ભાગ પૂજો તો છાપરા બહાર ભોંય પર જ સૂતો હોય. અંધારું અને રાત વિશે, તારાઓ અને નિશાચરો વિશેના એના ખયાલો જાણવા નથી મળ્યા. પણ એ વિશેય વિચારતો તો હશે જ ને ! છાપરાને ઢાંકવા પૂજો ખાખરા-સાગડાનાં પાંદડાં લાવે. છેલ્લે એણે વળીઓ પર સોટાઓ ગોઠવી, પછી પાલો પાથરીને કોઈના ઘરનાં ઊતરેલાં દેશી નળિયાં ચઢાવેલાં. પૂજાને આનો ભારે આનંદ થયેલો.

એક છાપરું છોકરા માટે, એક જમાઈ માટે. એમ બે છાપરાં બનાવેલાં. ઉનાળામાં વળગી પડે કામે. આળસ નહીં. જ્યારે દીકરો તો પરણીને રહે જુદા છાપરામાં. માબાપની કોઈ તમા કે જવાબદારી ય નહીં. બધાં અલગ, સ્વતંત્ર. જાણે ઇંગ્લેન્ડ, અમેરિકામાં બને છે એવું. પૂજાની એક છોકરી રૂખી. પૂજાનું રૂપ અને રેશમનો ઉજળો વાન લઈને જન્મેલી. નાકનકશો ઘાટીલાં. નાયકા એની પાછળ ગાંડા. એણીએ ત્રણ વર બદલ્યા. પૂજાએ જેની વેરે પરણાવેલી એ સોમાને ઊભો મેલીને રૂમાલ જોડે ચાલી ગયેલી. રૂમાલે પૂજાને ૫૦૦ રૂપિયા આપેલા. પૂજાએ એ સોમાને આપી દેવા પડે. પૂજાએ એ કરેલું. રૂમાલ જોડે ચારપાંચ વર્ષ ટકી ન ટકી ને રૂખી તેરિયાના પ્રેમમાં પડી. તેરા વીરા ઊંચો, ઊજળો ને ખડતલ. ઝીણી આંખો ને વાંકડિયા ભૂરા વાળ. રૂખીને લઈને દેદાવાડાથી ભાગીને પાલ્લામાં પૂજાને ઘેર જ આવી લાગ્યો. રૂપિયા ગણી દીધા. રૂપિયા તો જ્યાં નોકર-ખેડૂત રહે કે રેહવાનું કબૂલે એ કણબીને ત્યાંથી મળી જાય. તેરા વીરા તો મોટો ભૂવો ને ભાંજગડિયો ગણાતો. રૂખી એને મેલીને પછી ક્યાંય ગઈ નથી. સોમા અને રૂમાલથી થયેલાં બબ્બે છોકરાં ય પછી તો દાદા પૂજાને ત્યાં આવે. રૂખીને મળે. પણ એમના વળી એવા વ્યવહારો જ નહીં ત્યાં આલવા-લેવાની કે સુખદુઃખની વાત જ નઈ. રૂખીને લીધે પૂજો ય મલકમાં વખણાયો - પંકાયો હતો. પાલ્લાની ફરતેનાં આઠદસ ગામોમાં બીજા નાયકા ન મળે. ને ભૂવા તરીકે પૂજો ય જાણીતો. પછી તો સસરો-જમાઈ બેઉ રાતે ભૂતપ્રેત કાઢવા-માંલ્લાંની કડાકૂટ- કરવા જાય ને ચાર પૈસા રળી લાવે. આજેય દાણા જોવાનું ને દોરા-ધાગા કરવાનું કે ઉજાણી નાખીને દુઃખ મટાડવાનું કામ તેરા વીરા કરે જ છે. ઘણાં પટેલ કુટુંબોમાં રાત પડે ને તેરા વીરાનો દોરોધાગો દૂધ ન દોહવા દેતી ભેંસને ય છેવટે બંધાય તો ખરો જ.

મેં એકવાર પૂજાને ઊભો રાખીને પૂછેલું : 'પૂજાભાઈ, આ ભૂતવંતરાં છે શું ? તમે મંત્રતંત્ર કરો એ બધું સાચું છે ?' પૂજો ફકફક હસી પડેલો. કહે, 'તમે ય માવતર થઈને આવું કાં પૂસો સો ? બધું ય મનનું મેલું. ને લાકડાનું પોલું જેવું. બાચી કાંય ની મળે..ભા..' પૂજો મને ભાળે એટલે દૂરથી ય ખભર પૂછતો થયેલો. ઘડપણ વ્હેલું ઘેરી વળેલું એને. ઈડરથી પાછો વતન આવેલો ત્યારે એકવાર પૂજો ટેકરીના થડમાં જ ભેટી ગયો. કહે : 'કાં માહતર.. હાજાનવા ?..' પછી ઈડર કેટલું આઘું થાય - એવું પૂછીને કહે.. 'પારકાં લોકોનો મલક.. હાચવજો. હૌનો ભરુહો રખાય પણ માંણહનો વશવા જ ના મલે.. તમુનં તો કેવા જ ની પડે.. તોય કવસું.. આંશ્ય-કાંન હાબદાં રાશીનં ફરજો ભઈ..' છેલ્લે કહે.. 'ક્યે સે કય તમારો તો ઘણો પગાર...કાંય મોવડો (મહુડો) ગેરવો સો...'ને હસતો હસતો ટેકરીની છાપરીઓમાં છપરી થઈને ભળી ગયેલો.

સવાર પડે ને છોરીઓ ને નાયકીઓ છાશ લેવા ઘડા-વારિયાં લઈને નીકળી પડે આખા ગામમાં. ઘૂંટણ લગી કાછડા જેવું કરીને ચણિયો ને લૂગડાં પહેરે. રંગો રાતા-કથ્થાઈ-લીલા-પીળા. બધા ભડક. પણ પછી કામમાં ને મેલમાં રંગો એમના ચ્હેરા જેવા થઈ જાય.. ઉદાસ ઝાંખા. છાશ આપવાના બદલામાં ગામની કણબણો એમની પાસે વાસીદાં, કચરા, વાસણકૂસણ, પાણી ભરવાં જેવાં કામો કરાવે. ને એ ય પ્રેમથી કરે. દિવસે કામ ન મળે તો દળણાં દળવા ગામમાં આવે. બાકી છાશ પીને ય દા'ડા કાઢે. નાયકા કરતાં

નાયકણો ભારે ટેકીલી. આમ લાગે શાંત. પણ વીફરે તો ગામમુખીને ય 'તારો રાજિયો કૂટું.. નખ્ખોદિયા.. નીં ભાળેલો મોટો પટ્યોલ.. રાજિયા.' સંભળાવી દેતાં વાર નહીં. રેશમડી શીતળા સાતમે ને દિવાળીએ રાંધેલું ધાન માગવા આવે - પૂજો ગોવાળ એટલે ઘરદીઠ બધાં જ એને આપે. દેગડો ભરીને દાળ, તગારું ભરીને શાક કે ખાણું ને ટોપલો ભરીને પૂરીઓ કે લાડવા મળે. રેશમડી આખી સૂકી મુવાડીને જમાડે. ને બધા નાયકા ખેડૂ-નોકર હોય ત્યાંથી તે દા'ડે રાંધ્યું ધાન ન લાવતાં, કોરું સીધુ કે પૈસા લાવે. વર્ષમાં એકબે વાર લુણાવાડા જાય, દિવાળી પર ખાસ જાય. બધા માટે એક એક જોડ કપડાં લાવે. ને શીરવીનાં છોરાંએ આપેલાં ફટાકડા ફોડીને, ને ઘણુંખરું ગામમાં ફૂટતું દારુખાનું સાંભળીને સૌ દિવાળી મનાવે. પીવા-ખાવાની એ રમઝટમાં નવો દાડો ય ઊગી જાય ને બધાં મહીસાગરે જાય. ન્હાય ને પછી લોકોએ તરતા મૂકેલા ગરબા (ઘડા) કાઢી લાવે મધનદીએ જઈને. આખું વરસ આ ઘડા છાશ-પાણી માટે ને અનાજ-લોટ ભરવા માટે વપરાય. નાનાં નાનાં ભૂલકાંય નદી પાર કરે. તળાવકૂવામાં તરે. એમનો વાન કાળો. ડિલે કપડાં ય ના હોય. હોય તો ચીંદરડાં જેવાં. ને લીંટાળા મોઢે અમને જતાંવળતાં તાકી રહે. ખાબોચિયામાં નાહ્ય કે ઝાડની ડાળીઓ પર ઝૂલ્યાં કરે. બકરાં ચરાવે ને મોટેથી ગાય. બીડીઓ પીવે. દશ વર્ષનાં થતાંમાં તો પરણે ને પછી કોઈ પાટીદારને ત્યાં ખેડૂ તરીકે નોકરીએ ચઢે. વરસ જાય, ધણી બદલાય. પણ એમનું કામ ને જીવનક્રમ ન બદલાય.

નાયકા આમ માથાભારે. પણ ગામ આગળ ગાય જેવા. કોક સીમમાં રંજાડ પણ કરે. પણ ગામના આધારે જીવન એટલે ખાય ત્યાં બગાડ ન કરે. ગામ માથે આફત હોય તો દોડે. લગનસરામાં ગામ સાચવે. રોનફેરીમાં તીરકામઠાં લઈને સાથે ફરે. સીમનું રખવાળું રાખે. લગ્નોમાં ઢોલ વગાડવા આવે. હોળી પર ગપૂલી રમતાં ગામમાં ફરે. પૂજો પણ આ બધામાં હોય. એને બહુરૂપી થવાનો કોડ. ઘણીવાર વાઘ થાય, હનુમાન થાય. છોકરાંને, હૂપાહૂપ કરીને, મજા કરાવે.

એમનું ય પંચ બેસે. પંચમાં મોટાભાગના આગેવાનો તો અમારા પલ્લાના નાયકા જ હોય. છોરી-છોરાની સગાઈની કિંમત થાય. જાન આવે ત્યારે ઢોલ સાથે નાચ્યા કરે. ગપૂલી રમે. નાયકણો પણ જૂઠાં ઘરેણાં ને કંઠમાં ધૂંગલાં પહેરીને રાતભર કૂદે. કાળી આંખોમાં મેંશ આંજે. આ મેંશ રાંધવાના હાંડલાની હોય. માટીવર્ણા ચ્હેરા પર રાતા રંગનાં ટપકાં કે લીટા કરે. ને થાક્યા વગર આખી રાત ગાતી જાય ને રમતી જાય. કરારમાં હોય તો ઘેંસ કે થૂલું ખાવા પામે. લગ્નમાં ગંદી ગાળો ગાય, પણ એમની ભાષાનો લય-લ્હેકો સંભળાય એટલું જ, સમજાય નહીં. લગ્ન ફૂવો કરાવે. બાકીની વિધિઓ નહીંવત્. કુંવારા છોકરા પ્રેમબેમ કરે પણ કંઈ બહાર ના આવવા દે. પરણ્યા પછી ય વ્યવહારો તંગ કે બધ્ધ નહીં. આ બાબતના ઝઝા ઝઘડા જ નહીં. એક પત્ની જાય તો બીજી. જનારીનો બાપ લીધેલા રૂપિયા પાછા ગણી દે, નહીં તો પંચ મળે. બસ. બાકી બીજી પત્ની કરતાં વાર નઈ. રાતોરાત પરણી નીકળે.

પૂજા તલસી. 'તલસી' એટલે 'તુલસી' જ હશેને ? કેવું નામ ! પણ પૂજાના ભાઈનું નામ મૂંગો ! ને મૂંગાનાં છોકરાંનાં નામો બિલાડો, કૂતરી, ચૂંકૂરિયા.. એવાં, આ બિલાડો ને ચૂંકૂરિયો અમારે ત્યાં કામે રહેલા. અમે એમને વજો ને સુખો ક્હેતાં. આજેય મોટાભાઈઓને ત્યાં બેઉ કામ કરે. આખો પરિવાર ખેતરમાં ઊતરી પડે. મૂંગો ડોસો આંબા સાચવે. ઉનાળે ખોયલો કરે - ટેકરી પર. ને પડ્યો રહે. બીજી ૠમાં સીમ સાચવે. રાતે દારુ ગાળે, વેચે. ને દિવસે ગાયના જેવો સીધો થઈને ઘેર-ગામમાં ફરે. હુક્લો લાકડાં ચીરવાં ને ઝાડ કાપવાં - એવાં જ કામોનો ધણી. દલો રાવણિયો હતો તલાટીનો દફતરદાર નોકર. દલો જાણે પટેલનો અવતાર હોય એવો ગોરો હતો. હટ્ટોકટ્ટો. ગુજરી ગયો પછી એનો છોકરો ગોરીઓ રાવણિયો થયો છે. ઓછાબોલો. છાપરામાંથી એણે ઊંચું ગણાય એવું ઘર કર્યું. ઘેર રેડિયો લાવ્યો. સૂકી મુવાડી આખી ચક્તિ થઈ ગયેલી. લાખો દારુ પીપીને મરી ગયો. હીરો ખોડ પણ આળસુનો પીર. મોતી તલસી વાજાં વગાડનારાનો સરદાર. ને સરદારીઓ નાયક છોકરાં જણવામાંથી ઊંચો ના આવ્યો. એના પુન્યાનો છોરો મંગળિયો નવ ચોપડી ભણ્યો એ જ અધધધ.. ને હમણાં એ પોલીસમાં જોડાયો. નાયકાઓએ જાણે નવો જમાનો ભાળ્યો. પંચાયતે છસાત, પતરાંવાળાં, છાપરાં જેવાં જ ઘર - ઈન્દિરા આવાસ યોજનામાં - બાંધી દીધાં છે. ને ચારેક થાંભલા નાખીને ટ્યૂબ લાઈટો મૂકી છે. તળેટીમાં એક હેન્ડપમ્પ થયો છે. એટલે પ્રભુદાસ પટેલના હાકોટાછાકોટા ખાઈને એના કૂવે પાણી ભરતી નાયકણો હવે હાશકારો અનુભવતી હશે. પણ પેલી ટ્યૂબ લાઈટોએ તો એમના રહ્યાસહ્યા ગોપિત ને રોમાંચિત, મૂળ તળપદા જીવનને જાણે ઉઘાડું પાડી દીધું છે. પૂજો બે વર્ષ પહેલાં મળ્યો ત્યારે આ બધું જોઈને બોલ્યો હતો : 'માહતર ! જમાંનો બદલઈ જ્યો સે.. જીવતરમાં કશો હાહ રયો નથી લાગતો..' છેલ્લા દિવસોમાં તો એ ઢોરોમાં જઈ શકતો નહોતો. રેશમે ગોળાવી કરવાનું સ્વીકારેલું. ને પૂજાના દિવસો હાંફતા હાંફતા જતા હતા. એ દિવસોમાં મારે એને મળવું હતું. વાવડ ના પહોંચ્યા.

તેરા વીરા નદીનાં કોતરોમાં શિયાળે તમાકુ વાવે છે, ને દિવસે માછલાં મારવા ઉપરાંત રૂખી સાથે જિન્દગીના વહી ગયેલા દા'ડા સંભાર્યા કરે છે. રૂખી થોડીક મકાઈ વાવે, કારેલાંના વેલા ઉછેરે.. હજીય રૂખીની કાયા કોઈ કણબણ જેવી લાગે. કામણગારપ હજી સાવ અથમી ગઈ નથી. પણ પૂજો હવે નથી રહ્યો. ગામમાં એની હાક નથી પડતી. ને હવે ઢોર પણ છૂટતાં નથી. એ ગાંબેળી હવે સામે મળતી નથી.. મળે છે હારી થાકી ગયેલી, એકલી પડી ગયેલી રેશમ. અમે વતન જઈએ કે વળીએ ત્યારે ટેકરી પાસેથી પસાર થઈએ. પૂજાનું છાપરું પડખે જ છે. સૂનમૂનતા પહેરીને બેઠેલી વૃધ્ધ રેશમ અજાણ્યાપણાથી અમને જોઈ રહે છે.. ને નાગુંપૂગું લશ્કર અમને અમારી બેગોને તથા અમારાં છોકરાંને તાકી રહે છે.... જાણે અમે કોઈ વિદેશમાંથી ઊતરી ના આવ્યા હોઈએ !... ને બીજા બધા તો જાણે ઓળખે તો ય નોંધ જ ન લ્યે. ચૂંગીઓ પીધા જ કરે. ધુમાડો જ એમનું જીવન.

ભૂખે મરે પણ ભીખ ન માગે. પ્રજા ભારે ટેકીલી. હવે પાકી પણ થઈ. પંચાયતની ચૂંટણીમાં જે વોટ માગવા જાય એની પાસે પૈસા માગે. બાકી હક ને ફરજ સાથે એમને બાપે માર્યાં વેર. પોલીસને સપઈડું કહે. પણ એને

ભાળીને ડરે ખરાં. મોટેરાં કહે, 'ઈ તો હાળો પોદળો ગણાય, ધૂળ લીધા વના નો વસૂટે.' આ સપઈડાને જ એ સરકાર માને. એટલે એમની સાથે એમને હમેશાં બારમો ચંદ્રમા ! પણ મંગળિયો પોલીસ થયો એટલે હવે એમને નિરાંત લાગે છે. ને મંગળિયો, માળો ! મોળા લોઢા જેવો છે.

બકરાં એટલે ટાટાં. આ ટાટાં ને કૂકડાં એમની મિલકત. જેટલાં વધારે છોકરાં એટલી વધારે શાંતિ એમ ગણે, કેમ કે છોકરા કામે જાય ને છોકરીના રૂપિયા મળ્યા કરે. છોકરાને 'સુરો' ને છોકરીને 'સુરી' કહે. હવે પટેલિયા ભાષાના ભેગથી એમની ભાષાએ તળપદા રંગો ઓછા કર્યા છે. પણ હજી એમની પરંપરાઓ છોડી નથી. કેટલાક ચોમાસે ટેકરીઓના પથરા-કાંકરા ઠીકઠાક કરી મકાઈ કે શાક જેવું વાવતા થયા છે. થોડા આંબા ઉછેર્યા, આંબલીઓ પણ. આમ ત્યારની સૂકી મુવાડી હવે કૈંક લીલી લાગે. પણ ઢંગઢાળ ને રીત-રાગ તો એનાં એ જ. હમણાં વળી શંકરા સરદારની આગેવાનીમાં બે-ચાર નવલોહિયા નાવડાં ને જાળ લાવ્યા છે. રોજ નદીએ માછલાં પકડે ને લુણાવાડા વેચે. ગામને આ ન્હોતું ગમ્યું. પણ કોઈ શું કરે? એ લોકો આ રીતે કમાઈ લ્યે છે. કેટલાક મશીન-મોટરો ચલાવવાની નોકરી પણ કરવા લાગ્યા છે ને થોડાંક છોકરાં નિશાળે જતાં થયાં છે. પણ અડધુંપડધું વર્ષ જાય ને બંધ થઈ જાય. એમનું ભણતર ને ઘડતર તો ટાટાં ચારવામાં, નદી-કૂવે ન્હાવામાં, વાડે-ઝાડે ચડવા-પડવામાં ને ડુંગરે-સીમેથી જીવન હાટુ જે મળે એ લાવવામાં જ પૂરું થાય છે. જીવન કાગળ પરના નકશા બદલવાથી બદલાઈ જતું નથી. હજી તો અહીં અંધારિયો યુગ ચાલે છે. ને આવી ટેકરીઓમાં વસતાં આદિજનોનો દેશમાં તોટો નથી. શહેરોમાં ઝૂંપડપટ્ટીઓ છે, ગંદકી છે, ત્રાસ છે ને ગુંડાગર્દી છે. અહીં નિર્ધનતા ને અબુધતા છે, પણ પ્રકૃતિના સહચારથી જીવન ગંદુગોબરું ન લાગતાં કૈંક સહ્ય લાગે છે... શોષણ તો આમનું ય થાય છે. રોટલા સાટે મજૂરી કરી આ પ્રજા. એને કશા અભરખા નથી. એ સ્હેજ ખૂલી છે ખરી, જીવન-અભિમુખતા એનામાં પ્રગટું પ્રગટું થવામાં છે. પણ હજી તો પૂજા તળસીની કેટલીય પેઢીઓ પસાર થઈ જશે. પછી કદાચ સૂરજ ઊગે તો દૈવ જાણે. આઝાદીના ચોથા દાયકાના અંતે આ ચિત્ર છે, આપણને એ વિચિત્ર લાગે, પણ આવી વસતિ છે ત્યાં લગી સત્તાધીશોને ઘેર લીલી-વાડી રહેવાની છે. ને લોકશાહીનો આશાવાદ પણ, એમને અહીં જ, દેખાયા કરવાનો. જીવન આ લોકોને તો ભમતા વાયરા જેવું છે, ચકલાં-તેતર જેવું છે. પટેલનાં ખેતર વવાય ને વઢાય એમ એમનાં વર્ષો જાય. મકાનો ને મોટરો તો આ લોકોને મન જાણે માયા છે... તડકો અને ટાઢ, વરસાદ અને અંધારું એમની વાસ્તવિકતાઓ છે... એમાંથી જ એમણે ખુશીનો તાર કાંતી કાઢવાનો રહે છે. પૂજા તળસીએ જે કર્યું તે આજે બાબુ પૂજા કરે છે. ને કાલે બીજલ બાબુ પણ એ જ ધૂંસરીએ જોડાવા માટે ખડતલ થઈ રહ્યો છે. આમનું જીવન તો વાડ પરના વેલા જેવું છે. વધે ને સુકાય. ફૂટે ને વધે. અંધારાને ગળે વળગાડીને ફરતી આ પ્રજા દિવસ ઊગે ને રાત પડવાની રાહ જોતી લાગે. ને અંધારાં ઊતર્યાં નથી કે એમનું જીવન રાગેરંગે ચઢ્યું નથી.. અંધારાં ઓઢી-પહેરીને એમનીય કાયા કાળી થઈ ગઈ છે; પણ અન્યોની જેમ એમનાં મન હજી કાળાં થયાં નથી. ત્યાં હજી સાજોનરવો માણસ બેઠેલો છે.. ને એટલે મને જીવન વિશે શ્રદ્ધા છે. □

અનુસંધાન] પસ્તીનાં પાનાં [પૃ. ૪૩૦ પરથી

સૂર્ય, ચંદ્ર અને પૃથ્વીના પરિભ્રમણકાળોને પંચાગગણનામાં લેવાની વૃત્તિ બધી જ પ્રાચીન સંસ્કૃતિઓમાં હતી. અર્વાચીનોએ ચંદ્રને પડતો મૂક્યો છે અને સૂર્ય, પૃથ્વી તથા ગણિતનો જ ઉપયોગ કરે છે. આપણે ચંદ્રને પડતો મૂકવાને બદલે, સૂર્ય, પૃથ્વી અને ચંદ્ર વચ્ચે ગણિત ગોઠવી આપણી પ્રાચીન ગણતરીને અર્વાચીન ગણતરી સાથે મેળવી લીધી છે.

૯. આપણી રૂઢિચુસ્તતા

તા.૧૪-૧-૭૮. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં ઠેર ઠેર મુસ્લિમ સંસ્કૃતિનાં દર્શન થયાં. હું ચાલતો કેમ્પસ પર નીકળું ત્યારે રસ્તામાં લારીવાળા, ઘોડાગાડીવાળા વગેરે લળીલળીને સલામ કરે. પહેલાં તો મને નવાઈ લાગી, પણ પછી ખ્યાલ આવ્યો કે શેરવાણી અને કાશ્મીરી ગરમ ટોપીમાં હું તેમને ભણેલો-ગણેલો મુસ્લિમ વિદ્વાન લાગતો હોઈશ. એટલે પછી મેં પણ તેમના સલામ આલેકુમને વળતાં લળીને વાલેકુમ્ સલામ કરવા માંડ્યા !

અહીં મુસ્લિમ છોકરીઓ પણ છૂટથી હરતીફરતી જોઈ. સ્ટુડન્ટ્સ યુનિયનમાં પણ છોકરીઓના પ્રતિનિધિ ચૂંટાય છે. પણ સાથેસાથે ગણિત-વિભાગમાં સંશોધન કરતી એક બહેનને બુરખો પહેરીને ફરતી જોઈ. ભારતીય ગણિત પરિષદના બધા જ કાર્યક્રમોમાં ભાગ લે, પણ બુરખો પહેરીને. આમ, હિન્દુ સમાજમાં જેમ ભણતર-ગણતર અને રૂઢિચુસ્તતા સાથે જોવા મળે છે તેવું અહીં મુસ્લિમ સમાજમાં પણ જોયું. લંડનની એક કોલેજના ભારતીય પ્રોફેસર સ્વામિનારાયણ સંપ્રદાયના છે. ન્હાતી વખતે બાથટબમાં પાટલી મૂકીને ન્હાય છે, કારણ કે ન્હાતી વખતે બોલવાના શ્લોક પાટલી ઉપર બેસીને જ બોલાય ! અરે, મદ્રાસની એક મોટી ગણિત-વિજ્ઞાનની સંસ્થામાં હું વ્યાખ્યાન આપવા ગયો હતો. વ્યાખ્યાનોનાં મહેનતાણાની ચુકવણી ભાષણ પૂરું થયા પછી ૧૨-૩૦ વાગે ન કરી પણ ૨-૩૦ વાગે કરી; કારણ કે કાળ ચોઘડીઆમાં ઑફિસમાંથી નાણાંની લેવડદેવડ થતી નથી !

આમ, આ પ્રકારની અતાર્કિક વિચારધારા કે વર્તન આ કે તે ધર્મ સાથે સંકળાયેલી નથી પણ તે તો સમગ્ર ભારતીય સમાજનું લક્ષણ છે. અલીગઢથી અમદાવાદ આવ્યા તો એક બાજુ યુનિવર્સિટી કેમ્પસ પર સાયન્સ કોંગ્રેસ ચાલે તો બીજી બાજુ સાબરમતીના પટમાં બાબા જય ગુરુદેવ તરફથી 'સતયુગ આવાગમન યજ્ઞ' ચાલે. દિલ્હીની જનતા સરકારના પ્રધાનો યજ્ઞમાં હાજરી આપે અને બાબાના આશીર્વાદ મેળવે. એ તો ઠીક પણ બાબા જય ગુરુદેવ તેત્રીસ કોટિ દેવતાઓની પાર્લમેન્ટ બોલાવે અને તે જે ઠરાવો કરે તે છાપાંમાં છપાય !

સાયન્સ કોંગ્રેસના ઉદ્‌ઘાટન વખતે અમદાવાદ આવેલા મોરારજીભાઈ તે યજ્ઞમાં ન ગયા. જો કે 'સમયને અભાવે આવી શક્તો નથી.' તેવો સંદેશો તો જરૂર મોકલ્યો, કારણ કે તે તો રાજકારણનો નિયમ છે. ઈમર્જન્સીમાં જેમ ઈન્દિરા ગાંધીએ મોરારજીભાઈની ધરપકડ કરી હતી તેમ બાબા જય ગુરુદેવની પણ ધરપકડ કરી હતી. કદાચ આ 'સતયુગ આવાગમન' એટલે ઈન્દિરાનું ગમન અને જનતા સરકારનું આવાગમન, એટલે પછી યજ્ઞમાં ભાગ લેવો જ પડે ને !

ભારતની આ વિશેષતા છે. લોકશાહી પ્રક્રિયા પણ ભારતમાં તો રૂઢિચુસ્તતાને વળગી રહેવામાં મદદરૂપ થાય છે. □

લઘુકથા

બેવફા

મૂ.લે. બનફૂલ, અનુ. કલ્પના વોરા

સાંજ વીતી ગઈ હતી.

હૃષ્ટપુષ્ટ વ્યક્તિ ગુપચુપ પરસાળમાં દાખલ થઈ. એનો દેહ લાંબો હતો. વાળ વિખરાયેલા અને કાંટાળા હતા, વરસાદનાં વાદળાં જેવી કાળી ધનુષ્યાકાર દાઢી હતી. અમલા એકચિત્તે વાંચતી હતી. પેલી વ્યક્તિ દબાતે પગલે એની સન્મુખ આવી ઊભી રહી.

અમલા ચિત્કાર પાડી ઊઠી. અચાનક એ તપનને ઓળખી ગઈ. 'તપન તું ! આટલા દિવસ પછી ?'

'હા, દસ વર્ષના સતત પ્રયત્ન પછી આજે સફળ થયો છું. આજે જેલમાંથી ભાગી છૂટ્યો છું. હવે વિલંબ નહીં કર, ચાલ જલદી ! આ વખતે મેં બરાબર યોજના ઘડી છે. પહેલા ચટગાંવ, ત્યારબાદ રંગૂન, ત્યારબાદ પહાડ ઓળંગીને -'

અમલા કંઈ બોલી નહીં. તપન હસ્યો.

'હું તારું સિંદૂર જોઈ શકું છું. જેલમાં બેઠા બેઠા તારા ખબર મળ્યાં હતાં. તું વીર પુરુષને વરમાળા પહેરાવવા માગતી હતી ને ? જો કે તારો પતિ પણ ઓછો બહાદુર નથી; રાયસાહેબ થવું કંઈ સહેલી વાત નથી.'

'તું આવી રીતે મજાક ન કર. તને વચન આપ્યું હતું કે હું તારી રાહ જોઈશ. હું એ વચન પાળી ન શકી. મને માફ કર.' ને પછી અમલાએ પૂછ્યું, 'હું તારી સાથે આવવા તૈયાર થાઉં તો તું મને લઈ જઈશ ?'

તપન બોલ્યો, 'હું એ માટે જ આવ્યો છું. પરંતુ રાયસાહેબ ?'

'એમને દુ:ખ તો જરૂર પહોંચશે. એ ઉપરાંત -' અચાનક અમલા અટકી ગઈ.

'એ ઉપરાંત શું ?'

'લગ્ન પહેલાં તારી સાથે મારો કેવો સંબંધ હતો એ તેઓ જાણે છે.'

'કેવી રીતે જાણ્યું ?'

'મેં જ કહ્યું હતું.'

સહેજ ચૂપ રહીને અમલા આગળ બોલી, 'તું જેલ છોડીને ભાગ્યો છે, જો હું પણ ભાગી જઉં તો તેઓ બધું સમજી જશે અને એમ થાય તો કદાચ -' અમલાએ વાત પૂરી ન કરી.

તપન બોલ્યો, 'એમ થાય તો કદાચ એમના પ્રયત્નોથી આપણે તરત જ પકડાઈ જઈએ. જો તને વાંધો ન હોય તો એ વાત વિનાવિઘ્ને હમણાં જ બની શકે.' એણે ખીસામાંથી રિવોલ્વર કાઢીને બતાવી. 'તારો પતિ ક્લબમાંથી કયે રસ્તે પાછો ફરશે એ હું જાણું છું.'

અમલા ચૂપ રહી.

'બોલ, તું તૈયાર છે ?'

અમલા એકીટસે તપનના મોં સામે જોઈ રહી. પછી મૃદુ સ્વરે બોલી, 'હું તૈયાર છું.'

તપને કહ્યું, 'આટલા દિવસથી જેની સાથે આટલી ઘનિષ્ઠતાથી રહી એને સહેલાઈથી છોડી શકીશ ? તું જઈ શકીશ ?'

અમલા તપનના મોં સામે વ્યાકુળ દૃષ્ટિથી જોઈ રહી. એને થયું તપન આ શું બોલે છે ? એ કેવી રીતે જાણે છે કે એને માટે હું કેટલીયે રાત જાગતી રહી છું. શું એ સમજી શકશે કોની ઉશ્કેરણીથી, કોના સતાવવાથી અને સમાજના કાવતરાથી એણે લગ્ન કર્યાં હતાં ? સ્ત્રીની વ્યથા, દુર્બળતા, સમસ્યા, નારીહૃદયની મુશ્કેલીભરી ગૂંચવણ એ કેટલી જાણે છે ? કેટલી સમજે છે ? લગ્ન કર્યાં છે એમ કહેવાથી જ તપન પારકો થઈ જશે ? તપન જ એનો પતિ છે, તપન તો એનો આરાધ્ય દેવ છે. એ પોતે આવ્યો છે. એને પાછો મોકલી દેશે ?

તપને ફરીવાર પૂછ્યું 'તું આવી શકીશ ?'

અમલાએ કહ્યું, 'હા.'

તપન બોલ્યો, 'હું રાયસાહેબને ખતમ કરીને આવું છું.'

અમલાનો અવાજ કંપી ગયો. તપન ચાલ્યો ગયો. એક કલાક પછી બારણાં પર અવાજ આવ્યો. વીજળીના આંચકાથી ચમકી હોય એવી રીતે અમલા ઊભી થઈ.

દરવાજો હડસેલીને તપન નહીં પણ રાયસાહેબ દાખલ થયા. તપન પાછો ન ફર્યો. □

અનુસંધાન] કથાસરિત્સાગર [પૃ. ૪૧૯ પરથી

ઉજ્જયિની એ જ વિશાલા એ જ પુષ્કરપુરી એ જ 'ઉજેણી નગરી ને મહીં રાજા વીર વિક્રમ અંધારપછેડો ઓઢીને દિનચર્યા જોવા નીકળતા' એ પ્રજાપ્રેમી રાજા વિક્રમની અણખૂટ વાતોનું વિક્રમક્ષેત્ર. હા, કાલિદાસનું વતન. કાલિદાસના પ્રેમે પ્લાવિત થયેલ કવિતા-કથા-કલા-કલ્પનાથી રુભરસભર પ્રદેશ ! એ જ અવન્તિનગરી ભારતની સાત મોક્ષદાતા નગરીઓમાંની એક :

'અયોધ્યા મથુરા માયા કાશી કાંચી અવન્તિકા
પુરી દ્વારામતી ચૈવ સપ્તૈધા મોક્ષદાયિકા:'

મર્ત્યલોકનું સ્વર્ગ. કવિ ભાસકૃત 'સ્વપ્નવાસવદત્તા'ની કથાભૂમિ યાદ છે એ કથા ? 'વાસવ' એટલે 'ઇન્દ્ર'. એણે આપેલી માટે 'વાસવદત્તા'. એ ચંડમહાસેન અથવા પ્રદ્યોત નામે રાજાની કુંવરી. એની સગાઈ થવાની હતી તો સંજય નામે રાજા સાથે પણ કુંવરીએ સ્વપ્ને દીઠો વત્સરાજ; મનમાં વાસ્યો વત્સરાજ; ગુપ્ત રીતે એને મોકલ્યું કહેણ ને એમ કરાવ્યું પોતાનું હરણ ! ભવભૂતિના 'માલતીમાધવ'માં પણ એનો ઉલ્લેખ.

આ ઉજ્જયિની સિપ્રાના તટ પરની નગરી રત્નાકર કરતાંય મોટો રત્નભંડાર - ન મોંઘો રત્નભંડાર - કારણ કે માણસોનું - સાચા માણસોનું મૂલ્ય રત્નો કરતાં કંઈ વધારે ગણાય. ઉજ્જયિની, મહાકાલેશ્વરનું ધામ. 'સ્કંદપુરાણ'માં શ્લોક છે :

'આકાશે તારકં લિંગં, પાતાલે હાટકેશ્વરમ્'

મર્ત્યલોકે મહાકાલં દૃષ્ટવા કામમવાપ્નુયાત્'
'રઘુવંશ'માં પણ કાલિદાસ આ નગરીને પ્રશસ્તે છે.

આવી ઉજ્જયિની અવન્તિ કે પશ્ચિમી માળવાના પ્રદેશની રાજધાની હતી. એનાં જ અન્ય નામો : વિશાલા, ભોગવતી, પદ્માવતી, હિરણ્યવતી વગેરે અનેક. મહાભારત કે રામાયણ લો, પુરાણો કે શિષ્ટ સંસ્કૃત કાવ્યો લો કે પછી લોકવાઙ્મય લો, 'ઉજેણી નગરી આવશે આવશે ને આવશે જ. કો'ક વાર વળી એ નગરીમાં જઈશું સ્વતંત્ર રીતે. આ તો કાલિદાસના આગ્રહને વશ થયા :

'વક્ર પન્થા યદપિ ભવત: પ્રસ્થિતસ્યોત્તરાશાં
સૌધોત્સંગ પ્રણયવિમુખો માસ્મ ભૂરુજ્જયિન્યા :'

અંગ્રેજી સાહિત્યનું આચમન

હેન્રી ફીલ્ડિંગની નવલકથા

ડૉ. મધુસૂદન પારેખ

રિચાર્ડસનની 'પામેલા' નવલકથાએ લોકસમુદાયમાં ભારે આકર્ષણ જમાવ્યું છતાં કેટલાકને રિચાર્ડસનના લાગણીવેડા અને એનાં નૈતિક મૂલ્યોમાંનો વિરોધાભાસ ગમ્યો નહિ. પામેલાની પવિત્રતા પણ તેમને ધંધાદારી લાગી. આવાં અજંપો અને બેચેની અનુભવનારાઓમાં એક હેન્રી ફીલ્ડિંગ (Henry Fielding 1707-1754) પણ હતો.

ફીલ્ડિંગની નવલકથાઓ

સમરસેટશાયરમાં ધનિક ખાનદાન પરિવારમાં જન્મેલા હેન્રી ફીલ્ડિંગે ઈટન (Eton) અને લેડન (Leyden)માં શિક્ષણ પામીને પોતાની સાહિત્યિક કારકિર્દીનો આરંભ નાટ્યલેખનથી કર્યો. અઠ્ઠાવીસ જેટલાં નાટકો તેના નામે બોલે છે. એમાં 'ધ ટ્રૅજેડિ ઑફ ટ્રૅજેડીઝ' (૧૭૩૦) પૅરડિ તરીકે વિશેષ જાણીતું છે. એનાં મોટાં ભાગનાં નાટકો ફારસ અથવા કૉમેડિ હતાં. ૧૭૩૭માં રૉબર્ટ વૉલપોલનો લાયસન્સનો કાયદો નાટકોનું ઉલાળિયું કરવા આવ્યો અને ફીલ્ડિંગ પણ તે નડ્યો. એ પછી તો તે વકીલ બન્યો, તેને મૅજિસ્ટ્રેટનો હોદ્દો મળ્યો અને તેણે પ્રશિષ્ટ સાહિત્ય સારી પેઠે વાંચ્યું. મૅજિસ્ટ્રેટ તરીકેનો અનુભવ તેને નવલકથાલેખનમાં ખૂબ ખપ લાગ્યો.

રિચાર્ડસનની 'પામેલા'માં તેને લેખકનાં નૈતિક વલણો ન્યાય્ય લાગ્યાં નહિ. એટલે તેણે કટાક્ષપૂર્વક સદ્‌ગુણી કામવાળી યુવતી પામેલાને સ્થાને જોસેફ એન્ડ્રુઝને ગોઠવ્યો અને 'પામેલા'ની પરિસ્થિતિઓ ઊલટસૂલટ કરી નાખી.

જોસેફ એન્ડ્રુઝ (Joseph Andrews - 1742)

ફીલ્ડિંગની આ પ્રથમ નવલકથા સભાનપણે 'પામેલા' પર કટાક્ષનિમિત્તે રચાઈ. સર્વાન્ટિસ (Cervantes)ની નવલકથા 'ડૉન કિહોટે' (Don Quixote) પરથી એના અનુકરણ રૂપે તેણે આ નવલકથા રચી. અમુક અંશે એ 'પામેલા'ની પૅરડિ છે.

લૉર્ડ બૂબી (Lord Booby)ને ત્યાં જોસેફની નોકરી હતી. લૉર્ડ બૂબીના અવસાન પછી એની પત્ની લેડી બૂબી સાથે તેનું પાનું પડ્યું. 'પામેલા'માં પામેલાનો શેઠ સ્કવાયર બી. (Squire B.) પામેલાને પજવતો હતો, ફસાવવાના પ્રપંચો કરતો હતો. ફીલ્ડિંગની આ નવલકથામાં પરિસ્થિતિ ઊલટી છે. લેડી બૂબી દેખાવડા જોસેફને લપટાવવા મથે છે. પામેલા જેમ મચક આપતી નહોતી તેમ જોસેફ પણ શેઠાણીની લાલસાને મચક આપતો નથી. પરિણામે શેઠાણી તેના પર ખફા થઈને તેને કાઢી મૂકે છે. કામવાળી બાઈ સ્લિપસ્લોપ (Slipslop) એન્ડ્રુઝની તરફેણ કરી (એ એન્ડ્રુઝના પ્રેમમાં છે) શેઠાણીને સમજાવવા બહુ પ્રયત્નો કરે છે, પણ જોસેફને છૂટા થવું પડે છે.

એ પછી જોસેફની રખડપટ્ટી, ભાતભાતના લોકો સાથે તેના સંપર્ક, રસ્તામાં ભલાભોળા પાદરીબાવા (Parson Adams) સાથે માર્ગમાં તેનો આકસ્મિક મેળાપ (એ પાદરી પહેલાં જોસેફના શિક્ષક હતા), બંનેની સહયાત્રા, રમૂજપ્રેરક અકસ્માતો, છબરડા, ફેની સાથે જોસેફના પ્રેમપ્રસંગો, મારામારી, જેલયાત્રા - એવી ઘણીઘણી રોચક સામગ્રી વાર્તાકારે આ નવલકથામાં ખચી દીધી છે. પણ ઘણીઘણી યાતનાઓ પછી જોસેફના સુખના દિવસો આવે છે. જોસેફ એની પ્રિયતમા ફેની સાથે લગ્ન કરવા આતુર છે; પણ લેડી બૂબી (જે હજી જોસેફના પ્રેમમાં છે) તે અવરોધ ઊભા કરે છે. છેવટે ફેનીના ઉચ્ચ કુળનો ઘટસ્ફોટ થાય છે. તે પામેલાની જ, એના બચપણમાં જિપ્સીઓ દ્વારા ઉઠાવી જવાયેલી બહેન છે એ રહસ્ય છતું થાય છે. જોસેફ અને ફેનીના લગ્નથી કથા સુખાંત પામે છે. 'જોસેફ એન્ડ્રુઝ' નવલકથાનું મૂળ શીર્ષક તો લાંબુંલચ છે - 'ધ હિસ્ટરી ઑફ ધ ઍડવેન્ચર્સ ઑવ જોસેફ એન્ડ્રુઝ એન્ડ ઑફ હિઝ ફ્રેન્ડ મિ. અબ્રાહમ આદમ્સ.' The History of the Adventures of joseph Andreus, and of his Friend Abraham Adams' ફીલ્ડિંગની આ નવલકથાને વિવેચકોએ અંગ્રેજી સાહિત્યની પ્રથમ વાસ્તવયુક્ત (Realistic) નવલકથા ગણાવી છે. રિચાર્ડસનની લાગણીવેડાવાળી (Sentimental) નવલકથાની સાથે જ આ બીજો પ્રવાહ શરૂ થાય છે. ફીલ્ડિંગનું પ્રયોજન પોતાના જમાનાનું - લોકસમુદાયના રીતરિવાજોનું, એમની રહેણીકરણીનું યથાર્થ ચિત્ર રજૂ કરવાનું છે. એ સાથે મનુષ્યજીવનના મિથ્યાપણા પર એમની વિકૃતિ પર કટાક્ષ પણ સિદ્ધ કર્યો છે - ખાસ કરીને ડોળઘાલુ માનવીને તેણે કટાક્ષનું નિશાન બનાવ્યા છે.

'જોસેફ એન્ડ્રુઝ'માં રજૂ થયેલો યથાર્થવાદ સાવ નવો નથી. ડીફો (Defoe)એ એની નવલકથામાં યથાર્થતાનો યોગ્ય પરિચય આપી દીધો હતો. મધ્યમવર્ગીય માનસને તેમ જ પ્રશિષ્ટ સાહિત્યના ભોક્તાઓને પણ તે પથ્ય હતો. ફીલ્ડિંગનાં વાસ્તવલક્ષી ચિત્રો-વર્ણનો ઈંગ્લૅન્ડમાં નવા ઉદ્‌ભવેલા મધ્યમવર્ગની માનસિક અભિલાષાઓને પોષક હતાં. પણ તે સાથે એટલું પણ નોંધવું જોઈએ કે તેનું વાસ્તવચિત્રણ સાવ છેલ્લા પાટલાનું (Extreme) કડવાં, લોકસમૂહને આઘાતજનક લાગે તેવાં સત્યો ઓચરવાં જેવું નહોતું. ધિક્કાર કે આક્રોશનો તાપ તેની નવલકથામાં નથી.

નવલકથામાં પાદરી આદમ્સનું ચરિત્ર કોઈ પણ ભાવકના મનમાં વસી જાય તેવું છે. દુનિયાદારીથી સાવ અજાણ, દરેક જણ પર પૂરો વિશ્વાસ રાખનારો, સાવ ભલોભોળો પાદરી ઠગાય છે, દંડાયછે. માર ખાય છે છતાં એની વૃત્તિ, એનું ચરિત્ર પરિવર્તન પામતું નથી. જોસેફના પાત્ર કરતાંય ઘણાને આદમ્સનું પાત્ર વધારે ગમશે. એની મૂર્ખામી પર હસવું જરૂર આવે, પણ એના પ્રત્યેની સહાનુભૂતિનો લોપ ક્યારેય થતો નથી.

નવલકથાની વસ્તુસંકલનના શિથિલ છે, સુદીર્ઘ વર્ણનો, બોધવચનો-વિચારો વાર્તાપ્રવાહને વારંવાર અવરોધે છે; કેટલીક વાર તો વાર્તાકાર નિબંધકાર બની જતા દેખાય છે. આવી અનેક દેખીતી મર્યાદાઓ છતાં 'જોસેફ એન્ડ્રુઝ' અંગ્રેજી સાહિત્યની એક ગણનાપાત્ર નવલકથા તરીકે પંકાઈ છે. એને ફીલ્ડિંગે 'a comic epic in prose' તરીકે ઓળખાવી છે.

ટૉમ જોન્સ (Tom Jones - 1749)

ફીલ્ડિંગની બીજી નવલકથા ટૉમ જોન્સમાં 'કૉમિક એપિક'નું તત્ત્વ વધારે અસરકારક રીતે રજૂઆત પામ્યું છે : 'જોસેફ એન્ડ્રુઝ'ની માફક આ નવલકથા પણ હાસ્યરસિક અને નૈતિક મૂલ્યો પર પ્રકાશ નાખનારી છે.

વ્યક્તિના કોઈ વિશિષ્ટ ગુણની તુલનામાં હૃદયની સચ્ચાઈ-સારપને ફીલ્ડિંગ વધુ મહત્ત્વ આપે છે. દેહવાસનાનાં પાપ, હૃદયની સચ્ચાઈના દ્રોહનાં પાપ કરતાં હળવાં છે, એવો એનો અભિપ્રાય ઘણા વાચકોને ઠેસ પહોંચાડી શકે.

એટલે જ 'ટૉમ જોન્સ' નવલકથાનો નાયક એન્ડ્રુઝ જેવો સદ્‌ગુણ-સંપન્ન નથી. જોન્સ વાસનાભૂખ્યો, શરીરસંબંધ વિશે નીતિ-અનીતિનો છોછ નહિ રાખનારો છતાં હૃદયનો ઉદાર, બીજાનાં દુઃખે દુઃખી થનારો વિનોદી પ્રકૃતિ ધરાવતો યુવાન છે. એનું વર્ણન એ કરે છે, 'He was besides active, genteel, gay and good-humouredl and had a flow of animal spirits which enlivened every conversation where he was present.'

આ નવલકથામાં પણ ટૉમ જોન્સ, અગાઉની નવલકથાના નાયક જોસેફ એન્ડ્રુઝની જેમ જાતજાતની સુખદ-દુઃખદ પરિસ્થિતિઓમાં મુકાય છે. કેટલીકવાર તો એ મોટી આફત સર્જી બેસતો ય લાગે, પણ વાર્તાકારે જે કૉમિક મૉક-હીરોઈકનો સુયોગ આમાં સાધ્યો છે તેને લીધે વાચકને એટલી તો હૈયાધારણ રહે છે કે જોન્સ ગમે તેમ કરીને આફતમાંથી ઊગર્યા વિના રહેશે નહિ. પરિસ્થિતિઓ કુતૂહલપ્રેરક અને ઉત્તેજનાપૂર્ણ હોય છે, પણ એમાં એવી હળવાશ હોય છે કે નાયકના અમંગળની શંકા માટે કોઈ સવાલ જ ઊઠતો નથી.

આ નવલકથાનું મૂળ શીર્ષક પણ એક આખી પંક્તિનું છે - 'ધ હિસ્ટરી ઑફ ટૉમ જોન્સ, અ ફાઉન્ડલિંગ' (The History of Tom Jones, a Foundling.)

આ નવલકથામાં કેન્દ્રસ્થાને ટૉમના ખાનદાનનો પ્રશ્ન છે. ઉપરાંત ઑલવર્ધી (Allworthy)ના પલંગમાં કોઈક નવજાત શિશુને મૂકી ગયું છે. ઓલ્વર્ધી એને સારી રીતે ઉછેરે છે; પણ એ પછી એમનો ભત્રીજો જન્મે છે. આ ભત્રીજો બ્લિફિલ (Bliufil) અને ટૉમ મોટા થતાં બ્લિફિલ ટૉમ વિરુદ્ધ ખટપટો કરે છે અને ટૉમ પણ જોસેફની જેમ રખડપટ્ટીમાં દિવસો વિતાવે છે. પણ છેવટે રહસ્યસ્ફોટ થાય છે કે ટૉમ પણ એનો અનૌરસ ભાઈ છે. પણ નવલકથાનો રસ આ ચમત્કૃતિમાં જ નથી, ટૉમના રસપ્રદ રઝળપાટનાં વર્ણનો, ચિત્રવિચિત્ર પરિસ્થિતિઓ સામે ટૉમનો મુકાબલો એ બધામાં અનેરી લિજ્જત છે. આ નવલકથામાં રસ એના કથાનકમાં શોધવો કે દરેક ખંડના આગળ વાર્તાકારે મૂકેલા સુંદર નિબંધોમાં તે પ્રશ્ન કેટલાક વિદ્વાનોને થાય તેમ છે. ફીલ્ડિંગની એક સફળ નિબંધકાર તરીકેની પ્રતીતિ એમાં અવશ્ય થાય છે.

ફીલ્ડિંગની ત્રીજી નવલકથા 'જોનાથન વાઈલ્ડ' (Mr. Jonathan Wild the Great)1743 માં પ્રકટ થઈ હતી. આ સબળ કટાક્ષયુક્ત નવલકથામાં એક કુખ્યાત બદમાશનાં દુષ્ટ કાર્યોનો ચિતાર છે. છેવટે એ ફાંસી પામે છે. પણ આ જોનાથનના પાત્ર દ્વારા વાર્તાકારનો તીવ્ર કટાક્ષ તો એ છે કે એક રાજકારણી અને આવા ડાકુઓનાં વલણ-વર્તનમાં ખાસ કોઈ તફાવત નથી. કંઈક તફાવત હોય તો તે એટલો જ કે રાજકારણમાં કે સમાજમાં જે 'મહાનુભાવો' ગણાય છે તે ઊંચા મૂલ્યોનો બોધ આપે છે, પણ પોતાના આચરણમાં તે કદી મૂકતા નથી. એ લોકો દંભી છે. જ્યારે ડાકુઓ પોતે જે માને છે તે પ્રમાણે વર્તે છે.

આ નવલકથામાં ગુનેગારોનાં માનસ, કેદખાનાની વિષમ વ્યવસ્થા વગેરે પર સારો પ્રકાશ નાખવામાં આવ્યો છે. ફીલ્ડિંગને મેજિસ્ટ્રેટ તરીકેની કામગીરી દરમ્યાન આ વિષયમાં જે અનુભવ-જ્ઞાન મળ્યાં તેનો અહીં સારો ઉપયોગ થયો જણાય છે.

ફીલ્ડિંગની ચોથી અને છેલ્લી નવલકથા એમીલિઆ (Amelia - 1751) અગાઉની ત્રણે નવલકથા કરતાં toneની બાબતમાં જુદી તરી આવે છે. અહીં હાસ્યરસિક ઘટનાઓને સ્થાને કરુણ પરિસ્થિતિઓનું આલેખન છે. નાયિકાના ચરિત્રમાં વાર્તાકારે અહીં ભાવનાના ઘેરા રંગ પૂર્યા છે અને એમાંથી ગાઢ કરુણતાઓ નિર્માય. છે. અગાઉની નવલકથામાં જે સમતુલા ફીલ્ડિંગે સાચવી હતી તે અહીં જળવાઈ નથી. આ નવલકથામાં કૌટુંબિક ઘટનાઓનું નિરૂપણ છે અને મધ્યમવર્ગની એક સ્ત્રીની મૂગી વેદનાને અહીં અભિવ્યક્તિ મળી છે. એ સાથે સામાજિક દૂષણોની નુક્તેચીની પણ કરી છે.

આ છેલ્લી નવલકથા લોકપ્રિય થઈ શકી નથી. કેટલાકના મતે ફીલ્ડિંગની કથળી ગયેલી તબિયતના દિવસોમાં એ લખાઈ હતી તે તેની નિષ્ફળતાનું એક કારણ છે.

ફીલ્ડિંગની નવલકથાકાર તરીકે ઘણી મર્યાદાઓ હોવા છતાં એ બાબત ધ્યાનમાં રાખવી ઘટે કે એની સામે નવલકથાનું કોઈ સ્વરૂપ નહોતું. એણે પોતાની કલ્પનાશક્તિથી નવલકથાના સ્વરૂપને આકાર આપવાનો પ્રયાસ કર્યો હતો. □

અનુસંધાન] ઈતિહાસધારા [પૃ. ૪૩૮ પરથી

રશિયન"દૂતાવાસ (કૉન્સ્યુલેટ) ઇ. ૧૯૦૦માં મુંબઈમાં ખોલવામાં આવતાં લોકમાન્ય તેના કૉન્સલ - જનરલ વી. ઓ ક્લેમને મળ્યા. તે જાણતા હતા કે હિન્દુસ્તાનની પ્રજા સશસ્ત્ર બંડ ઉઠાવી શકે તેમ ન હોઈને લશ્કર દ્વારા જ તે શક્ય હતું. પરંતુ લશ્કરમાં સુબેદાર-મેજર કરતાં વધુ ઊંચો હોદ્દો અંગ્રેજો કોઈ હિન્દુસ્તાનીને આપતા નહોતા. લોકમાન્યે આથી વડોદરાના માધવરાવ જાધવને ઉચ્ચ લશ્કરી તાલીમ માટે ફ્લોરિડા (અમેરિકા) મોકલવાની તત્પરતા બતાવતાં ક્લેમે કહ્યું, અમેરિકા (એ વખતે) લશ્કરી નજરે પછાત હોઈને ફ્રાન્સ એ માટે વધુ અનુકૂળ હતું. પરંતુ ફ્રાન્સ બ્રિટનને દુશ્મન બનાવે તેમ ન હતું. રશિયાની બાબતમાં ક્લેમે જણાવ્યું કે તેની લશ્કરી એકેડેમીમાં થોડાક બલગેરિયનો સિવાય કોઈ વિદેશી નહોતા, અને હિન્દુસ્તાનીઓને લશ્કરી તાલીમ આપતાં ઈંગ્લૅંડ અને રશિયા વચ્ચે ઘણા પ્રશ્નો ઊભા થાય. આમ છતાં જો કેળવાયેલા સેનાપતિઓ મળે તો દેશી સિપાઈ બળવો કરવા પ્રેરાય એવી શક્યતા દર્શાવતાં તેણે રશિયાની સરકારને ત્યાંની લશ્કરી એકેડેમીમાં હિન્દુસ્તાની જુવાનોને પ્રવેશ આપવાની ભલામણ કરી. પરંતુ વાત આગળ વધે તે પહેલાં ક્લેમની મુદત પૂરી થઈ ને તેના સ્થાને એ. એ. હેઈકિંગ આવ્યો. તેને આ દેશની રાષ્ટ્રિય આકાંક્ષાઓ પ્રત્યે મુદ્દલ સહાનુભૂતિ ન હોઈને એ વાત તેણે ત્યાં જ અટકાવી દીધી. ઇ. ૧૯૦૮માં લોકમાન્ય સામે ચાલેલા મુકદ્દમામાં આ હેઈકિંગ ન્યાયાધીશની જોડે જ બેસતો અને લોકમાન્ય જ્યારે પણ રશિયામાં ક્રાન્તિ આગળ ધપી રહી હોવાનો ઉલ્લેખ કરતા ત્યારે સરકારી વકીલને તેની વિરુદ્ધની દલીલો પૂરી પાડતો.

અશોક હર્ષ

મરાઠા ઈતિહાસમાં ત્રણ ગાદીઓનાં નામ જાણીતાં છે. સુમેરસિંગ અને અટકસિંગ ગાદીઓનાં નામ પેશવા નારાયણરાવના ખૂનીઓ તરીકે, જ્યારે ઇબ્રાહીમ ગાદીનું જ્વલંત દેશભક્ત તરીકે. ફ્રેન્ચ સેનાપતિ બુસીના હાથ નીચે તાલીમ પામેલો ઇબ્રાહીમ જેવો તોપખાનાનો નિષ્ણાત બીજો મળવો મુશ્કેલ હતો. પાછળથી બુસી સાથે અણબનાવ થતાં નિઝામે મહિને એક લાખના પગારે પોતાને ત્યાં રોકી લીધો. શિંદખેડની નિઝામ અને પેશવા વચ્ચેની લડાઈમાં તે નિઝામના પડખે રહી લડેલો.

આ પછી નિઝામ સાથે કંઈક કારણે તેને વાંકું પડતાં પેશવા બાલાજી બાજીરાવે તેને પોતાને ત્યાં રોકી લીધો. એવામાં ઉત્તર ભારત પર અહમદશાહ અબ્દાલીનું આક્રમણ થતાં તેને પાછો કાઢવા પેશવાએ સદાશિવરાવ ભાઊની સરદારી નીચે પ્રચંડ સૈન્ય ઈ.સ. ૧૭૬૦ના માર્ચની ૧૪મીએ રવાના કર્યું.

ઈ.સ. ૧૭૬૧ના જાન્યુઆરીની ૧૪મીએ પાણીપત મુકામે અફઘાનો અને મરાઠાઓ વચ્ચે ચાલેલા તુમુલ યુદ્ધ પહેલાં આક્રમણકાર અહમદશાહ અબ્દાલીએ તેની પ્રશંસા સાંભળી તેને ફોડવાનું કાવતરું ઘડેલું, પણ તેમાં તેને નિષ્ફળતા જ મળી. અહમદશાહે તેને સમજાવ્યો, 'દોસ્ત, તું મુસલમાન થઈને મુસલમાનની સામે પડે છે ? તારી તોપો સાથે મારા સૈન્યમાં ચાલ્યો આવ, આપણે અંગ્રેજ ખાનની જેમ આખું એશિયા કબજે કરીશું.'

સ્વામીભક્ત ઇબ્રાહીમે આ લાલચ ધુત્કારી કાઢતાં કહ્યું, 'હું ભાઊસાહેબને છેવટ સુધી તેમનો સાથ ન મૂકવાનું વચન આપી ચૂક્યો છું. હવે વચનભંગ કરી હું તેમનો વિશ્વાસઘાત નહિ કરું. વળી, આ લડાઈ ને ધર્મને શો સંબંધ ? ભાઊસાહેબ કંઈ ધર્મના નામે નથી નીકળ્યા.'

યુદ્ધમાં વિશ્વાસઘાત હણાતાં સદાશિવરાવ ભાઊ નાસી છૂટ્યો, પણ ઇબ્રાહીમ લોદીએ ઘાયલ થયા છતાં દુશ્મન સૈન્ય પર તોપમારો ચાલુ રાખ્યો. છેવટે અફઘાન સૈનિકોએ તેને ઝડપીને અબ્દાલી પાસે રજૂ કર્યો ત્યારે અબ્દાલીએ ફરી પેલી લાલચ આપી. ઇબ્રાહીમે તેનો ઇન્કાર કરતાં ક્રોધિત બની અબ્દાલીએ એ જ ક્ષણે તેનો શિરચ્છેદ કરી નાખ્યો.

જોધપુર રિયાસતને બચાવવા દુર્ગાદાસ રાઠોડ ઔરંગઝેબની મુગલ સેના સામે જંગમાં ઊતરેલો. પરંતુ એને મારવા પકડવા કે ઘાયલ કરવામાં સતત નિષ્ફળતા મળતાં ઔરંગઝેબે છળથી તેને હાથ કરવાનો પેંતરો રચ્યો.

દુર્ગાદાસે આ દરમિયાન એક મરાઠા સરદારને ત્યાં રાનવાસા માટે આશ્રય લીધો. એને ખબર નહિ કે એ સરદાર મુગલોની નોકરીમાં હતો. દુર્ગાદાસ જેવો ભરઊંઘમાં પડ્યો કે તે કટાર લઈને ઊઠ્યો. મુગલોના એ દુશ્મનને પૂરો કરતાં પોતાને મળનારા માન-અકરામના આનંદમાં તે હજુ બે પગલાં આગળ વધ્યો હશે ત્યાં તો જાણે એકાએક વીજળી પડી !

એ મરાઠા સરદારની પત્ની જ વાઘણ જેમ કૂદી તેના માર્ગની આડે આવી ઊભી અને એક જ આંચકે એના હાથમાંની કટાર છીનવી લેતી બોલી, 'ધિક્કાર છે તમને ! મુગલોના ટુકડા ખાઈને તમારી તલવાર તો કટાઈ ગઈ છે, પણ અંતરાત્મા ય એટલો કટાઈ ગયો છે કે આખી મરાઠા જાતિને કલંકિત કરવા નીકળ્યો છે ? આવા કાયરની પત્ની હોવા બદલ પણ મને શરમ આવે છે.'

પતિપત્નીના આ ઝઘડામાં દુર્ગાદાસની આંખ ઊઘડી ગઈ, અને પરિસ્થિતિ પ્રમાણી, એ જ વખતે નાસી છૂટ્યો.

* * *

ઈંગ્લંડ, ફ્રાન્સ, પોર્ટુગલ અને હોલેન્ડની જેમ ડેનમાર્કને પણ આ દેશમાં પોતાનો અડ્ડો જમાવવાની મહત્ત્વાકાંક્ષા જાગેલી અને ત્યાંના રાજવી ક્રિશ્ચિયન ચોથાએ ઇ. ૧૬૨૦માં એક કાફલો ભારત મોકલેલો, જે તા. ૧૧મી ઓક્ટોબરે તંજાવર જિલ્લાના ત્રાંકવેબાર (મૂળ નામ તરંગમ્બાડી) ઊતરેલો. નૌકા-કાફલાના વડાની મહત્ત્વાકાંક્ષા તો આ નાનકડા બંદરને કલકત્તા કે મુંબઈ જેવું નહિ તો છેવટે પોંડીચેરી જેવું વિકસાવવાની હતી, પણ પોતાની ડેન વસાહતના રક્ષણ માટે માત્ર એક કિલ્લો બંધાવ્યા સિવાય તેનાથી કશું જ થઈ શક્યું નહિ. પરિણામે તરંગમ્બાડી આજે પણ સોએક ઘરનું એક ગામડું જ રહ્યું છે.

ઇ. ૧૬૧૯માં સીલોન (હાલના શ્રીલંકા)ના રાજવીએ પોતાનું એક પ્રતિનિધિમંડળ ડેનમાર્ક મોકલીને ત્યાંના રાજવી પાસેથી પોર્ટુગીઝો સામે મદદ માગી હતી. આ માગણીએ ક્રિશ્ચિયન ચોથાની મહત્ત્વાકાંક્ષા ઉત્તેજેલી. પણ કાફલો આવી પહોંચે તે પહેલાં તો સીલોનનો રાજવી પરાજય પામી ચૂક્યો હતો. કાફલાના વડા એડમિરલ ગેડને તેના જાસૂસો દ્વારા જાણવા મળ્યું કે તંજાવરનો રાજા રઘુનાથ નાયક તેના કાફલાને આવકારવા તૈયાર હતો, એટલે કાફલાને સીલોનમાં ક્યાંયે નાંગરાવવાના બદલે તે સીધો તરંગમ્બાડી હંકારી ગયો. રાજા રઘુનાથે તેની સાથે મિત્રતા બાંધવા એ ગામડું તેને બક્ષિસ આપી દીધું, અને આ દેશમાં પાંચ માઈલ લાંબી અને ત્રણ માઈલ પહોળી પહેલી જ ડેન વસાહત શરૂ થઈ. એડમિરલ ગેડે બે વરસ રહીને ત્યાં કિલ્લો બાંધ્યો જે આજે પણ ખંડિયેર દશામાં ઊભો છે.

જો કે લશ્કરી નજરે આ કિલ્લાનું ખાસ મહત્ત્વ નહોતું, અને ડેન લોકો પણ અંગ્રેજ, ફ્રેન્ચ કે પોર્ટુગીઝોની જેમ અહીં સાંસ્થાનિક સત્તા ન જમાવી શક્યા. અંગ્રેજોની આક્રમણની ધમકી સાથે જ ત્રાંક્વેબારના ગવર્નરે શરણાગતિ સ્વીકારી લીધી. આમ, લશ્કરી મૂલ્ય નહિવત્ છતાં ઐતિહાસિક મૂલ્ય તો તે ધરાવે છે. ખ્રિસ્તી પ્રોટેસ્ટન્ટ પંથનું આ દેશમાં પહેલું જ દેવળ ઇ. ૧૬૭૧માં અહીં બંધાયેલું, અને આજે પણ ખ્રિસ્તી મિશનરીઓની પ્રવૃત્તિનું તે એક કેન્દ્ર છે.

રાજકીય મહત્ત્વકાંક્ષા ન સંતોષાતાં ડેનમાર્ક કે આ આખી યે વસાહત ઇ. ૧૮૪૫માં અંગ્રેજોને રૂપિયા સાડા બાર લાખની કિંમતે વેચી નાખી. ઇ. ૧૮૬૦માં નાગપટ્ટનમ્ સુધીનો રેલમાર્ગ બંધાઈ જતાં ત્રાંક્વેબારનું એક બંદર તરીકેનું કશું મહત્ત્વ રહ્યું નહિ, તે જર્જરિત બનતું ગયું, અને ડેનિશોએ ઊભાં કરેલાં મકાનોમાંથી જે એક મકાન હજુ ઊભું હતું તે પણ બીજા વિશ્વયુદ્ધ પછી તોડી પાડવામાં આવ્યું.

લોકમાન્ય બાળ ગંગાધર ટિળક અંગ્રેજોની ગુલામીમાંથી આ દેશને મુક્ત કરવા એટલા અધીરા હતા કે એક બાજુ મહારાષ્ટ્ર, બંગાળ અને પંજાબના ક્રાન્તિકારીઓના સંપર્કમાં રહેવા સાથે બીજી બાજુ મુંબઈમાંનાં જર્મન, રશિયન અને ઑસ્ટ્રો-હંગેરિયન રાજદૂતો સાથે પણ સંપર્કમાં રહેતા.

(અનુસંધાન પાન ૪૩૭ ઉપર)

અમે મમ્મીને સાઈકલ શીખવાડી

મૂ.લે. નિર્મલા દાતે
અનુ. સુશીલા જોશી

અમારી મમ્મીને બજારમાં જવાનું એટલે જાણે મોટો કાર્યક્રમ. ગલીને નાકે શાક કે બીજો કોઈ સામાન લઈ આવતાં મમ્મીને ખાસ્સા ત્રણ કલાક લાગે. એનું કારણ મમ્મીની બહેનપણીઓ.

મમ્મીની બહેનપણીઓ પણ પાર વગરની. બિલકુલ સીતાના ચોટલાથી માંડી હનુમાનના પૂંછડા સુધી પહોંચે એટલી. મહિલામંડળ અને ભગિનીસમાજની, આજુબાજુની શાળા-કોલેજની, એમ કેટલી બધી ! મમ્મી જવા નીકળે કે નીચેના માળે રહેતાં સુનીતિમાસી અંદરથી બૂમ પાડીને પૂછે, 'શાક લેવા જાય છેને ? ઊભી રહે, હું પણ આવું છું.' મમ્મી ઊભી રહે એટલે પાંચ મિનિટ નીકળી જાય ! પછી બંને ચાલવા લાગે. રસ્તામાં એક નદીને જેમ ઉપનદીઓ આવીને મળે એમ બીજી બહેનપણીઓ ભેગી થઈ જાય. રસ્તામાં દર બે ડગલે મમ્મીની એકાદ બહેનપણી તો મળે જ. પછી મમ્મી નિરાંતે એમની સાથે વાતોએ વળગે. તે આમ કરતાં કરતાં માંડ ખાલી શાક લઈને આવે.

એટલે ઘરે આવતાં મોડું થઈ જાય. જમવાનું મોડું થાય એ દાદીમાને જરાય ન ગમે. દાદાને પણ ન ફાવે. પછી એક બાજુ દાદીમા ને દાદા, ને બીજી બાજુ મમ્મી ને પછી શબ્દોની જુગલબંધી શરૂ થઈ જાય. જો મમ્મી સવારે બહાર જાય તો અમને પણ સ્કૂલે જવાનું મોડું થાય, ને પપ્પા શાક લાવે તો પાછું મમ્મીને ન ગમે. વાસી છે, સડેલું છે, જોઈને લેતાં નથી આવડતું એમ કહીને નાક ચડાવે. તો પછી કરવું શું ?

અડકો દડકો

છેવટે પપ્પાએ એક ઉપાય શોધી કાઢ્યો. મારા પપ્પા ગણિતના પ્રોફેસર છે. એટલે તેમણે બધી મુશ્કેલી સ્ટેપ બાય સ્ટેપ નોંધી લીધી. મમ્મીને મોડું કેમ થાય છે કેમ કે બહેનપણીઓ ઘણી છે. એ બધી વાતોડિયણો છે એટલે એકબીજા સાથે ખૂબ વાત કરે. બે વ્યક્તિ બોલ્યા કરે તો ઘણો સમય જતો રહે. જો કોઈ મળે જ નહીં તો વખત બગડે નહીં. એટલે સુધી પહોંચતાં પપ્પાને તરત પ્રશ્નનો ઉકેલ મળી ગયો. એમણે ચપટી વગાડી અને અમને મોટેથી બૂમ પાડી, 'નીલુ, પ્રિયા, સુમીઆ, જલદી આવો તો.'

અમે અભ્યાસ પડતો મૂકી ઝટપટ દોડતાં પહોંચ્યાં. (અભ્યાસ મૂકીને જતાં વાર ન લાગે, રમત છોડીને જવું હોય તો વાત જુદી). આમ અમે એક સેકન્ડમાં જ હાજર થઈ ગયાં. પપ્પાએ ફરમાન કાઢ્યું, 'જુઓ આજથી તમારી મમ્મીને સાઈકલ શીખવાડવાનું શરૂ કરી દો. સાઈકલ લઈને જાય એટલે વાતો કરતાં ઊભા રહેવાનો સવાલ જ નહીં. ઝટપટ જાય ને પટપટ ઘરે આવી જાય.' અમે તરત લાંબોલચક હોંકારો આપી ડોક હલાવી. મને મનમાં થયું: મમ્મી હંમેશાં અમને ઘાંટા પાડતી હોય છે, હવે જો મમ્મી ભૂલ કરે તો એના ઉપર રોફ જમાવવાની મજા પડશે.

મેં તરત મારી સાઈકલ બહાર કાઢી. અમે ત્રણેય તૈયાર હતાં જ. પપ્પા પણ શીખવાડવામાં મદદ કરવાના હતા. પણ ખરે ટાણે એમને વાંસામાં સબાકો ઊપડ્યો. પછી તો મેં જ મમ્મીને પ્રત્યક્ષ પાઠ આપવાનું શરૂ કર્યું. 'આ જો, પેડલ પર ડાબો પગ આમ મૂકવાનો, બંને હાથે હેન્ડલ પકડવાનું, કૂદકો મારતાં તરત બીજો પગ બીજા પેડલ પર મૂકવાનો. હવે શરૂ કર.'

મમ્મીએ પોઝ લીધો. મેં એક બાજુ સાઈકલ પકડી રાખેલી. મમ્મીએ પેલી બાજુના પેડલ પર પગ મૂક્યો. અરે હા, અમારી મમ્મી કાંઈ ખેંખડી નથી જરા મસ્ત છે એટલે એ ક્યાંથી સમતુલા જાળવી શકે ? અને મારાથી પણ કઈ રીતે એ વજન સંભાળાય. એટલે પહેલા પ્રયત્નમાં જ એ સાઈકલ સહિત મારા ઉપર ઢળી પડી. જો કે મને ખાસ વાગ્યું નહીં એની વાત જવા દો.

પહેલો દાવ ભગવાનનો એમ માની અમે ફરી શરૂઆત કરી. આ ખેપમાં એક બાજુ હું અને પ્રિયા અને બીજી બાજુ સુમીત અને ચિંટુ ઊભાં રહ્યાં. બધાંએ બરાબર ખેંચીને સાઈકલ પકડી રાખી. પછી ઘોડા ઉપર સવાર થઈએ એમ મમ્મી સાઈકલ પર સવાર થઈ ગઈ. બુડુક બુડુક કરતી પેડલ મારવા લાગી. અમે ચારેય જણા સાઈકલ સાથે દોડવા લાગ્યાં. સુમીઓ બૂમો પાડ્યા કરતો. પાણીમાં હોડી ઝોલા ખાય એમ સાઈકલ ક્યારેક આ બાજુ તો ક્યારેક પેલી બાજુ એમ ડોલ્યા કરતી. સાઈકલે બરાબર વેગ પકડ્યો કે તરત સુમીત અને ચિંટુએ એ બાજુનો હાથ છોડી દીધો. અને હું સુમીઆ, સુમીઆ કરતી કાકલૂદી કરતી રહી. એ લોકો સંભાળે એ પહેલાં જ મમ્મી સામેથી આવતા લીંબુવાળા સાથે અથડાઈ પડી. પડી કે તરત જ એક બાજુ સાઈકલ ફેંકી ઊભી રહી ગઈ. એ વખતનો તાલ જોતાં હું તો પહેલાં જ એક બાજુ ખસી ગઈ. લીંબુવાળો ટોપલા સહિત જમીન સરસો સપાટ પડ્યો. ટોપલાનાં લીંબુ ચારેબાજુ વેરાઈ ગયાં. એ

ઊઠીને ઊભો થાય એ પહેલાં જ મમ્મી એના ઉપર તાડૂકી, 'કેમ રે લ્યા, સામે જોઈને ચાલતા નથી આવડતું ?' અમારી મમ્મી કોઈને તતડાવી નાખવાનાં આગેવાન છે. એના તોપખાના આગળ પેલાનું કેટલું ગજુ ? ચૂપાચાપ લીંબુ ભેગાં કરી એ બિચારો રવાના થઈ ગયો.

બીજે દિવસે વળી જુદો અનુભવ થયો. અમારો શિક્ષણક્રમ ચાલુ હતો એ દરમ્યાન સામેથી ભેંસોનું એક ટોળું રસ્તામાં આવ્યું. મમ્મીને સાઈકલ સમેત બાજુએ કરીએ એ પહેલાં જ ભેંસોએ ચારેબાજુથી અમને ઘેરી લીધાં, મમ્મીને પોતાની મેળે ઊતરતાં નથી આવડતું એટલે આપણે એક બાજુ ચાલવું જોઈએ એવું ભેંસો જાણતી હોત તો પછી એ ભેંસ તરીકે જતી જ ન હોત ને ! એ ટોળું પોતપોતાની રીતે બિંદાસ્ત આગળ વધતું હતું. ભેંસના આ ટોળાથી બચવા માટે અમે કોરસમાં 'હડ' 'હડ' બૂમો પાડવા લાગ્યાં. અમારું સમૂહગાન સાંભળી આજુબાજુ ભીડ જામી ગઈ. બેચાર સ્કુટરવાળા ને સાઈકલવાળા પણ એકબીજા સાથે અથડાઈ પડ્યાં. એમાં પાછી રિક્ષાવાળા ને લારીવાળાની ધમાલ. જાણે હુલ્લડ ન મચ્યું હોય! એ તકનો લાભ લઈ અમે ત્યાંથી ભાગી છૂટ્યાં.

પછી અમે નક્કી કરી નાખ્યું કે આટલી ભીડમાં રસ્તા પર ન જવું. અમારા બિલ્ડિંગમાં ખૂબ સરસ મોટી અગાસી છે. અમે ચારેય જણાએ મળી હૈય્યા, હુપ્પ, જય બજરંગ' કરી સાઈકલ ઊંચકીને અગાશીમાં ચડાવી. પછી તો ખુલ્લી અગાશીમાં સાઈકલની પ્રેક્ટિસ એટલે શિક્ષણકાર્ય પૂરજોશમાં શરૂ કર્યું.

અને ખરેખર એ દિવસોમાં મમ્મીને પોતાની મેળે સાઈકલ ચલાવતાં આવડી ગઈ. પણ હજુ ઊતરતાં નહોતું ફાવતું. વટથી ગોળગોળ ચક્કર માર્યાં કરે. આનંદની ભરતીમાં એક વાત ધ્યાન બહાર નીકળી ગઈ. અગાશીનો કઠેડો એક બાજુ જરા તૂટેલો હતો. એ ભાગમાં કામચલાઉ નાની જાળી મૂકી દીધેલી. મમ્મીની સાઈકલ ચક્કર મારતાં મારતાં એ જાળી સાથે અથડાઈ પડી. જાળી હતી સાવ નાજુક. તરત જ તૂટી ગઈ અને સાઈકલનું એક પૈડું ત્યાંથી આગળ સરકવા લાગ્યું. મમ્મી ઉપર બેઠી હોવાથી પાછળનું પૈડું એની જગ્યાએ ઘર્ ઘર્ ફરતું રહ્યું. મમ્મીના ડાંડિયા ડૂલ ! એટલી ગભરાઈ ગઈ કે મ્હોમાંથી શબ્દ બહાર નીકળે નહિ! અમે તમામ બળ ભેગું કરી સાઈકલને પાછળ ખેંચી પકડી રાખી અને પછી જોર જોરથી બૂમો પાડવા લાગ્યાં. સુમીઓ 'હેલ્પ હેલ્પ' કરી ચીસો નાખતો હતો એ સાંભળી આજુબાજુનાં લોકો દોડતાં અગાશી પર આવી પહોંચ્યાં - બાલુકાકા અને રામભાઈ સૌથી પહેલાં ઉપર આવ્યા. એમની મદદથી મમ્મી નીચે ઊતરી શકી. પછી તો બધાંએ અમારું પરાક્રમ જોઈ હસી હસીને બેવડ વળી ગયાં. એની ખુશાલીમાં બધાંએ મમ્મી પાસેથી ચ્હા વસૂલ કરી.

એ પછી અમે અગાશીને રામ રામ કરી દીધા. ફરી રસ્તા પર ઊતરી પડ્યાં. પણ હા, દિવસની ભીડ ટાળવા માટે શીખવાડવાનો સમય રાતનો રાખ્યો. રાતે જમવાનું પતી ગયા પછી શરૂઆત કરી. હવે મમ્મીને ખાલી ચડતી-ઊતરતી વખતે ટેકો આપવો પડતો. એક વખત બેસાડી દઈએ અને સાઈકલ ગતિ પકડે એટલે અમે હાથ છોડી પાછળ દોડીએ. ઊતરવાનું આવે એટલે ચારે જણાએ બન્ને બાજુએથી સાઈકલ પકડી માસાહેબને ઉતારવાનાં. આ રીતે ગલીના આ નાકેથી પેલા નાકા સુધી બે ફેરા થઈ ગયા.

ત્યાં સુધીમાં તો શેની ધમાલ ચાલે છે એ જોવા આજુબાજુનાં ઘરનાં લોકો બહાર નીકળ્યાં. પરમ દિવસે અગાશી પર જે ગમ્મત થઈ એને લીધે બધાંને જાણ તો હતી જ. એટલે કોઈ ઓટલા પર તો કોઈ પગથિયે, કોઈ દરવાજે, કોઈ બારીમાં એમ જગ્યા રોકીને સૌ તમાશો જોવા બેસી ગયાં. અને અમને મૌલિક સૂચનો આપવા લાગ્યાં, 'મમ્મીને બરાબર પકડજો !' 'અરે સુમીઆ જોજે એ પડે ના!' 'તમારું ધ્યાન ક્યાં છે ?' 'હાથ છોડતાં નહીં.' 'પાછળ જરા જોસથી દોડો ને !' પછી તો રોજ રાતે જમવાનનું પતે કે તરત નાટક જોવા ભેગા થાય એમ ગલીની બન્ને બાજુ લોકો આવીને બેસી જતાં.

એમાં એક દિવસ સીતાકાકીને સાઈકલ શીખવાની ચળ ઊપડી, 'એ ય છોકરાઓ, મને પણ શીખવાડો ને !' એમણે કહ્યું. પછી એમને પણ બેસાડીને એક મોટો આંટો મરાવી દીધો ત્યાં તો માલતીકાકી, સખુતાઈ, રમાફોઈ બધાં એક પછી એક તૈયાર થવાં લાગ્યાં. અમને તો જાણે એક મોટું કામ મળી ગયું. સ્કૂલમાં રજા હતી એટલે ના પાડવાનું કોઈ કારણ નહોતું.

ધીમેધીમે ચાલીનાં બધાં છોકરીઓની મમ્મીને સાઈકલ ચલાવતાં આવડી ગયું. અમારી ચાલવાળાં બધાં ભારે ઉત્સાહી, જમવા માટે કંઈક નિમિત્ત શોધી કાઢે. સાઈકલના બહાને બધાંએ ભેગાં મળી સાઈકલ દિવસ ઊજવવાનું નક્કી કર્યું. ઘણી વખત ફક્ત બૈરાંઓ મળીને જ કંઈક પાર્ટી જેવું ગોઠવે. પણ આ વખતે અમને ટાબરિયાંઓને લીધાં વગર ચાલે એમ નહોતું. એટલે અમારો પણ ઉમેરો થયો. રામભાઈ અને બાલુકાકાએ પણ મમ્મી પાસે ઉઘરાણી કરી. એમણે તે દિવસે મમ્મીને બચાવેલી ને !ત્યારબાદ રસ્તાને કિનારે બેસી ઉત્તેજન આપનાર બાકીની મંડળી પણ

એમાં સામેલ થઈ. સાઈકલ દિવસ ભારે ધામધૂમથી ઊજવવાનું નક્કી થઈ ગયું.

સવારે ઊઠતાવેંત સૌ છોકરાંઓએ બધી સાઈકલો ઘસીઘસીને ચકચકાટ કરી દીધી. દશેરામાં પહેરાવીએ એમ ફૂલની માળા પહેરાવીને સાઈકલો શણગારી. બપોરે એક ગલીના એક ખૂણેથી બીજે ખૂણે સુધી સાઈકલોનું પ્રદર્શન કાઢ્યું. સંગીત ક્લાસના કેટલાક છોકરાઓએ બેન્ડ વગાડવાનું કામ ઉપાડી લીધું. આમ બરાબરનું વાતાવરણ જામ્યું. અમે જાતજાતની હરીફાઈ રાખેલી, સ્લો સાઈક્લિંગ, ઊતર્યા વગર એક કલાક સાઈકલ ચલાવવી, સાઈકલની લગોલગ દોડવું વગેરે. ચંપામાસી સ્લો સાઈક્લિંગમાં પહેલાં આવ્યાં ત્યારે મમ્મી બોલી 'ઓહો ! એમાં શી ધાડ મારી !' એના ભારે વજનને લીધે સાઈકલ એક ઈંચ આગળ જાય તો દોઢ ઈંચ પાછળ સરકે. બધા ખી ખી કરીને હસવા લાગ્યાં. એ સાંભળીને ચંપામાસીના ગાલ ઓર ફૂલી ગયા.

અમારા સુમીઆએ એક કલાક અટક્યા વગર સાઈકલ ચલાવી અને પહેલું ઇનામ મેળવ્યું. ઇનામમાં એક મોટું બૉક્સ ભેટ મેળવ્યું. સુમીએ ઉપરનો કાગળ ઉખાડીને જોયું તો અંદર વળી બીજો કાગળ. એની અંદર ત્રીજો, એમ દસ મિનિટ સુધી સુમીઓ કાગળ ઉખેડતો જ ગયો. છેવટે ડુંગર ખોદીને ઉંદર નીકળે એમ અંદરથી એક પીપરમિન્ટની ગોળી નીકળી. સુમીઓ તો બાપુ એવો અકળાયો કે બસ વાત જ ના પૂછો !

અને પછી છેવટે ભોજન એટલે સૌથી મોટો કાર્યક્રમ. બીજી ચાલુ વાનગીઓ તો હતી જ. પણ નીલુબહેને સાઈકલના આકાર જેવી ખાસ કેક તૈયાર કરેલી. એ કેક મેં જ કાપી. બધાંએ તાલીઓનો ગડગડાટ કર્યો. મેં કેકના નાના નાના ટુકડા કરી બધાંને આપ્યા. એક મોટો ટુકડો પહેલાં જ બાજુ પર મૂકી દીધેલો, જે બધાંની નજર ચૂકવી મેં પેટમાં પધરાવી દીધો. આ પ્રમાણે અમે સાઈકલ દિવસ ધામધૂમથી ઊજવ્યો. અને એક મહિનાની આ શિક્ષણશિબિર પૂરી કરી.

બીજે દિવસે મમ્મી સાઈકલ પર થેલી ભરાવી શાક લેવા નીકળી. હંમેશ મુજબ સુનીતિમાસીએ બૂમ પાડી. એ આવે ત્યાં સુધી થોડો વખત ગયો. સાઈકલ પર બેસે એટલામાં એક બહેનપણી આવી. થોડું આગળ જતાં ત્રીજી મળી. એક ચકલી આવીને દાણો લઈને ઊડી એ વાર્તાની જેમ ઓળખીતી સ્ત્રીઓ મળતી જ ગઈ ને મમ્મી ચાલતી રહી. હાથમાં સાઈકલનું હૅન્ડલ એમ ને એમ ! છેવટે શાક લીધું. થેલી હૅન્ડલ પર ભરાવીને બહેનપણીઓ સાથે વાતો કરતાં કરતાં ઘરે આવી. હંમેશ મુજબ મોડેથી સ્નો ! એટલે ટૂંકમાં પપ્પાનો પ્લાન ફુસ્સ થઈ ગયો. પપ્પા બીજો ઉપાય શોધવા માટે માથું ખંજવાળતા બેઠા છે. (મરાઠી બાળવાર્તા)

અનુસંધાન] સાહિત્યસંપર્ક [પૃ. ૪૪૪ પરથી

અપવાદ : કીડિયારું, જીરાસાળ, લીલોતરી, ઊડઝૂડ, પૂછગા(-તા,-પર,-પા)છ, ભૂતાવળ (-ળી), શૂરાતન.

નોંધ : (ક) 'મૂંઝવણ'માં કોમળ અનુસ્વાર હોવાથી નિયમ ૧૪ મુજબ ઊ દીર્ઘ છે, પરંતુ 'મુઝવણ'ને તો આ જ નિયમ લાગુ પડશે.

(ખ) આ તત્સમ શબ્દો યાદ રાખીએ :

(અ) સંસ્કૃત શબ્દ ઊહાપોહ

(આ) ફારસી શબ્દો મીનાકારી, કીમિયાગર

(ઇ) અંગ્રેજી શબ્દો પ્રીમિયમ, મ્યૂઝિયમ.

નિયમ ૨૫ : ચાર કે તેથી વધારે અક્ષરના બનેલા તદ્ભવ શબ્દોમાં અનાદિ અક્ષરના ઇ-ઈ/ઉ-ઊની જોડણી માટે, નિયમ ૨૩ ની જેમ, જો પછીનો અક્ષર લઘુ હોય તો ઈ/ઊ દીર્ઘ રહે ને જો પછીનો અક્ષર ગુરુ હોય તો ઇ/ઉ હ્રસ્વ રહે છે.

દાખલા : નવલિકા, વેવિશાળ, અહરિમાન, ગંધબિરોઝો; અકસીર, અપાહીજ, કમરીક, તપખીર, તપ(-ફ)સીલ, વહીવટ, વાઈસર; કંપોઝીટર, ગિરમીટિયો, પિપરમીટ; તડુકાવવું, શાહુકાર; આબેહૂબ, ઊળૂખવો, કરતૂક(-ત), ક્લાબૂત, ખડબૂચ(-ચું), ખશ(-સ)ફૂલું, ચકચૂર, જરૂરત, જંબૂરિયો, ટચૂકડું, તડ(-ર)બૂચ, નક્કૂ(-ક્ક)ર, નિમણૂક, પાટલૂન, ફિસસૂફ, બબૂચક, મહેસૂલ, મોરથૂથુ, વર્તણૂક, હકૂમત; પરચૂર(-ટ)ણ, સહૂલિયત વગેરે.

વિકલ્પ : તહકૂબ-તહકુબ, ફળદ્રૂપ-ફળદ્રુપ

અપવાદ : કિસમિસ, કુરનિસ, દોહિતર, નરગિસ, નહિતર, ભર્જનિક, મજલિસ, મહેફિલ, ચૂપકીદી, પાદ્ગીહારું; આઈતવાર, માહિતગાર; અનુપળ, અરુપરુ, ખાઉધર(-રું), પજુસણ, બહુચર(-રા, -રી, -રાજી), મહીસુર; અપ(-વ)શુકન, તરજુમિયું; અંધાધૂની, કાકલૂદી, ગળથૂથી, ભાદૂઆત, શરૂઆત, સમજૂતી, સલૂકાઈ.

નોંધ : (ક) નિયમ ૨૩ની નોંધ (ક) મુજબ વિશેષણ પરથી બનેલ સંજ્ઞાની જોડણી યથાવત્ રહે છે. વિશેષણ પરથી બનતાં ભાવવાચક નામોમાં પણ જોડણી બદલાતી નથી. આ કારણે અધીરાઈ, ગરીબાઈ, વકીલાત, હરીફાઈ જેવા શબ્દોને આ નિમય લાગુ પડતો નથી.

(ખ) નીચેના શબ્દો તત્સમ છે :

(અ) સંસ્કૃત શબ્દો : પરિચય, વિનિમય, પર્યુષણ, માધુકરી વ.

(આ) અરબી શબ્દો : જવાહિર, મુનાસિબ, મુફલિસ, કબૂલાત, તખલ્લુસ, બિલકુલ, રજૂઆત વ.

(ઇ) ફારસી શબ્દો : આલીશાન, સંગદિલ, હરગિજ (-સ), અંજુમન, કારકુન, બહાદુર વ.

(ઈ) અંગ્રેજી શબ્દો : ઑક્સિજન, કમિશન, ગ્રેફાઈટ, પિરામિડ, પેનસિલ, મિકેનિક, બાઈબલ, મૉનિટર, સાઈકલ, પાઉડર વગેરે.

રામજીભાઈ પટેલ

અતીતમાં અવગાહન

સમયનો ઉપયોગ

આપણને હજુ વખતનું મહત્ત્વ બરાબર સમજાયું નથી. સમય એ જ ખરું ધન છે. Time is money એવી અંગ્રેજી કહેવત તો જાણીતી છે; પણ ખરું જોતાં તો, વખત તો પૈસા કરતાં યે મૂલ્યવાન છે. ગએલી દોલત આપણે પાછી મેળવી શકીશું, પણ વીતી ગએલી એક પળ પણ પાછી મેળવી શકાવાની છે? - ભલેને લાખ પ્રયત્ન કરો!

જે જે મહાપુરુષો થઈ ગયા તેઓએ પૈસા કરતાં યે વખતને ખૂબ કરકસરરથી ખર્ચ્યો છે. પોતાના અત્યંત પ્રવૃત્તિમય જીવનમાં પણ જે ફાલતુ વખત મળતો તેને યોગ્યરીતે ઉપયોગ કરીને જ તેમણે ખ્યાતિ મેળવી છે.

આપણા જીવનમાં આપણને જે ફાલતુ આરામનો વખત મળે છે તેનો ઉપયોગ કરીને કેવી આશ્ચર્યકારક પ્રગતિ કરી શકાય છે તેની હજુ આપણને બરાબર કલ્પના નથી. રસાયણશાસ્ત્રનો પાયો નાખનાર માઈકેલ ફેરાડે બુકસેલરને ત્યાં ચોપડીઓ બાંધતો; પણ એ કામમાં જે વખત બચતો તેમાં પ્રયોગો કરી કરીને તેણે મોટી શાસ્ત્રીય શોધો કરી હતી. ચહા ઉકાળવામાં જેટલો વખત અમસ્તો વીતતો તેટલો વખત બેસી રહેવાને બદલે તેનો ઉપયોગ કરીને કવિ લૉંગફ્લો એ 'ઈનફર્નો'નો અનુવાદ કર્યો હતો. જેલમાં સખત મજૂરી કર્યા પછી બચતા વખતમાં જ સાને ગુરુજીએ પોતાનું પ્રખ્યાત પુસ્તક 'શ્યામચી આઈ' લખ્યું હતું. ગેલીલિયો ધંધો તો વૈદકનો કરતો હતો; પણ તે કામમાંથી જે ફાલતુ વખત રહેતો હતો; તેનો ઉપયોગ તે શાસ્ત્રીય શોધખોળ કરવામાં કરતો, અને એમાંથી તો તેણે પોતાની જગવિખ્યાત શોધો કરી!

ફુરસદના વખતને ગમે તેમ વેડફી ન દેતાં તેનો સદ્‌વ્યય કરવાની ક્લા જેણે શીખી લીધી તેણે જીવનની ક્લા શીખી લીધી. રોજ જો ફક્ત એક જ કલાકનો બરાબર ઉપયોગ કરીએ તો ય કેટલું બધું કરી શકાય? રોજ ફક્ત એક કલાક વાંચનાર એક વર્ષમાં કેટલાંક હજાર પાનાનાં ગ્રંથો વાંચી શકે. ફક્ત એક જ કલાક રોજ નિયમિત કાંતનાર વસ્ત્રની બાબતમાં પૂર્ણત: સ્વાવલંબી થઈ શકે. ચાર્લ્સ ફ્રોસ્ટ એક મોચી હતો; પણ રોજ ફક્ત એક જ કલાક ગણિતનો અભ્યાસ કરીને તે અમેરિકાનો પ્રખ્યાત ગણિતશાસ્ત્રી બન્યો.

વળી એક સાથે બબ્બે કામ કરવાની ક્ળા પણ આપણે હસ્તગત કરવી જોઈએ. આ કળામાં જો સૌથી વધુ પારંગત કોઈ હોય તો તે આપણા મહાત્માજી. તે જમવાના કાર્યની સાથે મુલાકાત (interview) લેવા આવનારના સવાલોના જવાબો આપતા હોય છે. ટબ-બાથ લેતા હોય કે માલિશ કરાવતા હોય છે ત્યારે વર્તમાનપત્રોમાંના કે બીજા સમાચારો સાંભળી લેતા હોય છે. ફરવા જાય તો તે વખતે પણ કોઈની સાથે તેમની અગત્યની મંત્રણા ચાલુ જ હોય. રેલવેનો પ્રવાસ કરતા હોય તે વખતે પણ કાં તો હરિજન ફાળો ઉઘરાવતા હોય કે લેખનકાર્ય કરતા હોય. તે જ્યારે જાજરૂ જાય છે ત્યારે પણ એકાદ પુસ્તકનું કે બીજું કોઈ વાચન કરતા હોય છે. જાજરૂને ઘણીવાર કટાક્ષમાં તે 'પુસ્તકાલય' કહે છે. કોંગ્રેસ કારોબારીની કે બીજી કોઈ અગત્યની સભા હોય તે વખતે વક્તાઓનાં ભાષણ સાંભળવાની સાથેસાથે બીજી બાજુ તેમનું કાંતવાનું ચાલુ જ હોય છે. આમ બે કામ એકી સાથે કરવાની કળામાં તે પાવરધા હોવાથી જ ૭૮ વર્ષની ઉંમરે પણ આ વિશાળ ભારતની નાવનું સુકાન સંભાળવાનું મહાભારત કાર્ય કરી શકે છે.

'અંકલ ટૉમ્સ કેબિન'ની પ્રખ્યાત લેખિકા બીચર સ્ટોએ રસોઈ કરતી વખતે વચમાં વચમાં જે વખત મળતો તે ગાળામાં જ એ પુસ્તક લખ્યું હતું. પ્રખ્યાત લેખક એમિલ લુડવિગ દાઢી કરતી વખતે જે નવી કલ્પનાઓ તેના મગજમાં આવતી તે પાસે રાખેલી નોટમાં ટપકાવી લેતો. એક પ્રખ્યાત સંપાદક પોતાને ખાસ વાંચી જવાનો ગ્રંથો પોતાની મોટરમાં રાખી મૂક્તો, અને એક સ્થળેથી બીજે સ્થળે જવાના લાંબા પલ્લા દરમિયાન મોટરમાં રાખેલા ગ્રંથોનો અભ્યાસ કરતો અથવા પોતાના તંત્રીલેખો લખતો. ઈંગ્લંડનો મુખ્ય પ્રધાન ગ્લેડસ્ટન સતત પોતાની પાસે એક પુસ્તક રાખી જ મૂક્તો. ક્યાંકે પાંચ મિનિટ મળી જતી કે તરત એ વાંચતો. એક ક્ષણ પણ નકામી ન વડેફાય તેની એ અત્યંત કાળજી રાખતો. સ્વામી રામતીર્થને ચાલવાની કસરતનો તથા વાંચવાનો ઘણો શોખ. પણ બંનેને જુદો જુદો આપી શકાય તેટલો વખત તેમની પાસે ન હોવાથી તેમણે ચાલતાંચાલતાં જ વાંચવાની ટેવ પાડી અને બંને કાર્યો સફળતાથી પાર પાડ્યાં.

આપણે પણ થોડાક પ્રયત્ને બે કામ એકી સાથે પાર પાડવાની ક્ળા હસ્તગત કરી શકીએ. મોટરની રાહ જોતાં બસસ્ટેન્ડ પર ઊભા હોઈએ ત્યારે, અગર રૅશનિંગની દુકાને કતારમાં ઊભા હોઈએ તે વખતે, મોટર કે ટ્રેનમાં એક સ્થળેથી બીજે સ્થળે જતા હોઈએ તે વેળા કે સભામાં વ્યાખ્યાતાને આવતા મોડું થયું હોય ત્યારે અથવા ફરવા જ નીકળ્યા હોઈએ તે વખતે, કોઈ ઉત્તમ પુસ્તકનું વાચન અથવા લખવા વગેરેનું બીજું કોઈ કામ સહજરીતે કરી શકીએ. જમતી વખતે, દાઢી કરતી વખતે અથવા રસોઈ કરી વખતે રેડિયો પરની અગત્યની ખબર સાંભળવાનું કે એવું કોઈ પરચુરણ કામ પતાવી શકીએ. આપણા ખિસ્સામાં સદા એકાદ પુસ્તક તો અવશ્ય હોવું જ જોઈએ કે જેથી ક્યાંકે વખત મળે કે તરત તેમાં ડોકિયું કરી શકાય.

જેમને કામ જ કરવું છે તે તો કોઈ પણ વખતે અને કોઈ પણ ઠેકાણે કરી શકે છે: પછી તે ઑફિસ હોય, રસ્તો હોય કે પ્રયોગશાળા હોય. 'અમુક કામ કરવાનો વખત નથી' એમ કહીએ છીએ ત્યારે ખરું જોતાં આપણે એ કામમાંથી છટકી જવાનો જ પ્રયત્ન કરતા હોઈએ છીએ.


આપણે જો એકેએક પળનો હિસાબ રાખતાં શીખશું તો આપણું જીવન તેનો પોતાનો હિસાબ એની મેળે જ રાખશે. □

('કુમાર' સળંગ અંક ૨૮૮માંથી)

કલાવાર્તા

શિલ્પકાર બી. વિઠ્ઠલ - સ્વર્ગસ્થ

પ રંપરાનાં બંધનોમાંથી મુક્ત થઈને કલાકારનું મન અંતરની ઊર્મિ અને અનુભૂતિને યથેચ્છ આવેગથી વ્યક્ત કરવા માંડે છે ત્યારે એની આગવી શૈલી નિર્માણ પામે છે. એમાંના કથનનો રસ અને સંદેશ ભાવકો માણી શકે ત્યાં સુધી એ શૈલી નિર્વાહ્ય બને છે. ચિત્રકાર અને શિલ્પી વિઠ્ઠલ





બી. વિઠ્ઠલ

મંગલવાર - બી. વિઠ્ઠલ એવા એક કલાકાર છે. ચિત્રકાર્ય કરતાં એમણે શિલ્પો વિશેષ કર્યાં છે. એમની શિલ્પાકૃતિઓમાં વસ્ત્રો આદીનાં આવરણોની કે માનવદેહનાં માપની એમને જરૂર લાગી નથી. આ સાથે દર્શાવેલી એમની આગવી કલારીતિ જોઈ શકાશે. આ કલાકાર બી. વિઠ્ઠલનું મગજની ધોરી નસ ફાટી જવાથી તાજેતરમાં જ ગઈ ૨૦ સપ્ટેમ્બરે મુંબઈની હૉસ્પિટલમાં ૫૯ વર્ષની વયે અવસાન થયું. 'કુમાર'ના વાચકો તો એમનાથી તથા એમનાં કલાકાર પત્ની બી. પ્રભાના નામ અને કામથી પરિચિત છે જ.




સ્વપ્નશીલ (શિલ્પ)

વિઠ્ઠલનો જન્મ વર્ધામાં થયો હતો. ભણતરમાં ચિત્ત ચોંટે નહિ અને પિતાનો સ્વભાવ કંઈક આકરો એટલે મુંબઈ નાસી ગયા. છએક માસ આથડ્યા અને પછી એમને જોઈ ગએલા એક સ્નેહીએ એમને સમજાવીને વર્ધા પાછા મોકલી દીધા. પછી ઘેર જ ચિત્રકામનો અભ્યાસ કરવા માંડ્યો પણ પર્સ્પેક્ટિવ આવડે નહિ એટલે બીજા વર્ષમાં બે વખત ગોથાં ખાધાં. આમ બીજી વખત પરીક્ષા આપવા મુંબઈ આવ્યા ત્યારે ત્યાંની સ્કૂલ ઑફ

(અનુસંધાન પાન ૪૨૯ ઉપર)

ડાબી બાજુ : શિલ્પ, જીવનસાથી અને નીચે ચિત્ર રુદ્રવીણા-વાદન



સાહિત્યસંપર્ક

અવલોકન

'આખું આયખું ફરીથી' (લે. હસમુખ બારાડી; પ્ર. થીએટર ફાઉન્ડેશન સ્ક્રિપ્ટ બેન્ક; વિ. પાર્શ્વ પ્રકાશન, ઝવેરીવાડ, અમદાવાદ; પ્ર.આ.૧૯૯૧; પૃ. ક્રાઉન ૧૧૨; મૂલ્ય : રૂ. ૨૫/-)

'ઓગણત્રીસ....વત્તા એક = ત્રીસ' વાર્તા અને 'ત્રીસમો દિવસ' એકાંકીનું આ દ્વિઅંકી નાટ્ય રૂપાંતર હસમુખ બારાડીની નાટ્ય સંપ્રજ્ઞતાનો પરિચય કરાવે છે. એકનું એક વસ્તુ સ્વરૂપાંતરે કેવી જુદી પ્રક્રિયામાંથી પસાર થાય છે એની પણ અહીં વિલક્ષણ પ્રતીતિ થાય છે. વાર્તામાંથી નાટ્યમાં આવતાં વર્ણનકથન ઓગળવા માંડે અને પ્રત્યક્ષતા ઊભી થવા માંડે, ભૂતકાળ સાક્ષાત્ કાળમાં પરિવર્તિત થવા માંડે, એકાંકીમાં જે કેવળ એ નટી-કેન્દ્રી ઘટના હતી એ દ્વિઅંકીમાં ત્રિપરિમાણી બનવા માંડે એ સમગ્ર પ્રક્રિયામાંથી પસાર થવાની એક તક લેખકે અહીં આપીને સાહિત્યમાં સ્વરૂપનો પણ કેવો આગવો મહિમા છે એ અનુભવવાની તક પૂરી પાડી છે.

રંગભૂમિકર્મ કરતાં કરતાં નટનટી પોતાના જીવનમાં સરી જાય અને પછી બંનેનાં સમાંતર નિરૂપણો થતાં જાય એ પ્રયુક્તિ હમણાં હમણાં આપણા નાટકમાં સારી એવી ખપમાં લેવાય છે. આને લીધે અભિનયની શક્યતાઓ વિસ્તરતી જતી હોય છે. પ્રસ્તુત રચનામાં મંદાનો અભિનય કરનાર શુભીના અંગત જીવનની સંવેદનાને અન્ડરટોન દ્વારા લેખકે પ્રકટ કરી છે. પત્ની પારુલ સાથે ઓગણત્રીસ દિવસ પસાર કરતા કંદર્પનો ત્રીસમો દિવસ મંદા માટે નિશ્ચિત છે. બંને ઘર માટે લેવામાં આવતી બે સરખી ખુરશીઓનો પ્રસંગ નાટ્યાત્મક તથા પ્રતીકાત્મક બન્યો છે. નાટકમાં દિગ્દર્શિકા ચિર પારુલની ભૂમિકા કરી લે છે, કેમ કે પારુલનું પાત્ર હજી કોઈને સોંપાયું નથી, વળી લેખકે નાટક પૂરું લખીને આપ્યું ન હોઈ આ પાત્ર પાસે દિગ્દર્શિકા કેટલુંક 'ઇમ્પ્રોવાઇઝ' કરાવી લે છે અને એમ મુક્ત નાટ્યાત્મકતાનો અવકાશ સાધી લે છે. વસ્તુના પાતળાપણાને અને સંવેદનની ગહેરાઈને આથી વૈવિધ્ય સાંપડે છે. આ ઇમ્પ્રોવાઇઝેશન દ્વારા આ પાત્રોનાં અંગત સંવેદનોને, ખાસ તો શુભીની અંગતતાને આવિસ્કૃત થવાનો અવકાશ મળે છે. નાટક, આમ છતાં એકપાત્રકેન્દ્રી જ રહ્યું છે.

નાટકમાં ભરપૂર મંચનક્ષમતા છે. મંચની એક તરફ મંદાનું અને બીજી તરફ પારુલનું ઘર દર્શાવાયું છે. તથા બંનેની વચ્ચે રિહર્સલની જગા દર્શાવવામાં આવી છે. આમ, નાટક ત્રણ સ્થળે ત્રણ જુદાં જુદાં પરિમાણો સાથે ભજવાઈ શકે એવી ક્ષમતા એમાં છે. ગેરેજ થીએટરે ગુજરાતમાં અને અન્ય પ્રાંતોમાં એના સફળતાપૂર્વક પ્રયોગ કર્યા છે અને એનું હિન્દી રૂપાંતર મધ્યપ્રદેશના વિભા મિશ્રા અને એમના સાથી કલાકારોએ મંચ ઉપર ભજવ્યું છે.

ત્રણેય પાત્રો એક જ સામાજિક સ્તરના હોઈ ઝાઝો ભાષાભેદ સર્જતાં નથી. પરંતુ ત્રણેયનાં ચરિત્રોને સંવાદબળથી લેખકે વિશિષ્ટ રીતે ઉપસાવ્યાં છે. જો કે નાટકનો પ્રયોગ આમ સમૂહને ઝાઝો આકર્ષે એવો નથી પણ 'દિવાને ખાસ'ને રુચે એવો છે. - **સતીશ વ્યાસ**

શબ્દકથા

ઊથલપાથલ

ગુજરાતી ભાષાનાં કેટલાક શબ્દો વિશિષ્ટ અર્થસૂચક છે. ઊથલપાથલ આમાંનો એક છે. તે જેટલો થડકાર ધરાવે છે તેટલો જ બળકટ અર્થ પણ વહે છે. આ શબ્દ રાજસ્થાનીમાં પણ વપરાતો હોવાનું પ્રસિદ્ધ રાજસ્થાની વિદ્વાન બદરીપ્રસાદ સાકરિયાએ નોંધ્યું છે. (જુવો 'રાજસ્થાની હિન્દી શબ્દકોશ' ભા. ૧. પૃ ૧૪૬), તેમણે તેનો અર્થ આ પ્રમાણે નોંધ્યો છે :

ઊથલપાથલ (ના.) = અવ્યવસ્થા, ઊલટું-સીધું રાજસ્થાની-હિન્દીમાં પ્રયોજાતા આ શબ્દ મૂળ દેશ્ય છે :

ઉત્થલ્લપત્થલ્લ - ઓત્થલ્લપત્થલ્લા - ઊથલપાથલ = બન્ને પડખે ફરવું, ઊંચું-નીચું થવું.

ઉદા. ભવઉત્તરણવરંડિ સંસ્મર સર્વત્તમ અન્યથા તવ નરકઉત્તિરિ વિડિમધ્યે ભવિષ્યતિ ઉત્થલ્લપત્થલ્લા.

(દેશીશબ્દસંગ્રહ પ્રથમ વર્ગ શ્લો. ૧૦૪)

- સંસારને પાર કરવાને વહાણ જેવા સર્વજ્ઞ ભગવાનનું સ્મરણ કર. નહિ કરે તો નર્કની ઊતરેડમાં ઉથલપાથલ થશે.

ઊથલપાથલનો આગળ નોંધેલ અર્થ જ પર્યાપ્ત નથી. એ તેનો માત્ર શાબ્દિક અર્થ છે. ખરેખર તો ઊથલપાથલ એટલે એ રીતે ઊંચું-નીચું કે ઊલટું-સવળું થઈ જવું કે જેમાંથી નીકળવાનો કોઈ માર્ગ-ઉપાય જ ન રહે. વળી, 'ઊ.પા.'માં ભય, દુઃખનો પણ ભાવ રહેલ છે.

આના પરથી 'ઊથલ' શબ્દ પ્રયોજાયેલ છે.

ઊથલ (પુ.) ઉથલાવવાની ક્રિયાનું એક માપ - ખેડૂત ખેતરમાં એક ચાસ કાઢે ત્યારે 'ઊથલ' વળ્યો એમ કહેવાય.

(સંક્ષિપ્ત ભગવત્ ગોમંડળ પૃ. ૧૨૩)

આ ઉપરાંત પશુઓમાં ગર્ભધારણ નિષ્ફળ જવાને 'ઊથલો મારવો' કહે છે. રોગ પણ 'ઊથલો' મારે છે. **હસમુખ વ્યાસ**


જાણીએ જોડણી

નિયમ ૨૪: ચાર કે તેથી વધારે અક્ષરના બનેલા તદ્ભવ શબ્દોમાં આદ્યાક્ષર ઇ/ઉ હોયતો તે હ્રસ્વ હોય છે.

દાખલા : ઇકોતેર, ઇજનેર, ઇડરિયો, ઇનરાજ, ઇનકાર, ઇલાયચી, કિનખાબ, ખિજવણી, ખિલવટ (-ણી), ખિસકોલી, ગિરમીટ, જિમખાનું, નિમણુક, નિસરણી, પિચકારી, મિજલસ, લિખિતંગ, વિનવણી, શિખામણ; ઇઝરાયેલ, ઇસબ(-પ)ગુલ, ગિરફતાર, પિપરમીટ; ઉકરડો, ઉઘરાણી, ઉજમ(-વ)ણી, ઉતાવળ, ઉથલાવ, ઉપણાવવું, ઉભડિયો, કુવેતર, ખુલદિલી, છુટકારો, જુનવાણી, પુરવઠો, પુરવણી, પુરવાર, કુલેવર, કુરસદ, બુઝરગ, બુડથલ, બુમરાણ, મુકરર, મુતરડી, મુલતવી, મુલવણી, મુશાયરો, રુશવત, સુકવણી, સુતરાઉ, સુતરિયા, સુક્રિયાણું, સુસવાટો; ઉર્જાળયાત, ઉછળામણી, ઉટકામણ, ઉતરામણ, ઉપરામણી, ખુનામરકી, ઘુઘરિયાળું, ચિતરામણ, ઉપરવાસિયો, ભુલભુલામણી વગેરે.

વિકલ્પ : ગુજરાત-ગૂજરાત.

(અનુસંધાન પાન ૪૪૧ ઉપર)



પ્રભુ, જીવન દે ! હજી જીવન દે !
વિપદો નિતનિત્ય નવીન નડે,
ડગલું ભરતાં કુહરે જ પડે,
કંઈ ગુમ ભયો મહીંથી ઊઘડે,
વનકંટકથી તન રક્ત ઝરે,
પણ તો ય ન અશ્રુ કદાપિ ખરે,
દગ, એ પડીને ફરીથી ઊપડે,
પગ, એટલું હે પ્રભુ જીવન દે !

'શેષ'

ભારતીય કંઠ્યસંગીતના દિગ્ગજ મલ્લિકાર્જુનની વિદાય

પ્રફુલ્લ રાવલ

"I have never let my thought and action deviate from my music' ('મેં મારા વિચાર કે આચારને મારા સંગીતથી અન્ય કોઈ બાજુ કદી વળવા દીધા નથી') એવું કહેનાર હિન્દુસ્તાની કંઠ્યસંગીતના વિચક્ષણ ગાયક પંડિત મલ્લિકાર્જુન મન્સૂરનું ગઈ ૧૨ સપ્ટેમ્બર ૧૯૯૨ના દિવસે ૮૨ વર્ષની પાકટ વયે ધારવાડ ખાતે નિધન થતાં સંગીતક્ષેત્રે એક દિગ્ગજે વિદાય લીધી છે. મન્સૂરની સંગીતસાધના કર્ણાટક, ગ્વાલિયર અને અત્રૌલી - જયપુર, ઘરાના સાથે સંબંધિત હતી. પંડિત મલ્લિકાર્જુને લગભગ ૫૦ વર્ષ સુધી સંગીતની સાધના કરી. એ સાથે પોતાના ઘરાનાને જીવંત રાખવા શિષ્યોની એક પરંપરા પણ ઊભી કરી હતી. છેલ્લા વર્ષ દરમિયાન એમનું સ્વાસ્થ્ય બગડ્યું હતું. બેંગલોરમાં સારવાર લીધી હતી અને પુન: સંગીત તરફ એમણે મનને વાળ્યું હતું. છતાંય શરીર ક્રમશ: વ્યાધિમાં સપડાતું ગયું. ફેફસાંમાં દુ:ખાવો થતો હતો. કેન્સરનો પણ આરંભ થઈ ચૂક્યો હતો.

મલ્લિકાર્જુનનો જન્મ ઈ. ૧૯૧૦માં ૩૧ ડિસેમ્બરના રોજ કર્ણાટક રાજ્યના ધારવાડ જિલ્લાના મન્સૂર ગામે થયો હતો. આ ગામનામ આગળ જતાં એમની અટક બની ગયું. માત્ર દસ વર્ષની નાજુક વયે પાંચ વર્ષની કન્યા સાથે એમના લગ્ન થયાં હતાં. કુટુંબમાં ક્યાંય સંગીત નહોતું. પિતાને સંગીતમય નાટકમાં રસ હતો. આથી આઠ વર્ષની વયે એમણે નાટકમાં ભાગ લીધો હતો. શાળા છોડીને મલ્લિકાર્જુન કન્નડ નાટકમાં જોડાયા. એમના મોટાભાઈ બસવરાજ સારા નાટ્યકળાકાર હતા. એમની કંપનીનાં નાટકોમાં એમણે વિવિધ પાઠો ભજવ્યા. કન્નડની પૌરાણિક કથા પર આધારિત નાટકોમાં એમણે સારી એવી કીર્તિ નાનપણમાં જ રળી લીધી હતી. કર્ણાટક સંગીતનું શિક્ષણ આ નાટ્યપ્રવૃત્તિ દરમિયાન જ મેળવવાનો એમને મોકો મળ્યો હતો. જે કંપનીમાં એ કલાકાર હતા એ જ કંપનીમાં અપ્પય્યા સ્વામી પણ હતા. એમની પાસેથી કર્ણાટકી સંગીત શીખવાનો લાભ મળ્યો. પછી મલ્લિકાર્જુને કંપની બદલી. ફરતી ફરતી આ કંપની બાગલકોટ પહોંચી ત્યારે ગ્વાલિયર ઘરાનાના અતુર મઠના નીલકંઠ બુવાને સાંભળવાની તક મળી. હિંદુસ્તાની સંગીતના ખ્યાતનામ સંગીતકાર બાલકૃષ્ણબુવા ચિલકરંજીકરના એ શિષ્ય હતા.

નીલકંઠબુવાએ મલ્લિકાર્જુનને પણ સાંભળ્યા. મલ્લિકાર્જુનની વિનંતીથી નીલકંઠબુવાએ એમને શિષ્ય તરીકે સ્વીકાર્યા. કંપનીએ મલ્લિકાર્જુનને શીખવવા માટે નીલકંઠબુવાને સો રૂપિયા માસિક મહેનતાણું આપવાનું પણ સ્વીકાર્યું. નાટક કંપની તો તરત સ્થળાંતર કરતી રહેતી. આમ જ અત્રૌલી-જયપુર ઘરાનાના સ્થાપક અલ્લાદિયાખાનને મિરાજમાં મલ્લિકાર્જુને સાંભળ્યા. એમના સંગીતથી મલ્લિકાર્જુન એટલા બધા મંત્રમુગ્ધ થયા કે એમની પાસે સંગીત શીખવાનું મલ્લિકાર્જુનને ઘેલું લાગ્યું. નીલકંઠબુવાને છોડીને મલ્લિકાર્જુન મુંબઈ પહોંચી ગયા. મહાનગર મુંબઈમાં રખડતાંરખડતાં મરાઠી રંગભૂમિ અને ફિલ્મના અદાકાર વિષ્ણુપંતનો પરિચય થયો. આ વિષ્ણુપંતના નિકટના મિત્ર હતા ઉસ્તાદ મનજીખાન. આ મનજીખાન અલ્લાદિયાખાનના પુત્ર અને શિષ્ય હતા. એ વખતે મલ્લિકાર્જુનની પહેલી ગ્રામોફોન રેકર્ડ પણ બહાર આવી ગઈ હતી અને વિષ્ણુપંતે એ સાંભળી પણ હતી. મુનજીખાને મલ્લિકાર્જુનની શક્તિ પ્રમાણી અને શિષ્ય તરીકે એમનો સ્વીકાર કર્યો. પરન્તુ એકાએક બે જ વર્ષમાં મનજીખાન મૃત્યુ પામ્યા. પછી એમના નાના ભાઈ ઉસ્તાદ ભુરજીખાન પાસે બાકીનું સંગીતશિક્ષણ લીધું. એઓ મલ્લિકાર્જુનને પોતાની સાથે બધે જ લઈ જતા. આથી સારો એવો અનુભવ પ્રાપ્ત થયો. આમ, મલ્લિકાર્જુન અત્રૌલી-જયપુર ઘરાનાના તરીકે સુવિખ્યાત થયા. કર્ણાટકી પદ્ધતિ અને હિંદુસ્તાની સંગીતના પ્રભાવવાળી મલ્લિકાર્જુનની ગાયકીનું આગવું રૂપ હતું. ત્રણેય સપ્તકમાં એમનો સૂર ઘૂમતો. આરંભમાં જ તેઓ શ્રોતાઓને પ્રભાવિત કરી દેતા. સમ પર આવવાની એમની આગવી જ રીત હતી. પણ સાઠ વર્ષ સુધી તો તેઓ પ્રસિદ્ધથી લગભગ દૂર જ ભાગતા. મુંબઈ જવાનું પણ ઓછું કર્યું હતું. ઑલ ઈન્ડિયા રેડિયો (AIR) પર સંગીત માર્ગદર્શક તરીકે દસ વર્ષ લગી સેવા આપી. ધારવાડમાં સમય પસાર કર્યો. ૧૯૬૯ સુધી તો મુંબઈનો નાતો પણ ઓછો રાખ્યો નહોતો. ઠુમરી અને ગઝલના ગાયક કમલસિંહે સંગીત મહેફિલનું આયોજન કર્યું તેમાં મલ્લિકાર્જુન ૧૯૬૯ના માર્ચમાં ગાવા આવ્યા અને ત્યારબાદ એમની પ્રવૃત્તિ સતત જાગ્રત રહી. મુંબઈ



અવારનવાર આવવાનું થતું હતું અને મલ્લિકાર્જુન ભારતવ્યાપી પ્રતિભા રૂપે પ્રકાશિત થયા. માન-સમ્માન, પારિતોષિકો, એવોર્ડ્ઝનો પ્રવાહ ચાલ્યો. એમની પ્રતિભા પુરસ્કૃત થવા માંડી. ૧૯૭૦માં પદ્મશ્રીનો એવોર્ડ મળ્યો. પુન: ૧૯૭૬માં પદ્મભૂષણ બન્યા. ૧૯૭૫માં કર્ણાટક યુનિવર્સિટીએ ડીલિટની માનદ્ પદવીથી એમને નવાજ્યા. મધ્ય પ્રદેશનું અતિ ગણનાપાત્ર 'કાલિદાસ સમ્માન' પણ ૧૯૮૧માં ઉપલબ્ધ થયું. કર્ણાટક રાજ્યની વિધાનસભામાં સભ્ય તરીકે નિમાયા. સંગીત અકાદમીના વિવિધ એવોર્ડ પણ પ્રાપ્ત કર્યા. કર્ણાટક યુનિવર્સિટીના ડીન તરીકે પણ રહ્યા. ૧૯૯૨માં અર્થાત્ આ વર્ષે 'પદ્મ વિભૂષણ' બનાવીને એમની સંગીત સાધનાનું કેન્દ્ર સરકારે બહુમાન કર્યું. સંગીત જ એમનું જીવન હતું, એમની જીવનપદ્ધતિ હતી. ધારવાડના એમના નિવાસે સવારે જ્યારે એ ફુલ ચૂંટતા હોય ત્યારે પણ એ ગાતા જ જોવા મળતા. મલ્લિકાર્જુન પરમ શિવભક્ત હતા. એમની પૂજા પણ સંગીતમય હતી. એ ધાર્મિક હતા અને પોતાના ગુરુઓ પ્રત્યે અપાર આદર રાખતા. કર્ણાટકના ત્રણ સંતો - શિવ બસવ સ્વામી, સિધ્ધરુદ્ર સ્વામી અને મૃત્યુંજય સ્વામી પ્રત્યેની એમની શ્રદ્ધા અવિચળ હતી. પોતાના મકાનનું નામ 'મૃત્યુંજય' પણ એ સ્વામી પ્રત્યેના આદરથી જ રાખેલું.

અનેક રાગોના જનક, શાસ્ત્રીય સંગીતના આરાધક મલ્લિકાર્જુન ભારતીય સંગીતના ઈતિહાસના એક પ્રકરણ સમા હતા, એક જીવંત ઘટના સમા હતા. એ પ્રકરણ એ ઘટના ૧૨ સપ્ટેમ્બરે ૧૯૯૨ના રોજ પૂરી થઈ. ☐

કેનોપનિષદ

ब्रह्म ह देवेभ्यो विजिग्ये, तस्य ह ब्रह्मणो विजये देवा अमहीयन्त ।
त ऐक्षन्तास्माकमेवायं विजयोऽस्माकमेवायं महिमेति ॥१॥
तद्धैषां विजज्ञौ तेभ्यो ह प्रादुर्बभूव तन्न व्यजानत किमिदं यक्षमिति ॥२॥
तेऽग्निमब्रुवन् जातवेद एतद् विजानीहि किमेतद् यक्षमिति तथेति ॥३॥
तद्भ्यद्रवत् तमभ्यवदत् कोऽसीति अग्निर्वा अहमस्मीत्यब्रवीज्जातवेदा वा अहमस्मीति ॥४॥

તૃતીય ખણ્ડ

દેવાર્થે બ્રહ્મની જીત. ખરે તે બ્રહ્મને જય
ગૌરવાન્વિત સૌ દેવો થયા, એવું રહ્યા લહી
અમારો જય આ કેવો, અમારો મહિમા કશો ! ૧
ત્હેમનો ભાવ આ જાણી બ્રહ્મ પ્રત્યક્ષ ત્યાં થયા,
ઓળખ્યા એમને ના, ને શોચે, છે યક્ષ કોણ આ ? ૨
કહે તે અગ્નિને જાઓ, જાતવેદ જુઓ, ખરે
કોણ આ યક્ષ છે આંહીં ? તથાસ્તુ કહ્યું અગ્નિએ. ૩
આવતો દોડતો એને સમીપે જોઈ પૂછતાં
બ્રહ્મ : છો કોણ ?
- હું અગ્નિ, કહે એ, જાતવેદ હું. ૪

રાજેન્દ્ર શાહ

ગ્રંથિકોદક

ગ્રંથિક એટલે પીપરીમૂલ અથવા ગંઠોડાં. શરીરમાં આમરસનું પાચન કરી અગ્નિનું બલ વધારનાર ઔષધ દ્રવ્ય તરીકે તેનું આગવું મહત્ત્વ છે. ગ્રંથિકોદક એટલે આ ગંઠોડાનું એક પેય.

એક નાની ચમચી જેટલું ગંઠોડાનું ચૂર્ણ લઈ તેને અર્ધા કપ જેટલા પાણીમાં સારી પેઠે ભેળવવું. બીજું અર્ધા કપ જેટલું અલગ પાણી લઈ તેને ગરમ કરવું, અને એ ગરમ થયે તેમાં પેલું ગંઠોડાંવાળું પાણી નાખી એક ઉભરો આવતા સુધી તેને ગરમ કરવું. આ સાથે તેમાં પ્રમાણસર ગૉળ તથા ચપટી મીઠું પણ નાખવું. ઉભરો આવે ત્યારે તેને અગ્નિ પરથી ઉતારી લઈ તેમાં અધું લીંબુ નીચોવવું. આ થયું ગ્રંથિકોદક.

શરીરમાં વાયુનો પ્રકોપ, વાના રોગ, દુ:ખાવો, અગ્નિની મંદતા, શરીર ભારેપણું, અનિદ્રા, અપચન વગેરે અવસ્થાઓમાં આ પીણું ઉપયોગી છે.

લો બ્લડ પ્રેશર વાળી વ્યક્તિને વારંવાર અચાનક શરીરમાં શિથિલતા વ્યાપી જાય. અશક્તિ વરતાય, માથું ભમે, પગની પીંડીમાં દુખાવો લાગે વગેરે જેવી સ્થિતિમાં આ ગ્રંથિકોદકથી તરત રાહત થઈ સ્ફૂર્તિ જણાશે.

અજીર્ણ હોય, પિત્તની અધિકતા હોય કે ક્ષીણતા હોય તો આ ગરમ પીણામાં એક ચમચી ઘી નાખીને પીવું સલાહભર્યું છે. સંધ્યાકાળ બાદ પીવાનું થાય તો તેમાં લીંબુનો ઉપયોગ કરવો નહિ.

આ સ્વાદિષ્ટ પીણું આબાલવૃધ્ધ સૌને માટે ગુણકારી છે.

વૈદ્ય અરુણ પંડ્યા

વિટામીનથી ભરપૂર સ્પાયરુલિના શેવાળ

સ્પાયરુલિના શેવાળનો ખોરાક તરીકે ઉપયોગ કરી શકાય છે અને તેનું ઉત્પાદન પણ ઘણી ઝડપથી થઈ શકે છે. સ્પાયરુલિના શેવાળમાં પ્રોટીનનું પ્રમાણ સૌથી વિશેષ છે. ઉપરાંત આ પ્રોટીન પાચનમાં સરળ પ્રોટીન છે. હવે વિજ્ઞાનીઓએ આ શેવાળમાંથી વિટામિન 'એ' શરીરને મળતું હોવાની વાત કરી છે. પહેલાં માત્ર ખાતર તરીકે ઉપયોગમાં લેવામાં આવતી આ શેવાળ હવે ખાદ્ય પદાર્થનું સ્થાન લઈ રહી છે. એક ગ્રામ સ્પાયરુલિના શેવાળના સૂકા લોટમાં ત્રણથી ચાર મિલિગ્રામ જેટલું કેરોટીન હોય છે. કેરોટીનનું આંતરડામાં શોષણ થાય ત્યારે તે વિટામિન 'એ' માં ફેરવાય છે.

વિટામિન 'એ' સામાન્ય રીતે પ્રાણીજ ખોરાકમાંથી તથા લીલાં પાંદડાંવાળાં શાકભાજીમાંથી મળતું હોય છે, પણ તે લાંબો સમય જાળવી શકાતાં નથી, જ્યારે સ્પાયરુલિનાને સૂકવીને ભરી રાખી હોય તો ઓરડામાં સામાન્ય સ્થિતિમાં પંદર દિવસ સુધી રાખી શકાય છે, જ્યારે રેફ્રિજરેટરમાં એક મહિના સુધી તેમાં વિટામિન 'એ'નો મૂળભૂત પદાર્થ જળવાઈ રહે છે. આ ઉપરાંત સ્પાયરુલિના શેવાળમાં વિટામિન B-12 પણ છે. વનસ્પતિ ખાદ્ય પદાર્થોમાં માત્ર સ્પાયરુલિનામાં જ આ વિટામિન હોય છે. સૂકી શેવાળમાં પ્રોટીનનું પ્રમાણ ૬૦ થી ૭૦ % જેટલું હોય છે. પ્રોટીનથી ભરપૂર શેવાળની પાપડી-બિસ્કિટનો મધ્યાહ્ન ભોજન તરીકે ઉપયોગ કરવા અંગે તામિલનાડુની સરકાર વિચારણા કરી રહી છે. ('ગુજરાત'માંથી)

કિશોર પંડ્યા

સરોવર, તરુવર, સંતજન, ચોથા વરસે મેહ,
પરમારથ કે કારણે ચારોં ધારી દેહ.

કબીર

બે વસ્તુ નબળાઈની નિશાની છે :
બોલવું ઉચિત હોય ત્યારે મૂગા રહેવું
અને મૌન ઉચિત હોય ત્યારે બોલવું

એક ફારસી કહેવત

અમેરિકાના વર્ષો સુધી પ્રમુખ રહેલા રૂઝવેલ્ટનો પડછંદ દેહ ચાળીસ વર્ષની ઉંમરે આફતગ્રસ્ત બન્યો. લકવાના હુમલાથી બન્ને પગ જુઠ્ઠા પડી ગયા. હવે એ ભરયુવાન વયે જીવન જાણે નકામું બની ગયું ! એમનાં માતાએ એમને પોતાના વતનમાં જઈ શેષ જીવન શાંતિથી ગાળવા કહ્યું, કારણ કે કોઈ પ્રવૃત્તિ થઈ શકે તેમ હતી જ નહિ. પણ રૂઝવેલ્ટ નાહિમ્મત થયા નહિ. એમણે લાકડાની કાખઘોડી અને વ્હીલચેરના સહારે પ્રવૃત્તિઓ શરૂ કરી, અને પોતાના દૃઢ મનોબળથી એકવાર એ અમેરિકાના પ્રમુખ બનીને રહ્યા !

¤

જાણો છો આપણા રાષ્ટ્રિય ચિહ્ન પર 'સત્યમેવ જયતે' લખેલું હોય છે તે 'મુણ્ડકોપનિષદ'માંથી પસંદ કરાયું છે ?

¤

૧૯૯૧માં તાઈપેઈ (તાઈવાન) નગરમાં ૧૮૩૮૫ નગરજનોએ શહેરની શેરીઓ અને કચરાપેટીઓની સ્વચ્છતા માટે શ્રમદાન કર્યું હતું.

¤

જાણો છો ગીઉસેપિ વર્ડીએ રચેલું સંગીતનાટક (ઑપેરા) 'એઈડા' સુએઝ નહેરના ઉદ્‌ઘાટનના માનમાં કમ્પોઝ કરાયું હતું ?

¤

ભારતમાં સૌથી મોટો દ્વીપસમૂહ બંગાળના ઉપસાગરમાં આંદામાન ટાપુઓનો છે. એના ૩૨૪ ટાપુઓમાંથી ૨૦૪ને નામ અપાયેલાં છે અને ૨૦ ટાપુઓ ઉપર જ વસતિ છે. નિકોબાર સમૂહમાં ૨૨ નાના ટાપુઓ છે, જેમાંથી ૧૩ ઉપર વસતિ છે. પશ્ચિમે લક્ષદ્વીપમાં ૩૬ ટાપુઓ છે.

¤

મુંબઈમાં જોએલા વિદેશી સર્કસ પરથી પ્રેરાઈને કોલ્હાપુરના કુરુંદવાડના રાજાની ઘોડારના રખેવાળ વિનાયક છત્રેએ ઈ. ૧૮૮૧માં 'છત્રે સર્કસ' નામે ભારતમાં પહેલું સર્કસ ઊભું કરેલું. કેટલાંક પ્રાણીઓ આપવા સાથે રાજાએ એને આર્થિક સહાય પણ કરી હતી. આગળ જતાં આર. દામોદરને સ્થાપેલું કમલ થ્રી રિંગ સર્કસ એક મોટામાં મોટું સર્કસ ગણાયું છે. આ અને જેમિની, ગ્રેટરેમન, ઓરિએન્ટ અને અમર સર્કસ જેવાં દેશનાં બહુ જાણીતાં સર્કસ ઉત્તર કેરાલાના તેલીચેરી ગામમાંથી ઊભાં થયાં છે. આપણા દેશની મોટા ભાગની સર્કસ કંપનીઓ તથા તેના કલાકારો આ ગામમાંથી જ આવેલાં છે.

¤

અમેરિકાના જીવવિજ્ઞાનશાસ્ત્રી ટૉમસ ફ્લેન્ડર્નનું માનવું છે કે પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ અત્યંત અલ્પ માત્રામાં ઉત્તરોત્તર ઘટતું જાય છે. આથી માણસના શરીરના વજનમાં પણ પ્રમાણમાં ઘટાડો થતો જાય છે, પરન્તુ તે દર વર્ષે એક ગ્રામના દસ લાખમા ભાગનો.

¤

કહેવતનો અર્થ : 'આપકી સો લાપસી, પરાયી સો કુસકી' - પોતાનું તેટલું સારું એવી અભિમાન ગ્રંથિ સાથેસાથે બીજા બધાની એટલે કે પારકાની એ જ વસ્તુ ઊતરતી કે ખરાબ એવા તિરસ્કારભાવની સૂચક કહેવત. લાપસી અને કુસકીનો અહીં ભેદભાવ દર્શાવવા સચોટ ઉપયોગ થયો છે તે જોઈ શકાશે. આવી જ બીજી કહેવતો નોંધો : 'છગનમગન મારા સોનાનાં, પડોશીનાં પિત્તળનાં, ગામનાં છોકરાં ગારાનાં', 'બીજાને ઘેર રાંડ-ભાંડ ને મારે ઘેર સતી.'

¤

જાણીતા વ્યંગકાર અને નાટ્યકાર બર્નાર્ડ શૉ એક વાર થીએટરમાં ગયા ત્યારે દરવાન તેમને ઓળખી ગયો. આથી તેમની શ્લેષબુદ્ધિનો લાભ લેવાના ઇરાદાથી વિનોદમાં બોલ્યો, 'તમે એક પન (Pun) કહો તો દરવાજો ખોલું.'

બર્નાર્ડ શૉએ જવાબ આપ્યો : 'ઓપન (open).

¤

ઇટાલીમાં સીમોનેટાના મહાલયની રચના એવી છે કે તેમાં એક વાર કરેલા ધ્વનિનો પડઘો ૩૧ વાર સંભળાય છે.

¤

જગતમાં સૌથી પહોળો માર્ગ દક્ષિણ અમેરિકામાં બ્યૂએનો આયર્સમાં આવેલો છે. તેની પહોળાઈ ૬૦૦ ફુટની છે.

¤

કલાકણિકા : ભારતીય સંસ્કૃતિમાં દીપકને 'મર્ત્યેષુ અમૃતં' ગણી તેનું મોટું માહાત્મ્ય મનાયું છે, અને એથી એનાં અનેકવિધ કલામય સ્વરૂપો ઘડાયાં છે. અહીં ગજ-આરૂઢ સ્ત્રીપાત્ર - કદાચ ઇન્દ્રાણી અથવા લક્ષ્મીના પ્રતિમાઅંકન સાથેની બંગાળની એક કાંસ્ય દીપિકા દર્શાવી છે.



થોડી વસ્તુઓથી સંતુષ્ટ રહેવું, વૈભવને બદલે સુંદરતા અને ફેશનને બદલે સુઘડતા પસંદ કરવી; સંમાનનીય થવા કરતાં - સંમાનને ઝંખવાને બદલે - (માનને) યોગ્ય અને પાત્ર બનવું, અને સંપત્તિવાન નહિ પણ સમૃદ્ધ બનવું; સખત પરિશ્રમ (ઊંડો અભ્યાસ) કરવો, શાન્ત ચિત્તે વિચાર કરવો, મૃદુ રીતે વાત કરવી, નિખાલસપણે વર્તવું; તારાઓ, પંખીઓ, બાળકો અને સાધુજનોનાં હૃદયગાન ખુલ્લા દિલથી સાંભળવાં; બધું આનંદથી ખમી લેવું, હિંમતથી કરવું; અવસરની રાહ જોવી. ઉતાવળ કદી કરવી નહિ; - ટૂંકમાં સામાન્યતામાં અણકથી અને અભાનપણે રહેલી આધ્યાત્મિકતાને પ્રકટવા દેવી; - આ મારી સંવાદગીતિ (જીવનભાવના) છે.

વિલિયમ હેન્રી ચેનિંગ